


વર્ષ : ૬૧ ■ અંક : ૨ ■ તા.૧૬-૧-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

# મહામારી ઉપર મહાવિજયનો શંખનાદ...



# શહેરોથી આધુનિક શહેરો સુધીની વિકાસયાત્રા



## ઇઝ ઓફ લિવિંગ તરફ આગળ વધીને ગુજરાતનાં શહેરોને સ્વચ્છ, સુરક્ષિત અને સુવિધાજનક બનાવાયાં



### શહેરોની ઝડપ ધીમી ના પડે તે માટે રોડ રસ્તાઓનું નિર્માણ

- છેલ્લાં 5 વર્ષમાં શહેરી વિસ્તારમાં રૂ. 6295.77 કરોડના ખર્ચે 9065.41 કિ.મિ. રોડનું નિર્માણ કરવામાં આવ્યું.
- છેલ્લાં 5 વર્ષમાં મહાનગરપાલિકાઓમાં 36 અને નગરપાલિકાઓમાં 45 બ્રિજ અને ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું
- ફાટક મુક્ત ગુજરાત: છેલ્લાં 5 વર્ષમાં શહેરી વિસ્તારમાં રૂ. 508.4 કરોડના ખર્ચે 31 રેલવે ફાટક દૂર કરીને ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવ્યાં



### ગુજરાતમાં બનશે હવે દુબઇ, સિંગાપોર જેવી ઊંચી ઇમારતો

- રાજ્ય સરકારે 5 મહાનગરોમાં 70 માળની બિલ્ડિંગ બાંધવાની પરમિશન આપી
- છેલ્લાં 5 વર્ષમાં શહેરી વિસ્તારમાં 139 પાર્ક બનાવવામાં આવ્યાં
- સરકારી સુવિધાઓ સરળતાથી મળે તે હેતુથી જનસેવા કેન્દ્રો કાર્યરત
- શહેરોમાં નવા અને આધુનિક બસ ડેપોનું નિર્માણ કરવામાં આવ્યું




### શહેરોમાં વૈશ્વિક કક્ષાનું હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરાયું

- દેશની પ્રથમ અત્યાધુનિક સૌથી મોટી હૃદય રોગની યુ.એન. મહેતા હોસ્પિટલ અમદાવાદમાં કાર્યરત
- અમદાવાદમાં 1300 બેડની S V P હોસ્પિટલ બનાવી
- રાજકોટમાં એઈમ્સનું ખાતમુહૂર્ત કરાયું
- છેલ્લાં 5 વર્ષમાં શહેરી વિસ્તારમાં પ્રાથમિક આરોગ્યલક્ષી સારવાર માટે 120 અર્બન હેલ્થ કેર સેન્ટર કાર્યરત

### વિકસતાં શહેરોના સુઆયોજિત વિકાસ માટે છેલ્લાં 4 વર્ષમાં 311 TP અને 40 DP સ્કીમોને આપી મંજૂરી

- ગુજરાતના નગરો - મહાનગરોના નવતર આયોજનના પ્રોજેક્ટસમાં આવી અભૂતપૂર્વ ગતિ
- ODPS દ્વારા બાંધકામની તમામ પરમિશન હવે ઓનલાઇન, કચેરીઓના ધક્કા બંધ થયા અને પારદર્શકતા આવી
- છેલ્લાં 4 વર્ષમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લગભગ 5 લાખથી વધુ આવાસોનું નિર્માણ

### નવાં અને અતિ આધુનિક વૈશ્વિક કક્ષાનાં શહેરોનું નિર્માણ થઇ રહ્યું છે

- ગાંધીનગર જોડે બની રહી છે ગિફ્ટ સિટી, રાજ્યનાં 6 શહેરો બની રહ્યાં છે સ્માર્ટ સિટી
- સ્માર્ટ સિટીઝ એવોર્ડ પ્રતિયોગિતામાં ગુજરાતને 13 એવોર્ડ મળ્યા
- સેફ એન્ડ સિક્યોર ગુજરાત યોજના હેઠળ: તમામ શહેરોને સીસીટીવી કેમેરા નેટવર્કથી આવરી લેવાયા
- રી-યુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર: ભૂગર્ભ ગટરના પાણી રિસાઇકલ કરી તેનો ઉપયોગ ઉદ્યોગો, બાગ-બગીચા તેમજ બાંધકામ ક્ષેત્રે થઇ શકે તે માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાઉન્ટ કાર્યરત

### સ્વચ્છતાની બાબતમાં ગુજરાતનાં શહેરો અગ્રેસર

સ્વચ્છતા સર્વેક્ષણ વર્ષ ૨૦૨૦માં દેશના ટોપ-૧૦ સ્વચ્છ શહેરોમાં ગુજરાતના ૪ શહેર

સુરત શહેર ભારતનું બીજા નંબરનું સૌથી સ્વચ્છ શહેર

શહેરોમાં ડોર-ટુ-ડોર કચરાના નિકાલની વ્યવસ્થા



Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ▪ Issue : 2 ▪ Date 16-1-2021

**તંત્રી** : અશોક કાલરીયા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લીંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**48 + 4 Cover = Total 52 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.net**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- ગુજરાત આજે સમગ્ર ભારતનું રોલ મોડલ બનવા સાથે વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે.
- કોરોના મહામારી વચ્ચે પણ રાજયની વણથંભી વિકાસયાત્રા અવિરત ચાલુ રહી છે.
- ગુજરાતને પાણીદાર બનાવી વીજ સરપ્લસ સ્ટેટ સાથે વોટર સરપ્લસ સ્ટેટ બનવા તરફ આપણે આગળ વધી રહ્યા છીએ
- રાજયના છેવાડાના વિસ્તારો અને ઘર-ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય ઉપાડયું છે
- ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની જેમ ઇઝ ઓફ લિવિંગ દ્વારા લોકોના જીવનધોરણમાં બદલાવ આવે તેની પણ સરકારે ચિંતા કરી છે
- ખેડૂત સુખી, તો ગામડું સુખી અને ગામડું સુખી તો રાજ્ય તથા દેશ સુખી.
- કિસાન સૂર્યોદય યોજનાથી ગુણવત્તાયુક્ત વીજપુરવઠો મળી રહેશે, તબક્કાવાર રાજયના ૩૩ જિલ્લાઓમાં આ યોજના લાગુ કરવામાં આવશે.
- જયોતિગ્રામ યોજના પછીની સૌથી મોટી ઐતિહાસિક યોજના એટલે કિસાન સૂર્યોદય યોજના "દિવસે કામ અને રાત્રે વિશ્રામ".
- ડિજિટલ સેવાસેતુ પછી રાજ્યના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં વિવિધ સરકારી સેવાઓ ઘરેબેઠાં મળે છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)








**6 કવર સ્ટોરી**
મહામારી ઉપર મહાવિજયનો શંખનાદ...
વિશ્વનું સૌથી મોટું કોરોના રસીકરણ અભિયાન

**12 કૃષિ ક્રાંતિ**
ખેડૂતોના માથે 'વિકાસ તિલક': કિસાન સૂર્યોદય યોજના

**15 ગૌરવ**

**16 જળક્રાંતિ**
સુરતને સિંચાઈ અને પાટણને પીવાનું શુદ્ધ પાણી મળશે

**20 વિશેષ**

**વિકાસગાથા**
22 એક સાથે આઠ વિકાસ પ્રકલ્પોની ભેટ મળતાં આણંદમાં આનંદ
23 દાહોદમાં રૂ. ૧૫૦૦ કરોડનાં વિકાસકામોની વર્ષા
24 રાજકોટને મળી રૂ.૧૩૧ કરોડનાં વિકાસકામોની સોગાદ
25 ખેડા જિલ્લામાં જનસુવિધા અને સુખાકારીના વિકાસકામો

**26 સવલત**
એસ.ટી.માં નવી ૧ હજાર બસની ખરીદીને લીલી ઝંડી

**ડિજિટલ ક્રાંતિ**
28 ડિજિટલ સેવાસેતુથી ૨૮ લાખ નાગરિકોની અરજીઓનો નિકાલ
29 મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતની ડિજિટલ ક્રાંતિ...

**30 આસપાસ**

**34 જાણકારી**
હોટલ મેનેજમેન્ટમાં કારકિર્દી બનાવવા માટે શ્રેષ્ઠ સંસ્થા : SIHM
- જેનુ દેવન

**35 આવકાર**
ધો.૧૦ અને ૧૨ તથા કોલેજમાં પ્રત્યક્ષ શિક્ષણનો પ્રારંભ

**36 સમાચાર વિશેષ**

**39 પરિવર્તન**
કચ્છને પાણીદાર બનાવવાનો જળ "યજ્ઞ" - આર ડી. કમ્બોજ

**40 જનસુખાકારી**
દ્વારકામાં પ્રવાસન-શિક્ષણ-આરોગ્યનાં વિકાસકામોની ત્રિવેણી

**42 સંવેદના**
પક્ષીઓ પ્રત્યેની સંવેદના : કરૂણા અભિયાન

**43 નિર્ણય**

**46 પોલિસી**
નવી પ્રવાસન નીતિ ૨૦૨૧-૨૫ જાહેર

**48 સાફલ્યગાથા**
સ્વજનનાં અંગદાનથી અન્યને જીવનદાન આપતા રેખાબેન
- અમિતસિંહ ચૌહાણ

**49 કોરોના વોરિયર્સ**
કોવિડ સામે સિવિલના ૧૭૨૫ કોરોના યોદ્ધાઓ... - હિમાંશુ ઉપાધ્યાય







**50 આદરાંજલિ**
અરવલ્લીનું અનોખું ગામ મહાદેવગ્રામ - હરીશ પરમાર






## ઉજ્જવળ આશા...

નવા વર્ષના સૂરજનાં સોનેરી કિરણો એક સકારાત્મક સમાચાર લઈને આવ્યાં છે. વિશ્વના અનેક દેશો કોરોના વેક્સિન માટે ભારત તરફ નજર માંડીને બેઠા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વેક્સિનેશનની પ્રક્રિયાનો સુદૃઢ પ્રારંભ કરી દેશ અને દુનિયાને રાહતના સમાચાર આપ્યા છે. ગુજરાત સરકાર તેની સાડા છ કરોડ ઉપરાંતની જનતાને વેક્સિન આપવા માટે સંપૂર્ણ રીતે સજ્જ બન્યું છે. રાજ્યમાં કોરોનાની રસીનું આગમન થતાં કોરાના સામેનો વિજય હવે હાથવેંતમાં હોઇ છેલ્લા કેટલાક મહિનાઓથી રાહ જોઇ રહેલા લોકોને શાતા વળી છે.

નિર્ણાયક મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના નક્કર આયોજન દ્વારા ગુજરાતમાં તારીખ 16 જાન્યુઆરી 2021થી આરંભાયેલા પ્રથમ તબક્કાના રસીકરણ કાર્યક્રમમાં 25 હજાર વેક્સિન કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યાં છે. રાજ્યના 4.33 લાખ સરકારી અને ખાનગી તબીબો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ, સફાઇકર્મીઓને પ્રથમ તબક્કામાં રસીકરણ કાર્યક્રમમાં આવરી લેવાયા છે.

કોરોનાકાળમાં પણ વિકાસનાં બધા ક્ષેત્રોને આવરી લઇ સમાજના સર્વે વર્ગોને સુશાસનની અનુભૂતિ થાય અને તેમના સુધી વિકાસના સુફળ પહોંચે તેની તકેદારી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સુપેરે રાખી છે. રાજ્યના કિસાનોને દિવસે વીજળી મળે તે માટે કિસાન સૂર્યોદય યોજનાના નક્કર અમલની વાત હોય, વનબંધુઓના ખેતર અને ઘર સુધી પાણી પહોંચાડવાની વાત હોય કે પછી જનહિતલક્ષી વિકાસકાર્યોની વાત હોય, ગુજરાત સરકારે કોરાનાકાળમાં પણ વિકાસની ગતિને સહેજ પણ શિથિલ પડવા દીધી નથી. રાજ્યના પ્રવાસનને નવું ક્લેવર આપવા અને વૈશ્વિક સ્તરે ગુજરાતની પ્રવાસન ઓળખ પ્રસ્થાપિત કરવા પ્રવાસન પૉલિસી 2021 જાહેર કરવામાં આવી છે.

રાજ્ય સરકારે શુદ્ધબુદ્ધિપૂર્વકના વેચાણના કિસ્સામાં શરતફેરની મંજૂરી પણ ઓનલાઇન કરવાનો ખેડૂત હિતલક્ષી વધુ એક નિર્ણય કરીને આ સરકાર કિસાનોની પડખે અડીખમ ઊભી હોવાની ખેડૂતોને પ્રતીતિ કરાવી છે. આ ઉપરાંત અમરેલીના બગસરાને નવો પ્રાંત જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.

મને વિશ્વાસ છે કે, રાજ્ય સરકારે લીધેલા વિકાસલક્ષી અને જનહિતલક્ષી નિર્ણયો, સાફલ્યગાથાઓ ઉપરાંત અનેક રસપ્રદ માહિતી સાથેનો આ અંક વાચકોને ઉપયોગી બની રહેશે.

જય જય ગરવી ગુજરાત...

**- અશોક કાલરીયા**








### દેશવાસીઓની ખુમારી, ધીરજ અને વિશ્વાસનું પરિણામ

# વિશ્વનું સૌથી મોટું કોરોના રસીકરણ અભિયાન

વિકટ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢી પ્રગતિ કરવામાં ભારતવાસીઓનો જોટો જડે એમ નથી. ધીરજ અને ખુમારીના ગુણો થકી જ મુશ્કેલ માર્ગમાંથી દેશવાસીઓ આગળ વધ્યાં છે. આજે એકપણ ક્ષેત્રે એવું નથી જ્યાં ભારતવાસીઓની હાક ન વાગતી હોય, ગુણગાન ન ગવાતા હોય. કોરોનાકાળમાં પણ જ્યાં વિશ્વના અનેક દેશો ડરી ગયા હતા ત્યાં ભારતના લોકોની કોરોના સામે લડવાની ખુમારી અને ભારતના વૈજ્ઞાનિકો દ્વારા રસી શોધાશે તેવો વિશ્વાસ તથા ધીરજના ગુણે સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું. આખરે.... દેશવાસીઓની ખુમારી, ધીરજ અને વિશ્વાસની જીત થઇ. ભારતીય વિજ્ઞાનીઓ નિર્મિત એક નહીં બે રસી આવી અને સમગ્ર દેશમાં ઐતિહાસિક રીતે સીમાચિહ્નરૂપ ઘટના એટલે કે રસીકરણ થકી કોરોના કોવિડ-19ને નેસ્તનાબૂદ કરવાની સૌથી મોટી કવાયતનો પ્રારંભ થયો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સમગ્ર ભારતમાં કોવિડ-19 રસીકરણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. સમગ્ર દેશને આવરી લેતું આ અભિયાન એ દુનિયાનો સૌથી મોટો રસીકરણ કાર્યક્રમ છે. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ માટે કુલ 3006 સ્થળો તૈયાર કરવામાં આવ્યાં છે જે પ્રારંભ વખતે વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

વડાપ્રધાનશ્રીએ આ રસી તૈયાર કરવામાં સંકળાયેલા વિજ્ઞાનિકો પ્રત્યે આભાર વ્યક્ત કરીને પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, સામાન્ય રીતે કોઇપણ રસી તૈયાર કરવામાં વર્ષોનો સમય લાગી જાય છે પરંતુ આટલા ટૂંકા સમયમાં, એક નહીં પણ બે મેડ ઇન ઇન્ડિયા રસી રજૂ કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રીએ લોકોને બે ડોઝ લેવામાં ચૂક ના થાય તેની કાળજી રાખવા માટે સતર્ક કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, બે ડોઝ વચ્ચે એક મહિનાનો સમય રહેશે. તેમણે લોકોને રસી લીધા પછી પણ પોતાની સુરક્ષા માટે તમામ તકેદારી રાખવા કહ્યું હતું. કારણ કે, બીજો ડોઝ લીધા પછી બે અઠવાડિયા બાદ માનવ શરીરમાં કોરોના સામે જરૂરી પ્રતિકારક શક્તિ આવશે.

વડાપ્રધાનશ્રીએ રસીકરણ અભિયાનને અભૂતપૂર્વ સ્તરનું ગણાવતાં જણાવ્યું હતું કે, પહેલા તબક્કામાં જ આ અભિયાનમાં 3 કરોડ લોકોને રસી આપવામાં આવશે જે દુનિયામાં ઓછામાં ઓછા 100 દેશોમાં કુલ વસ્તી કરતા મોટો આંકડો છે. જ્યારે વૃદ્ધો અને ગંભીર સહ-બીમારી ધરાવતા લોકોને પણ રસી માટે આવરી લેવામાં આવશે ત્યારે આ આંકડો વધારીને 30 કરોડ સુધી લઇ જવામાં આવશે. માત્ર ત્રણ જ દેશ - ભારત, USA અને ચીન છે જ્યાં કુલ વસ્તી 30 કરોડથી વધારે છે.

વડાપ્રધાનશ્રીએ લોકોને કહ્યું હતું કે, ભારતીય વિજ્ઞાનિકો, તબીબી પ્રણાલી અને ભારતીય પ્રક્રિયાઓ તેમજ સંસ્થાગત વ્યવસ્થાતંત્ર રસીના સંદર્ભમાં સમગ્ર દુનિયામાં ભરોસાપાત્ર છે અને આ ભરોસો સતત ટ્રેક રેકોર્ડ દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યો છે માટે રસી અંગે ફેલાવવામાં આવતી કોઇપણ અફવા અને ષડયંત્રકારી જુઠ્ઠાણાઓ કોઇએ પર ધ્યાન આપવું જોઇએ નહીં.







વડાપ્રધાનશ્રીએ કોરોના સામેનો જંગ એકજૂથ રહીને હિંમતપૂર્વક લડવા બદલ તમામ દેશવાસીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કોરોના સામેની ભારતની પ્રતિક્રિયાને આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતા કહી હતી. તેમણે કોઇપણ સંજોગોમાં આત્મવિશ્વાસ નબળો ના પડવા દેવાના દરેક ભારતીયના સંકલ્પની નોંધ લીધી હતી. તેમણે ડૉક્ટરો, નર્સો, પેરામેડિકલ સ્ટાફ, એમ્બ્યુલન્સના ડ્રાઇવરો, ASHA કામદારો, સફાઇ કામદારો, પોલીસ અને અગ્ર હરોળમાં સેવા આપતા એવા તમામ લોકો કે જેઓ પોતાના જીવને જોખમમાં મૂકીને બીજાનો જીવ બચાવવામાં કાર્યરત છે તેમનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, તેમાંથી કેટલાક લોકો તો વાઇરસ સામેના આ જંગમાં ઘરે પરત ફરી શક્યા નથી અને પોતાના જીવનું બલિદાન આપી દીધુ છે. દહેશત અને ભયના માહોલ વચ્ચે અગ્ર હરોળના યોદ્ધાઓએ લોકોમાં આશા જગાવી હતી અને આજે, સૌથી પહેલાં તેમને રસી આપીને દેશ કૃતજ્ઞતાપૂર્વક તેમના આ યોગદાનને સ્વીકારી રહ્યો છે.

કોરોના સમયના પ્રારંભિક દિવસોને યાદ કરતા, વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, ભારતે યોગ્ય સમયે સતર્કતા દાખવીને સાચા નિર્ણયો લીધા છે. ભારતમાં 30 જાન્યુઆરી, 2020ના રોજ પ્રથમ કેસ મળ્યો તેના બે સપ્તાહ પહેલાં, ભારતે આ બાબતે ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી દીધી હતી. ભારતે બરાબર એક વર્ષ પહેલાં આજના દિવસે જ યોગ્ય દેખરેખનો પ્રારંભ કરી દીધો હતો. 17 જાન્યુઆરી, 2020ના રોજ ભારતે પ્રથમ એડવાઇઝરી બહાર પાડી હતી અને હવાઇમથકો પર આવી રહેલા મુસાફરોનું સ્ક્રિનિંગ શરૂ કરનારા પ્રથમ દેશોમાંથી એક ભારત પણ છે.

વડાપ્રધાનશ્રીએ પડકારના આ સમયને પસાર કરવામાં તેમજ જનતા કરફ્યૂ દરમિયાન શિસ્ત અને ધીરજ જાળવવામાં દેશવાસીઓએ આપેલા સહકાર બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ટાંક્યું હતું કે, આ અભિયાને દેશને માનસિકરૂપે લૉકડાઉન માટે તૈયાર કર્યો હતો. વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે, તાલી-થાળી અને દીપપ્રાગટ્ય જેવાં અભિયાનોથી લોકોનું મનોબળ ખૂબ જ મજબૂત થયું હતું.

વડાપ્રધાનશ્રીએ વિદેશમાં ફસાયેલા ભારતીયોને સ્વદેશ પરત લાવવાની કામગીરીનો પણ ઉલ્લેખ કર્યો હતો. જે સમયે દુનિયામાં સંખ્યાબંધ દેશોએ ચીનમાં ફસાયેલા પોતાના નાગરિકોને તરછોડી દીધા હતા તેવા સમયમાં ભારતે માત્ર પોતાના જ નહીં બલકે અન્ય દેશોના નાગરિકોને પણ ત્યાંથી બહાર કાઢ્યા હતા. તેમણે ભારતીયોને પરત લાવવામાં મુશ્કેલી પડી રહી હોય તેવા દેશોમાં આખી લેબ મોકલવાની કામગીરીને પણ યાદ કરી હતી.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, કટોકટીના સમય દરમિયાન ભારતે આપેલી પ્રતિક્રિયાને વૈશ્વિક સ્તરે સ્વીકારવામાં આવી છે. વડાપ્રધાનશ્રીએ તેમના સંબોધનનું સમાપન કરતા કહ્યું હતું કે, કેન્દ્ર, રાજ્યો, સ્થાનિક સરકારો, સરકારી કચેરીઓ, સામાજિક સંગઠનોએ એકજૂથ થઇને આપેલા એકીકૃત અને સહિયારા પ્રયાસોનું આ દૃષ્ટાંત છે.

વડાપ્રધાનશ્રીએ સંબોધન આપ્યા પછી, ટ્વીટ કરી હતી કે, "ભારતમાં દુનિયાની #LargestVaccineDrive નો પ્રારંભ. આ દિવસ ગૌરવનો છે, આપણા વૈજ્ઞાનિકોના મહાન પ્રયાસો અને આપણા તબીબી સમુદાય, નર્સિંગ સ્ટાફ, પોલીસ કર્મચારીઓ અને સફાઇ કામદારોના સખત પરિશ્રમની ઉજવણીનો છે.

સૌ સ્વસ્થ અને તંદુરસ્ત રહે તેવી શુભકામના." સૌના સ્વાસ્થ્ય અને દુ:ખથી મુક્તિ માટે તેમણે વૈદિક મંત્ર પણ લખ્યો હતો -

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित्दुःख भाग्भवेत्।। •

### અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કોરોના રસીકરણનો રાજ્યવ્યાપી પ્રારંભ

# મહામારી ઉપર મહાવિજયનો શંખનાદ...

કેટલીક ઘટનાઓ એવી હોય છે કે ઇતિહાસના પાના પરથી ક્યારેય નથી ભૂંસાતી. વર્ષ ૨૦૨૦માં આવેલી કોરોના મહામારી આવી જ એક ઘટના છે, જેણે સમગ્ર માનવજાતની જીવન શૈલીને ધરમૂળથી બદલી નાંખી. આ મહામારીને અંકુશમાં લેવાની એક માત્ર આશા એવી કોરોના વેક્સિન, જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧નો દિવસ સમગ્ર દેશ અને રાજ્ય માટે એક ઐતિહાસિક દિવસ બની રહ્યો. સમગ્ર દેશ જેની આતુરતાથી રાહ જોઇ રહ્યુ હતુ તે વેક્સિનેશનની ઘડી આવી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશમાં વર્ચ્યુલી કોરોના રસીકરણ પ્રક્રિયાનો શુભારંભ કરાવ્યો હતો. ત્યારે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતેથી નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતીમાં રાજ્યવ્યાપી કોરોના વેક્સિનેશનનો પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, કોરોના મહામારીથી હેરાન-પરેશાન લોકો માટે અમૃત સમાન વેક્સિન હવે આવી ગઇ છે. દેશ અને રાજ્યમાં કોરોના રસીકરણના પ્રારંભ દ્વારા કોરોનાના અંતની શરૂઆત થઇ છે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો.

ગુજરાતમાં પ્રથમ તબક્કામાં ૧૬૧ કેન્દ્ર ઉપર ૧૬ હજારથી વધુ હેલ્થકેર વર્કરો દ્વારા કોરોના રસીકરણ હાથ ધરવામાં આવશે. કોરોના વેક્સિનેસન કામગીરીનો રાજ્ય સ્તરે આરંભ થયો. હેલ્થકેર વર્કરો દ્વારા ઉત્સાહભેર આ રસીકરણને આવકારવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કોરોના રસીકરણના પ્રથમ તબક્કામાં મેડિકલ, પેરામેડિકલ, નર્સિંગ તેમજ સફાઇકર્મીઓ જેઓએ નવ મહિનાથી પણ વધારે સમયથી સતત ખડેપગે રહીને રાઉન્ડ ધી ક્લોક રાજ્યના કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા-શુશ્રૂષા કરી છે કોરોનાની બીમારીથી સપડાયેલા લોકોને બહાર કાઢવા દિવસ રાત જહેમત હાથ ધરી છે તેમને આ રસીકરણમાં પ્રાથમિકતા આપવામાં આવી રહેવાનું તેમણે જણાવ્યુ હતું.

કોરોનાકાળમાં પોતાના જીવના જોખમે કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા કરી છે અને કોરોનાગ્રસ્ત દર્દીઓનો જીવ બચાવતા પોતે પણ કોરોનાથી સંક્રમિત થયા છે તે તમામ હેલ્થકેર વર્કરોનો કોરોના વેક્સિનેસન પર પ્રથમ હક છે તેના ભાગરૂપે જ તેમની કર્તવ્યનિષ્ઠાને બિરદાવવા ભારત સરકાર દ્વારા પ્રથમ તબક્કામાં રસીકરણ પ્રક્રિયામાં આવા બાહોશ હેલ્થકેર વર્કરોને પ્રાથમિકતા આપવામાં આવી છે.

અમદાવાદના નામાંકિત તબીબો, મેડિકલ જગતના તજજ્ઞો,





પદાધિકારીઓએ પણ વેક્સિન લઈને અન્ય લોકોને પ્રોત્સાહનરૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે જયારે તબીબી જગત સાથે જોડાયેલ તજજ્ઞો કોઈપણ જાતના ડર વગર રસી લઈ રહ્યા હોય ત્યારે આપણે પણ કોઈપણ જાતના ડર વગર કોરોના વેક્સિનેસન પ્રક્રિયા અનુસરીને તેનો લાભ લેવો જોઈએ.

કેન્દ્ર સરકાર દ્વારા તબક્કાવાર જે રસીકરણ પ્રક્રિયા હાથ ધરવામાં આવે તે દરમિયાન ગુજરાતના નાગરિકો કોઈપણ જાતના ભ્રમ, સંકોચ રાખ્યા વગર અફવાઓથી દૂર રહી આ વેક્સિન લઈ શકે છે તેવી અપીલ મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોને કરી હતી.

હાલ રસીકરણ પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાઈ રહેલી કોવિડશિલ્ડ વેક્સિન સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું જણાવતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે રાજ્યના નાગરિકો આ વેક્સિન પર પૂરો ભરોસો રાખીને આ રસી લે તથા પોતાને અને પરિવારને સુરક્ષિત કરે.

કોરોના રસીકરણના પ્રાથમિકતા તબક્કામાં ૫.૪૧ લાખ જેટલા કોરોના રસીના ડોઝ આપવામાં આવવામાં આવ્યા છે, જેમાં ૪.૪૦ લાખ જેટલા હેલ્થકેર વર્કરોને કોવિશિલ્ડ કોરોના રસીનો ડોઝ આપવામાં આવશે. જેના ભાગરૂપે મુખ્યમંત્રીશ્રી દ્વારા સમગ્ર રાજ્યનાં ૧૬૧ રસીકરણ કેન્દ્ર પર ૧૬ હજારથી વધુ લોકોમાં કોરોના રસીકરણ પ્રક્રિયાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. સિવિલ હોસ્પિટલ કોરાના રસીકરણ કાર્યક્રમમાં આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતી રવિ, આરોગ્ય કમિશનરશ્રી, સિવિલ સુપરિન્ટેન્ડેન્ટશ્રી, તબીબી તજજ્ઞોએ ઉપસ્થિત રહીને કોરોના રસી લેનાર હેલ્થકેર વર્કરોનો ઉત્સાહ વધાર્યો હતો.

રાજ્યમાં આ રસીકરણ માટે રાજ્યમાં ૧૭૧૨૮ વેક્સિનેટર્સ, ૨૭૯૩૪ સેશન સાઈટ્સ અને ૨૨૩૬ કોલ્ડ ચેઈન પોઈન્ટસ તૈયાર કરવામાં આવેલાં છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પણ મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ વેક્સિનેશનનો આરંભ થયો આ વેક્સિન લેનારા આરોગ્ય કર્મીઓ-તબીબોને કોરોના વેક્સિન બેઝ શોલ્ડર લગાવીને આગવી ઓળખ પણ પ્રસ્થાપિત કરવામાં આવી હતી. ●

# વડોદરામાં વીડિયો કોન્ફરન્સ દ્વારા વેક્સિનનું સ્વાગત



વૈશ્વિક મહામારી કોરોના વિરુદ્ધ વિશ્વના સૌથી મોટા રસીકરણ મહાયજ્ઞનો ગુજરાત સહિત ભારતભરમાં પ્રારંભ થયો. જેના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી BAPS હોસ્પિટલ બરોડા ખાતે ૧૮,૦૦૦ વેક્સિન ડોઝનું સંતગણની ઉપસ્થિતિમાં ગાંધીનગરથી ઈ-સ્વાગત કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, કોરોના મહામારીની અગાઉ કોઈ દવા - વેક્સિન ન હતી. છેલ્લા ૧૦-૧૧ મહિનામાં સામૂહિક પ્રયત્નોથી આપણે સૌ કોરોના સામે જંગ લડ્યા છીએ અને કોરોના સંક્રમણને નિયંત્રિત કરી શક્યા છીએ. ગુજરાતમાં લોકો ઓછામાં ઓછા સંક્રમિત થાય અને સંક્રમિતને યોગ્ય સારવાર મળે તે માટે સરકારે જરૂરી પગલાં લીધા છે. જેના પરિણામે આજે ગુજરાતમાં કોરોના રિકવરી રેટ લગભગ ૯૬ ટકા સુધી પહોંચ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આનંદ સાથે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણા વૈજ્ઞાનિકો-તબીબોએ ભારતમાં બે સ્વદેશી વેક્સિનની શોધ કરી છે. જે સંપૂર્ણ આત્મનિર્ભરની દિશામાં એક મહત્ત્વનું ગૌરવ સમાન પગલું છે. આ રોગની શરૂઆતથી જ જરૂરી પગલાં જેવા કે, વેન્ટિલેટર, માસ્ક, સેનિટાઈઝર વગેરે પણ લીધાં છે જ્યારે બે કોરોના વેક્સિન પણ આપણે જ બનાવી છે. ભારત પોતાની તાકાત ઉપર હવે વિશ્વને વેક્સિન સપ્લાય કરશે.

આ વેક્સિન માનવજાતના કલ્યાણ માટે તૈયાર કરવામાં આવી છે, ત્યારે તેની સાથે સંતોના આશીર્વાદ પણ પ્રાપ્ત થયા છે એટલે આપણે કોરોના સામેના જંગમાં અવશ્ય વિજેતા બનીશું. "કોરોના હારશે અને ગુજરાત જીતશે"ના મંત્રને આપણે સાકાર કરવા જઈ રહ્યા છીએ તેવી શ્રદ્ધા પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

BAPS હોસ્પિટલ દ્વારા કોરોના વેક્સિનનો પ્રારંભ થઈ રહ્યો તે ખરેખર આનંદની વાત છે. પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ, પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદ ગુજરાતને સતત પ્રાપ્ત થઈ રહ્યા છે અને આગામી સમયમાં પણ આશીર્વાદ મળતા રહેશે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ સૌને અભિનંદન આપ્યા હતા. ●



# રાજ્યમાં કોરોના રસીકરણનો પ્રારંભ

**વિશ્વનાં સૌથી મોટા રસીકરણ અભિયાનનો ભારતમાં પ્રારંભ કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે ગુજરાતનાં વિવિધ સ્થળોએ મંત્રીમંડળના સદસ્યશ્રીઓ દ્વારા રસીકરણનો પ્રારંભ કરાવવામાં આવ્યો, તેની તસવીરી ઝલક...**



અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી - વડોદરા



મંત્રી શ્રી આર. સી. ફળદુ - રાજકોટ



મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા - આણંદ



મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ - બોટાદ




મંત્રી શ્રી ગણપતભાઇ વસાવા - ડાંગ



મંત્રી શ્રી જયેશભાઇ રાદડીયા - જેતપુર (રાજકોટ)



મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર - ગાંધીનગર



મંત્રી શ્રી ઇશ્વરભાઇ પરમાર - બારડોલી



મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળીયા - જસદણ (રાજકોટ)



મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડા - જુનાગઢ



મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા - દાહોદ



મંત્રી શ્રી બચુભાઇ ખાબડ - દાહોદ



મંત્રી શ્રી જયદ્રથસિંહજી પરમાર - છોટાઉદેપુર



મંત્રી શ્રી ઇશ્વરસિંહ પટેલ - અડાજણ (સુરત)



મંત્રી શ્રી વાસણભાઇ આહિર - કચ્છ



મંત્રી શ્રી વિભાવરીબેન દવે - ભાવનગર



મંત્રી શ્રી રમણલાલ પાટકર - ખેરગામ (નવસારી)



મંત્રી શ્રી કિશોરભાઇ કાનાણી - વલસાડ



મંત્રી શ્રી યોગેશભાઇ પટેલ - આણંદ



મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા - જામનગર






# ખેડૂતોના માથે વિકાસ તિલક: ‘કિસાન સૂર્યોદય યોજના’

ગુજરાત ભારતનું રોલ મોડેલ છે. છેલ્લા બે દાયકાથી વિવિધ પ્રોજેક્ટના અમલ થકી ગુજરાત વિકાસનો પર્યાય પુરવાર થયું છે. જ્યોતિગ્રામ યોજનાની સફળતાથી ગ્રામીણ અર્થતંત્ર અને ગ્રામજનોના જીવનમાં સામાજિક-આર્થિક પરિવર્તન આવ્યું છે. રાજ્ય સરકાર ગામડાં અને ખેડૂતોનાં જીવનમાં પરિવર્તન લાવવા પ્રયત્નશીલ છે. તે ક્રમમાં ખેડૂતોને દિવસના સમયમાં વીજળી આપવા માટે કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકી છે. જેમાં ગીર સોમનાથ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજનાના દ્વિતીય તબક્કાનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ તાજેતરમાં ઉના ખાતેથી શુભારંભ કરાવ્યો હતો. નવા વર્ષે ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતોને કિસાન સૂર્યોદય યોજનાનો લાભ આપતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પાણી-વીજળી એ ખેડૂતની તાકાત છે. રાજ્ય સરકારે પાણી વીજળી માટે સંનિષ્ઠ પ્રયત્નો કર્યા છે. આવનારા દિવસોમાં કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂત બમણી આવક મેળવશે, વધુ સમૃદ્ધ બનશે. પોતાની જમીનમાં સોલાર વીજ પ્રોજેક્ટ શરૂ કરી અન્નદાતા હવે ઊર્જાદાતા પણ બની શકે છે. આ યોજનાથી ગીર સોમનાથ જિલ્લાનાં 143 ગામના ખેડૂતોને તેનો લાભ મળશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બીજા તબક્કામાં રાજ્યના ૩૦ જિલ્લા ૨૯૦૦ ગામનો સમાવેશ કરાયો છે. અગાઉ પ્રથમ તબક્કામાં ૪ જિલ્લાના ૧૦૫૫ ગામને કિસાન સૂર્યોદય યોજનાનો લાભ મળી ચૂક્યો છે. ખેડૂતોને દિવસે વીજળી મળતા હવે હેરાન નહીં થવું પડે ખેડૂત પોતાની શક્તિ ઊર્જાથી વધુ ઉત્પાદન કરશે અને રાત્રે વિશ્રામ અને દિવસે કામ થકી ખેડૂતો વધુ સમૃદ્ધ બનશે.

ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે કિસાન સૂર્યોદય યોજના સહિત ઊર્જા વિભાગે ખેડૂતો માટે લીધેલાં સઘન પગલા અંગે કહ્યું કે, ખેડૂતો માગે અને વીજ કનેક્શન મળે તે દિવસો હવે દૂર નથી. ખેડૂતને એક કનેક્શન આપવા રૂ. ૧.૬૦ લાખ ખર્ચ થાય છે. જ્યારે સરકાર ખેડૂતો પાસેથી માત્ર ૧૦ હજાર જેવી નજીવી રકમ વસૂલે છે અને પ્રત્યેક કનેક્શન દીઠ રૂ. ૧.૫૦ લાખ જેટલી સબસિડી આપે છે જે દર વર્ષે વીજ કનેક્શન આપવા ૧૮૦૦ કરોડ સબસિડી થાય છે. ઉપરાંત ખેડૂતોને વીજબીલમાં રાહત આપી ૭૫૦૦ કરોડ જેટલી સબસિડી પણ આપે છે.

પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડાએ કહ્યું કે, ખેડૂતોને દિવસે વીજળી આપવાની માગણી અને લાગણી સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી તબક્કાવાર પૂરી કરવા જઇ રહ્યા છે. આ ખૂબ મોટી સિદ્ધિ છે. આ પ્રસંગે સાંસદ શ્રી રાજેશભાઇ ચુડાસમા, જી.યુ.વી.એન.એલ.ના એમ.ડી. શાહમિના હુસૈન, પી.જી.વી.સી.એલ.ના એમ.ડી. શ્વેતા ટીવેટિયા સહિત અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



## ઉત્તર ગુજરાતનાં 600 ગામડાઓના ખેડૂતોને મળશે દિવસે વીજળી

અરવલ્લી જિલ્લાના બાયડ ખાતેથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કિસાન સૂર્યોદય યોજનાનું લોકાર્પણ કરીને ખેડૂતોની આવક બમણી કરવાની બીજા તબક્કાની નક્કર યોજનાનો પ્રારંભ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જ્યોતિગ્રામ યોજના પછીની સૌથી મોટી ઐતિહાસિક યોજના એટલે કિસાન સૂર્યોદય યોજના. દિવસે કામ અને રાત્રે વિશ્રામ આ યોજનાથી ઉત્તર ગુજરાતના ૬૦૦ ગામોને ગુણવત્તાયુક્ત વીજપુરવઠો મળી રહેશે અને તબક્કાવાર રાજયના ૩૩ જિલ્લાઓમાં આ યોજના લાગુ કરવામાં આવશે.

અરવલ્લી જિલ્લાના પ્રભારી અને વન આદિજાતિ રાજ્ય મંત્રી શ્રી રમણભાઇ પાટકરે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે જનસુખાકારી માટે જંગી બજેટ ફાળવીને તમામ લોકોની ચિંતા કરીને વિકાસનાં કામોને વેગ આપ્યો છે. અન્નક્ષેત્રે આપણે સ્વાવલંબી બન્યા છીએ. સાંસદ શ્રી દિપસિંહ રાઠોડે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના શાસનમાં વિકાસ ઝડપી અને વેગીલો બન્યો છે.



**દિવ્યાંગ બાળકીની કળાથી પ્રભાવિત થતાં સી.એમ.**

**મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉના ખાતે કિસાન સૂર્યોદય યોજનાના લોકાર્પણ પ્રસંગે ઉનાની દિવ્યાંગ બાળકીની મુલાકાત લઈ તેણીએ બનાવેલું ચિત્ર જોઈને આનંદ વિભોર થયા હતા. દિવ્યાએ પોતાના હાથે બનાવેલું મુખ્યમંત્રીશ્રીનું ચિત્ર તેમને ભેટમાં આપ્યું ત્યારે આ ચિત્ર જોઈને મુખ્યમંત્રીશ્રી પ્રભાવિત થયા હતા. ઉલ્લેખનીય છે કે, ઉના શહેરની દિવ્યાંગ બાળકી દિવ્યા પરેશભાઈ ગોસાઈ છેલ્લાં પાંચ વર્ષથી ચિત્રો દોરે છે. દિવ્યાએ રાજ્ય સરકારની જિલ્લાકક્ષાની ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ નંબર મેળવ્યો હતો. અને હવે તે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.**

આ કાર્યક્રમમાં ઊર્જા વિભાગના અગ્ર સચિવ સુશ્રી સુનયના તોમર, સાબર ડેરીના ચેરમેન શ્રી શામળભાઇ પટેલ, જિલ્લા અગ્રણી શ્રી રાજેન્દ્રભાઇ પટેલ, જિલ્લા સમાહર્તા શ્રી અમૃતેશ ઔરંગાબાદકર, યુજીવીસીએલના એમ.ડી. શ્રી મહેશ સિંહ, ખેડૂતો તેમજ અગ્રણીઓ સોશિયલ ડિસ્ટન્ટસ સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## દક્ષિણ ગુજરાતનાં 454 ગામોને કિસાન સૂર્યોદયનો લાભ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કિસાન સૂર્યોદય યોજના રાજ્યના ખેડૂતો માટે 'વિકાસનું તિલક' બનનારી યોજના છે એવો સ્પષ્ટ મત નર્મદા જિલ્લાના તિલકવાડાથી આ યોજનાના બીજા ચરણનો પ્રારંભ કરાવતાં વ્યકત કર્યો હતો. આ યોજનાના પ્રારંભથી દક્ષિણ ગુજરાતના નર્મદા, તાપી, ભરૂચ, સુરત, વલસાડ અને નવસારી જિલ્લાનાં ૪૫૪ ગામોના કિસાનોને દિવસે વીજળીનો લાભ મળશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના ૪૦૦૦ ગામોને કિસાન સૂર્યોદય યોજનામાં સમાવી લેવામાં આવ્યા છે. વર્ષ 2022 સુધીમાં રાજ્યનાં તમામ ગામોને દિવસે વીજળી આપવામાં આવશે.



નર્મદાના તિલકવાડા તાલુકાનાં ૩૯ ગામોના ખેડૂતોને સિંચાઇ માટે હવે દિવસે વીજળી મળતાં કિસાન પરિવારોમાં સમૃદ્ધિનો સૂરજ ઊગશે. રાજ્યના તમામ ખેડૂતોની સુખાકારી માટે 'દિવસે કામ અને રાત્રે વિશ્રામ'ની ભાવનાથી કિસાનોનો સંપૂર્ણ સૂર્યોદય અને સર્વોદય થશે'. મુખ્યમંત્રીશ્રીએ નર્મદા જિલ્લામાં રૂ.૧૫૨ કરોડથી વધુના ખર્ચે સાકાર થનારી પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની વિવિધ ચાર જેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓનું પણ ઈ-ખાતમુહૂર્ત કરી નર્મદા જિલ્લામાં ઘરે ઘરે 'નલ સે જલ' થકી પીવાનું સ્વચ્છ પાણી પહોંચાડવાની સંકલ્પબદ્ધતા દર્શાવી હતી.

પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયાએ જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લાનાં ૫૬૨ ગામો પૈકી ૩૪૯ ગામોને પાંચ જેટલી પાણી પુરવઠા યોજના હેઠળ જોડવામાં આવ્યાં છે. સરફેસ સોર્સ આધારિત પાણી સુવિધા, નવા સોર્સ ઊભા કરી કાર્યન્વિત કરવા, સુધારણાનાં કાર્યો, સ્ટોરેજ સુવિધા વગેરે જેવી માળખાકીય સુવિધા ઊભી કરી લોકોને પૂરતા પ્રમાણમાં પીવાનું શુદ્ધ પાણી આવી રહે તે દિશામાં રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઇ વસાવાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના સબળ નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા પૂર્વપટ્ટી વિસ્તારના લોકોની અપેક્ષા મુજબનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે અને તેનાં મીઠાં ફળો આદિવાસી વિસ્તારને મળી રહ્યાં છે. આ પ્રસંગે સાંસદ શ્રીમતી ગીતાબહેન રાઠવા,



જિલ્લા કલેક્ટર શ્રી ડી.એ.શાહ, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જિન્સી વિલિયમ, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.ના એમ.ડી. શાહમિના હુસૈન, પાણી પુરવઠા બોર્ડના સભ્ય સચિવશ્રી મયૂર મહેતા, પૂર્વ મંત્રીશ્રી શબ્દશરણભાઈ તડવી, પૂર્વ સંસદીય સચિવશ્રી હર્ષદભાઈ વસાવા સહિત જિલ્લાના વરિષ્ઠ પદાધિકારીઓ/અધિકારીશ્રીઓ, ધરતીપુત્રો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

### મહીસાગર

રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ લુણાવાડા ખાતે મહીસાગર જિલ્લાના નાગરિકો માટે રૂ. ૧૧૭ કરોડના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું અને મધ્ય ગુજરાતમાં કિસાન સૂર્યોદય યોજનાના બીજા ચરણનો પ્રારંભ કરાવ્યો હતો. મહીસાગર જિલ્લાના ખેડૂતો માટે સોનાનો સૂરજ ઉગ્યો છે એવી લાગણી વ્યક્ત કરતા તેમણે જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની તમામ ક્ષેત્રમાં કાયાપલટ કરી વિકાસને ચરમ સીમાએ પહોંચાડી, વિકાસની રાજનીતિના યુગનો સમગ્ર દેશમાં પ્રારંભ કરાવ્યો હતો.

રાજ્ય સરકારે ખેડૂતોની વર્ષોની જૂની માંગણીને સંતોષી રૂ. ૩૫૦૦ કરોડની કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકી છે. હવે ખેડૂતોને દિવસે ગુણવત્તાયુક્ત વીજળી મળતા રાતે ઉજાગરામાંથી મુક્તિ મળશે. દિવસે કામ અને રાત્રે આરામના કુદરતી નિયમનું અનુપાલન થશે.

રાજ્ય સરકારે દુર્ગમ વિસ્તારોના લોકોના આરોગ્યની સારી રીતે દરકાર કરી છે, એમ જણાવતા શ્રી રૂપાણીએ ઉમેર્યું કે, સિકલસેલ એનીમિયા સામે અભિયાન ઉપાડવામાં આવ્યું છે. આદિવાસી પરિવારોને મા કાર્ડ અને આયુષ્યમાન કાર્ડ આપીને ગંભીર પ્રકારની બિમારીઓની વિનામૂલ્યે સારવાર કરાવી છે.

ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું કે, મહીસાગર જિલ્લામાં ૪૨ વર્ષમાં ૬ હજાર કૃષિ વીજ જોડાણો આપ્યા હતા. તેની સામે અમારી સરકારે ચાર ગણા વધુ ૨૪ હજાર કૃષિ જોડાણ આપી ખેડૂતોને ગુણવત્તાયુક્ત વીજળી આપી છે. રાજ્ય સરકારે ખેડૂતોને રૂા.૧૮૦૦ કરોડ વીજ સબસિડી આપી છે.

આ કાર્યક્રમમાં રાજ્ય મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર, સાંસદ સર્વ શ્રી રતનસિંહ રાઠોડ તથા જસવંતસિંહ ભાભોર, કલેક્ટર શ્રી આર. બી. બારડ, પદાધિકારીશ્રીઓ તથા લાભાર્થી ખેડૂતો હાજર રહ્યા હતા.

### રાજ્યભરમાં યોજનાનો પ્રારંભ...

કિસાન સૂર્યોદય યોજનાના બીજા તબક્કામાં રાજ્યના 30 જિલ્લાનાં 2900 ગામોમાં ખેડૂતોને દિવસે વીજળી આપવા રાજ્યના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, બોર્ડ નિગમના ચેરમેનશ્રીઓ તાલુકા સ્તરે પ્રારંભ કરાવ્યો હતો. જે અંતર્ગત જામનગર, રાજકોટ, પાટડી તાલુકામાં કૃષિ મંત્રી શ્રી આર. સી. ફળદુ, અમરેલીના રાજુલામાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, બોટાદ તાલુકામાં ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે શુભારંભ કરાવ્યો હતો. નવસારીના જલાલપોર તાલુકાનાં 50 ગામોમાં લાભ આપવા વન અને આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ, જામજોધપુરનાં 20 ગામો, પોરબંદરનાં 38 ગામ અને માળિયા તાલુકાનાં 17 ગામોમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઇ રાદડિયાએ, મુંદ્રા, રાધનપુર અને તલોદ તાલુકામાં શ્રમ અને રોજગાર મંત્રી શ્રી દિલીપભાઇ ઠાકોરે કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો.

પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયાએ થાનગઢનાં 13, વીંછિયાનાં 11 તથા પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડાએ ગીરગઢડા તાલુકાનાં 21 ગામોને દિવસે વીજળી આપવા કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. આ ઉપરાંત કૃષિ રાજ્ય મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે બાલાસિનોરમાં, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી વિભાવરીબહેન દવેએ પાલિતાણામાં તથા આરોગ્ય અને પરિવાર - કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી કિશોરભાઇ કાનાણીએ સુરતના કામરેજમાં ઉપસ્થિત રહી આ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. ●

# ગુજરાતમાં સ્મોલ સ્કેલ ડિસ્ટ્રિબ્યુટેડ સોલાર પ્રોજેક્ટ નીતિને વ્યાપક પ્રતિસાદ



ગુજરાતમાં ઉપલબ્ધ સૂર્યપ્રકાશ તથા પવનની પૂરતી ઝડપને પરિણામે પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પાદનની વિશાળ તકો રહેલી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકારે નવતર અભિગમ દાખવીને સમગ્ર દેશમાં પ્રથમ વખત રાજ્યમાં "સ્મોલ સ્કેલ ડિસ્ટ્રિબ્યુટેડ સોલાર પ્રોજેક્ટ નીતિ" અમલમાં મૂકવાની જાહેરાત કરી હતી. જેને ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં આવકાર મળ્યો છે. આ નીતિ રાજ્યમાં સોલાર પાર્ક્સમાં ભાગ ન લઈ શકે તેવા નાના વીજ ઉત્પાદકો જેવા કે, ખેડૂતો, નાના સાહસિકો, સહકારી મંડળીઓ કે કંપનીઓને સોલાર પ્રોજેક્ટ સ્થાપવા માટે અત્યંત આશીર્વાદરૂપ બનવાની છે. આ નીતિ હેઠળ ૫૦૦ કિલોવોટથી ૪ મેગાવોટની ક્ષમતાના નાના સોલાર પ્રોજેક્ટ માટે નાના વીજ ઉત્પાદકો પોતાની ખાનગી જમીન પર કે ખાનગી જમીન લીઝ પર મેળવી આવા પ્રોજેક્ટ સ્થાપી શકે છે. આ નીતિ અંતર્ગત રાજયભરમાંથી અરજીઓ મંગાવવામાં આવી હતી જેને વ્યાપક જન પ્રતિસાદ સાંપડ્યો છે.

આ અંગે વધુ વિગતો આપતા ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી ઓક્ટોબર થી ડિસેમ્બર સુધીના ત્રણ માસના ટૂંકા ગાળામાં કુલ ૫૧૯૨ અરજીઓ મળી છે. જેની કુલ વીજ ક્ષમતા ૩૫૩૬ મેગાવોટ જેટલી થાય છે. રાજ્ય સરકારે જાહેર કરેલ આ નીતિ હેઠળ કોઈપણ વ્યક્તિ, ખેડૂત, સહકારી મંડળી, કંપની કે તેઓ દ્વારા બનાવેલ સંસ્થા, ૦.૫ મેગાવોટથી ૪ મેગાવોટ સુધીનો સ્મોલ સ્કેલ પાવર પ્રોજેક્ટ સ્થાપી રાજ્યની વીજ કંપનીઓને આ ઉત્પાદિત ઊર્જાનું વેચાણ કરી શકે છે. રાજ્યની વીજ કંપનીઓ આ ઉત્પાદિત ઊર્જા ખરીદવા માટે ૨૫ વર્ષના કરાર કરશે. ઊર્જા રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતો તેમની બિનઉપજાઉ જમીન ઉપર ખેડૂત પોતે પ્રોજેક્ટ સ્થાપીને કે જમીનને લીઝ ઉપર આપીને આવક પ્રાપ્ત કરી શકશે. આ પૉલિસી હેઠળ કોઈપણ પ્રોજેક્ટ માટે સરકારી જમીન ઉપયોગ માટે આપવામાં આવશે નહીં. વધુમાં આ યોજના હેઠળ ૪ મેગાવોટથી વધુની ક્ષમતાનો પાવર પ્લાન્ટ સ્થાપી શકાશે નહીં. આ પ્રકારના નાના સોલાર પ્રોજેક્ટ સ્થપાવાના કારણે જે તે વિસ્તારમાં રોજગારીની તકો પણ ઉપલબ્ધ થશે. ●

# ગુજરાત આયુષ પ્રભાગ

## દર્દીઓને ચિકિત્સા આપવામાં દેશભરમાં અગ્રેસર

ગુજરાત સરકારે રાજયમાં કોવિડ-૧૯ સંક્રમણને રોકવા દેશભરમાં નમૂનેદાર કાર્ય કર્યુ છે. રાજયમાં કોરોનાનો પ્રથમ કેસ આવ્યો ત્યારથી સ્પેશિયલ ૨૨૦૦ બેડની કોવિડ ડેડિકેટેડ હોસ્પિટલ તૈયાર કરવામાં આવી. ત્યારબાદ રાજ્ય સરકારે સમયબદ્ધ આયોજન કરી કોરોનાને રોકવા અને નાગરિકોને સારી આરોગ્ય સુવિધા આપવા વિવિધ પગલાંઓ લીધાં છે.

રાજ્યના આયુષ વિભાગ દ્વારા કોવિડ-૧૯ સામે રક્ષણ માટે જનજાગૃતિ કેળવવા અને આયુર્વેદ જીવન પદ્ધતિ અંગે લોકોમાં જાગૃતિ લાવવામાં આવી રહી છે. તેમજ રોગ પ્રતિકારક શક્તિવર્ધક આયુર્વેદ અને હોમિયોપેથી ઔષધોનું મોટા પ્રમાણમાં લોકોમાં વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. તદ્અનુસાર ૧૦,૧૯,૯૮,૬૦૪થી વધુ અમૃતપેય-આયુર્વેદ ઉકાળાના ડોઝ સરકારી આયુર્વેદ હોસ્પિટલ તેમજ દવાખાનાઓ દ્વારા તૈયાર કરી વિનામૂલ્યે નાગરિકોને વિતરણ કરવામાં આવ્યા છે. જેનો બે કરોડથી પણ વધારે નાગરિકોએ લાભ લીધો છે. તે જ રીતે ૬ કરોડ લોકોને આર્સેનિકમ આલ્બમ (હોમિયોપેથી) વિતરણ કરવામાં આવ્યાં છે. ૬૫ વર્ષથી વધુ ઉમરના વૃદ્ધો, ડાયાબિટીસ અને હાઈ બી.પી.ના દર્દીઓ, સગર્ભા સ્ત્રીઓ અને બાળકોમાં રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે આયુષ ઔષધીય કિટ તૈયાર કરી રાજયના ૧૪ જિલ્લાઓમાં લોકોને આયુષ ઔષધ કિટ વિતરણ કરવામાં આવી છે. હાલના ઋતુસંધિ અને રોગચાળાના આ સમયમાં લોકો મહત્તમ આયુષ ઔષધ પદ્ધતિ અપનાવે અને સ્વસ્થ રહે તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. હાલ રાજયભરમાં ૫૬૮ આયુર્વેદ દવાખાનાં, ૨૭૨ હોમિયોપેથી દવાખાનાં અને ૩૯ આયુર્વેદ હોસ્પિટલ કાર્યરત છે.

આ ઉપરાંત રાજયભરના તમામ જિલ્લાઓમાં તથા શહેરોમાં ધન્વંતરિ રથ દ્વારા આયુર્વેદ અમૃતપેય ઉકાળા, સંશમની વટી તથા હોમિયોપેથી આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી સ્થળ ઉપર જઈને મહત્તમ લોકોને વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી રહી છે. ●



# સુરતના ખેડૂતોને સિંચાઈ અને પાટણના નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી મળશે

ગુજરાત જ્યાં ખૂણે ખૂણામાં વિકાસની બહાર છે, પ્રત્યેક મુખે હરખ અપાર છે, જ્યાં તરસ શબ્દને સ્થાન નથી, જ્યાં તરસ્યા કોઈ ખેતર નથી. ઘર-ઘરમાં શાંતિ, ઔદ્યોગિક ક્ષેત્રે પ્રગતિ છે. આપણું ગુજરાત વિકાસના વિજયપથ ઉપર દોડતુ ગુજરાત છે. પણ એક સમય એવો પણ આવ્યો કે જ્યારે ગુજરાતનાં પશુ-પંખી અને માનવીઓ પાણી માટે વલખાં મારતાં હતાં. મહિલાઓને દૂર-દૂર સુધી પાણીની તપાસમાં જવું પડતું હતું. અશુદ્ધ પાણીથી લોકો બીમાર પડતા હતા. ખેતરો-વાડી અને ઘર પાણી વગરના હતાં, ત્યારે બે દશક પહેલાં ગુજરાતમાં એવી રાજ્ય સરકાર આવી કે જેણે પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવી દેવાની પ્રતિબદ્ધતા સાથે કાર્યો શરૂ કર્યાં.

આજે ગુજરાતનાં ઘરે-ઘરે નલ સે જલ યોજના અને ખેતરોને સિંચાઈ દ્વારા પાણી પહોંચાડવા યુદ્ધનાં ધોરણે અનેક કાર્યો ચાલી રહ્યાં છે. ખેડૂતો દિવસના સમયે વીજળી આપવાની વાત હોય, માંગો ત્યારે વીજળીના કનેક્શન આપવાનાં હોય કે પછી પોતાની મહેનતના પોષણક્ષમ ભાવ આપવાના હોય, રાજ્ય સરકાર તમામ ક્ષેત્રે ખેડૂતોને મદદરૂપ થઈને વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા વિવિધ કાર્યો કરી રહી છે. સુજલામ્ સુફલામ્ યોજના, તાપી ઉદવહન યોજના, સરદાર સરોવર યોજના અને સૌની યોજનાના માધ્યમથી આજે ખેડૂતોનાં ખેતર સુધી પાણી પહોંચી રહ્યાં છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં રૂ.767 કરોડની સિંચાઈ અને પીવાના પાણીની યોજનાઓનું ખાતમુહૂર્ત કર્યું હતું. જે અંતર્ગત સુરતના માંડવી અને માંગરોળ તાલુકાનાં કુલ ૮૯ ગામોના ૪૯,૫૦૦ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે તેમજ પાટણના હારિજ, રાધનપુર અને સાંતલપુર તાલુકાનાં ગામો તેમજ શહેરની જનતાને શુદ્ધ પાણી મળશે.

સુરતના આદિજાતિ તાલુકાઓના ખેડૂતોને બારમાસી સિંચાઈ સગવડ આપતી ૫૭૦ કરોડ રૂપિયાની મહત્ત્વાકાંક્ષી યોજનાના લોકાર્પણ અવસરે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, વર્તમાન રાજ્ય સરકારે વિકાસકામોનું ખાતમુહૂર્ત કરીને, તેનું લોકાર્પણ કરવાની કાર્યપદ્ધતિ ગુજરાતે વિકસાવી છે. સુરત જિલ્લાના માંડવી તાલુકાનાં ૬૧ ગામોના ૨૦૫૨૫ એકર તથા માંગરોળ તાલુકાનાં ૨૮ ગામોના ૨૮૯૭૫ એકર વિસ્તાર મળી કુલ ૮૯ ગામોના કુલ ૪૯૫૦૦ એકર વિસ્તારને વિતરણ વ્યવસ્થા થકી સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થતાં ૨૯૦૦૦ આદિજાતિ ખેડૂત પરિવારોને લાભ થશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ડિજિટલ માધ્યમથી આ યોજનાનું ઈ લોકાર્પણ કરી, માંડવી-માંગરોળ તાલુકાના પ્રજાજનો, ખેડૂતોની સમૃદ્ધિના નવાં દ્વાર ખોલ્યાં હતાં.

વન, આદિજાતિ, મહિલા અને બાળકલ્યાણ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, ન ભૂતો, ન ભવિષ્યતિ જેવા આ ભગીરથ કાર્યમાં પ્રબળ ઈચ્છાશક્તિને કારણે આજે સફળતા મળી છે. આદિવાસી વિસ્તારોના સર્વાંગીણ વિકાસ માટે રાજ્ય સરકારે એક લાખ કરોડથી વધુની રકમના વિકાસ કાર્યો કર્યા



છે. ૧૩ લાખ એકરથી પણ વધુ જમીનો વન અધિકાર ધારા હેઠળ આ સરકારે આપી છે.

આ કાર્યક્રમમાં સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, ધારાસભ્યો સર્વશ્રી મોહનભાઈ ઢોડિયા, ઝંખનાબહેન પટેલ, વી.ડી. ઝાલાવાડિયા સહિત ખેડૂત અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું સ્મૃતિભેટ અર્પણ કરી અભિવાદન કર્યું હતું.

## માંડવી અને માંગરોળના ખેડૂતો લાભાન્વિત

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સુરત જિલ્લાના આદિજાતિ વિસ્તાર એવા માંડવી તાલુકાના સઠવાવ ખાતે કુલ રૂ. ૫૭૦ કરોડના ખર્ચે સાકાર થયેલી સિંચાઈ સુવિધા માટેની 'કાકરાપાર-ગોરધા-વડ ઉદવહન પાઈપલાઈન યોજના'નું લોકાર્પણ કર્યું હતું. જેનાથી સુરત જિલ્લાના પૂર્વપટ્ટીના માંડવી અને માંગરોળ તાલુકાના આદિજાતિ વિસ્તારમાં સિંચાઈ સુવિધાનો નવો આયામ રચાશે.

સુરત જિલ્લાના માંડવી તાલુકાનાં ૬૧ ગામોનો ૨૦,૫૨૫ એકર તથા માંગરોળ તાલુકાનાં ૨૮ ગામોનો ૨૮,૯૭૫ એકર વિસ્તાર મળી કુલ ૮૯ ગામોના કુલ ૪૯,૫૦૦ એકર વિસ્તારને વિતરણ વ્યવસ્થા થકી સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થતાં ૨૯,૦૦૦ આદિજાતિ ખેડૂત પરિવારોને લાભ થશે. ઉપરાંત ૩ મધ્યમ ડેમ, ૨ મોટા તળાવો, ૬ કોતરો, અને ૩૦ ચેકડેમોમાં પાણી સંગ્રહ થશે. જેથી આદિજાતિ વિસ્તારમાં સિંચાઈ સુવિધાથી કિસાન સમૃદ્ધિનો સૂરજ ઊગશે.

દુર્ગમ પહાડી વિસ્તારમાં ઈજનેરી કૌશલ્યનું અનોખું ઉદાહરણરૂપ પૂરું પાડતી આ યોજનામાં કુલ ૩૨ કિલોમિટરની લંબાઈમાં માઇલ્ડ સ્ટીલની પાઈપલાઈન નાંખવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાના માંડવી અને માંગરોળ તાલુકાના આદિજાતિ વિસ્તારનાં કેટલાંક ગામો ઊંચા લેવલે હોઇ, તથા ડુંગરાળ પ્રદેશમાં આવેલા હોવાથી નજીકમાં જ ઉકાઈ ડેમ તથા કાકરાપાર વિયર જેવી મોટી સિંચાઈ યોજનાઓની નહેરો હોવા છતાં આ ગામો સિંચાઈ સુવિધાથી વંચિત રહ્યા હતા.

આ સમસ્યાના નિવારણ માટે આદિજાતિ વિસ્તારમા જળસંગ્રહ તથા સિંચાઈ સુવિધાઓ ઊભી કરવા માટે સંવેદનશીલ અભિગમ સાથે રાજ્ય સરકારે માંડવી અને માંગરોળ તાલુકામાં સિંચાઈની સુવિધા પૂરી પાડવા માટે ઉકાઈ-કાકરાપાર જળાશય આધારિત “કાકરાપાર-ગોરધા-વડ ઉદવહન પાઈપલાઈન યોજના”નુ દીર્ઘદષ્ટિપૂર્ણ ખેડૂતલક્ષી આયોજન હાથ ધર્યુ છે.

વર્ષ ૨૦૧૭માં આ યોજનાનું ખાતમુહૂર્ત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે થયું હતું. ડુંગરાળ પ્રદેશમાં આ યોજનાનું બાંધકામ કરાયું હોવા છતાં ભૌગોલિક પડકારોનો સામનો કરીને તથા “કોરોના ના કેર” વચ્ચે પણ આ કામ અવિરતપણે જારી રાખી યોજના સાકાર કરવામાં આવી છે. આ યોજનામાં કાકરાપાર વિયર ખાતે પ્રથમ પમ્પિંગ સ્ટેશન તથા ગોરધા વિયર પાસે બીજું પમ્પિંગ સ્ટેશન બનાવવામાં આવ્યું છે.

કાકરાપાર વિયર પાસે બનાવેલા પ્રથમ પમ્પિંગ સ્ટેશનથી ૫૦૦ ક્યુસેક્સ પાણી ઉપાડી ૧૦ ફૂટ વ્યાસની એટલે કે ઘરના એક માળની ઊંચાઇ જેટલા વ્યાસની પાઇપ લાઇનથી ગોરધા વિયર અને ગોડધા વિયર પાસે બનાવેલ બીજા પમ્પિંગ સ્ટેશનથી આ જ પાણી કુલ ૩૬૮ ફૂટ જેટલી એટલે કે ૩૭ માળના મકાન જેટલી ઊંચાઈમાં લિફ્ટ કરી માંગરોળ તાલુકાના વડગામ સુધીના આદિજાતિ વિસ્તારનાં ગામોમાં સિંચાઇ માટે પહોંચાડવામાં આવ્યું છે.

ઉકાઈ જળાશયમાં દર વર્ષે વિપુલ જથ્થામાં પાણી આવે છે. જેથી આ યોજના મારફત માંડવી અને માંગરોળ તાલુકામાં સિંચાઈથી વંચિત વિસ્તારોમાં પૂરતા જથ્થામાં સિંચાઈ માટે પાણી આપી શકાશે. યોજનામાં પાઈપલાઈનની નજીક આવતા ૬ કોતરોમાં પાણી નાખી ૩૦ ચેકડેમ ભરાશે. માંડવી તાલુકાના સઠવાવ તથા માંગરોળ તાલુકાના પાતાલદેવી ગામના મોટાં તળાવો ભરાશે. ત્રણ મધ્યમ ડેમ ગોરધા વિયર, લાખીગામ ડેમ અને ઇસર ડેમ પણ જળથી ભરવામાં આવશે.

## પાટણમાં પાણી પુરવઠાના રૂ. ૧૯૭ કરોડથી વધુના કામોનું ખાતમુહૂર્ત

પાણી વગર વિકાસ શક્ય નથી, ગુજરાતની વિકાસયાત્રાને અવિરત રાખવા ગુજરાતને પાણીદાર રાજ્ય બનાવવું છે. આ માટે ગુજરાતે પાણીના સ્રોત ઊભા કરીને નેવાંના પાણીને મોભે ચડાવીને પણ છેવાડાના માનવી સુધી પીવાનાં શુદ્ધ પાણી પહોંચાડયાં છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પાટણ જિલ્લામાં રૂ.૨૨૩ કરોડનાં વિકાસકામોની ભેટ આપતાં જણાવ્યું હતું કે રાજ્યમાં પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવવા માટે આ સરકારે દ્વારા પાણી પુરવઠા અને સિંચાઈની વ્યાપક યોજનાઓ સફળતાથી પાર પાડી છે.

'હર હાથ કો કામ, હર ખેત કો પાની'ના સૂત્રને સાર્થક કરવા નર્મદા, ઉકાઇ, કડાણા, પાનમ, ધરોઇ, દાંતીવાડા જેવા મોટા ડેમો થકી સિંચાઇ યોજનાઓનું કાર્યક્ષેત્ર વધારવામાં આવ્યું છે તેમજ રાજ્યમાં ૧ લાખ કિ.મિ. લાંબું પાઇપલાઇન વિતરણ નેટવર્ક ઊભું કરી રાજયના છેવાડાના અંતરિયાળ વિસ્તારોમાં શુદ્ધ પાણી આ સરકારે પહોંચાડ્યું છે, તેમ શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું હતું.

પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયાએ જણાવ્યું હતું કે, પાટણ જિલ્લામાં નર્મદા મુખ્ય કેનાલ આધારિત શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવા માટે રાધનપુર શહેર તેમજ રાધનપુર અને સાંતલપુર તાલુકાનાં ૧૨૭ ગામોની રૂ.૧૭૩.૭૩ કરોડની પાણી પુરવઠા યોજના તથા હારિજ શહેરમાં ૩.૦૦ એમ.એલ. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે રૂ.૯.૧૭ કરોડ અને રાધનપુર શહેરમાં ૬.૦૦ એમ.એલ. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે રૂ.૧૪.૯૭ કરોડ મળી કુલ રૂ.૧૯૭. ૮૭ કરોડનાં કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, શ્રમ અને રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર, સાંસદ શ્રી ભરતસિંહ ડાભી, જી.આઇ.ડી.સી. ચેરમેન શ્રી બળવંતસિંહ રાજપૂત, પૂર્વ ગૃહમંત્રી શ્રી રજનીભાઇ પટેલ, અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામક શ્રી એન.એ. નિનામા સહિત અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## પંચમહાલ જિલ્લામાં વરસી વિકાસની હેલી

રાજ્યમાં પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવવા માટે સરકાર દ્વારા પાણી પુરવઠા અને સિંચાઇની વ્યાપક યોજનાઓ બનાવી તેનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. રાજયમાં એક લાખ કિ.મિ. લાંબા પાઇપલાઇન વિતરણ નેટવર્કથી રાજ્યમાં છેવાડાના વિસ્તારો સુધી શુદ્ધ પાણી પહોચાડયું છે. નર્મદા, ઉકાઇ, કડાણા, પાનમ અને મહી જેવી મોટી નદીઓ આધારિત યોજનાઓથી આપણે ગુજરાતમાં પાણીની અછત દૂર કરી છે. ગુજરાતે ગેસગ્રીડ અને વીજગ્રીડ જેમ વોટરગ્રીડ નેટવર્કની આગવી દિશા અપનાવી છે, તેમ પંચમહાલ જિલ્લાના નાગરિકોને રૂ. ૭૦૫ કરોડનાં વિકાસકામોની ભેટ આપતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

પંચમહાલ સાજીવાવ ખાતે ખાતમુહૂર્ત કરી શહેરા તાલુકાના મહેલાણામાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા એક જ પખવાડિયામાં રાજ્યમાં રૂ. ૪ હજાર કરોડની પાણી પુરવઠાની વિવિધ યોજનાઓનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યાં છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'નલ સે જલ' યોજનાને સાકાર કરવા માટે રાજ્ય સરકાર પ્રતિ માસ એક લાખ ઘરને નળ જોડાણ આપવાના લક્ષ્યાંક સાથે કામ કરી રહી છે અને અત્યાર સુધીમાં ગ્રામીણ વિસ્તારોમાં ૮૨ ટકા કામગીરી પૂર્ણ થઇ છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજ્યના તમામ ઘરોમાં નળથી પાણી મળતું થઇ જશે એવો આપણો નિર્ધાર છે.

કબૂતરી ડેમના વિસ્થાપિતોની જમીન સનદોનાં ૫૦ દાયકા જૂના પ્રશ્નનું નિરાકરણ લાવવા બદલ આનંદ વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અમારી સરકાર સંવેદનશીલતા સાથે કામ કરી રહી છે. તેથી ૧૯૮૦માં બનેલા ડેમના ૪૭૯ અસરગ્રસ્તોને હવે ૧૦૫૮ હેક્ટર જમીનની સનદો આપવામાં આવી રહી છે. શ્રી રૂપાણીએ અસરગ્રસ્તોને જમીનની સનદો તથા કૃષિ વિભાગની યોજના હેઠળ ખેડૂતોને લાભોનું વિતરણ પણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી દ્વારા પંચમહાલને ભેટ મળેલાં કામો જોઇએ તો રૂ. ૧૩૬ કરોડથી વધુના ખર્ચે મોરવા હડફ ખાતે હારેડા જૂથ પાણી પુરવઠા યોજના, રૂ. ૨૨.૪૩ કરોડના ખર્ચે હાલોલ ખાતે પોલિટેકનિક કોલેજનું બાંધકામ, રૂ. ૧૭.૨૧ કરોડના ખર્ચે મોરવા હડફ ખાતે આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજનું બાંધકામ, રૂ. ૧૫.૯૦ કરોડના ખર્ચે જાંબુઘોડા ખાતે આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજનું બાંધકામ અને રૂ. ૮ કરોડના ખર્ચે શિક્ષણ વિભાગ દ્વારા ગોધરા તાલુકામાં ચંચોપા મોડેલ સ્કૂલનો સમાવેશ થાય છે.

જળસંપત્તિ વિભાગ હેઠળ રૂ. ૩૧૫

કરોડના ખર્ચે તૈયાર થનાર પાનમ જળાશય આધારિત ઉદ્વહનથી તળાવ ભરવાની યોજનાનાં કામો અને રૂ. ૧૩૮ કરોડના ખર્ચે તૈયાર થનાર પાનમ હાઈલેવલ કેનાલ આધારિત ઉદ્વહનથી તળાવ ભરવાની યોજનાં કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. જ્યારે શિક્ષણ અંતર્ગત રૂ. ૧૨.૬૦ કરોડના ખર્ચે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ, ગોધરા, અંબાલીના નવીન બાંધકામ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ ગોધરા- પંચમહાલ અંતર્ગત રૂ. ૩૫ કરોડના ખર્ચે ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી હાલોલ, પાણી પુરવઠા વિભાગ હેઠળ રૂ. ૬.૬૬ કરોડના ખર્ચે વણાકબોરી ફળિયા કનેક્ટિવિટી જૂથ પાણી પુરવઠા યોજના તેમજ રૂ. ૩.૧૦ કરોડના ખર્ચે અદેપુર ફળિયા કનેક્ટિવિટી જૂથ પાણી પુરવઠા યોજના જ્યારે બાગાયત વિભાગ, ગોધરા- પંચમહાલ હેઠળ રૂ. ૫.૪૩ કરોડના ખર્ચે સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર હૉર્ટિકલ્ચર એટ ખાંડીવાવ, જાંબુઘોડાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, પંચમહાલ જિલ્લામાં પાણી પુરવઠાની સાત જૂથ યોજનાઓ કાર્યરત છે. ૪૮ કિલોમિટર લાંબી બલ્ક પાઈપ લાઈન નાખવામાં આવી છે. તેમાંથી ૨૩૦૦ કિલોમિટર લાંબી લાઈનથી પાણી વિતરણ કરવામાં આવે છે. પાણી શુદ્ધીકરણના આઠ પ્લાન્ટ અને ૧૦ ભૂગર્ભ ટાંકા છે. આ યોજનાઓ સાકાર થતાં લોકોને પીવાના પાણીની સારી સુવિધા મળશે.

આ કાર્યક્રમમાં સાંસદ શ્રી રતનસિંહ રાઠોડ, રાજ્ય મંત્રી સર્વ શ્રી પ્રદીપસિંહ જાડેજા, શ્રી જયદ્રથસિંહ પરમાર ધારાસભ્ય સર્વ શ્રી જેઠાભાઈ ભરવાડ, સી. કે. રાઉલજી, સુમનબહેન ચૌહાણ, કલેક્ટર શ્રી અમિત અરોરા સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●



## ...હવે કોઈ પરિવાર ઘર વગરનો નહીં રહે - ડાહીબહેન

✐ **કૌશિક ગજ્જર**

"હવે તો કાચા મકાનમાંથી પાકા મકાનમાં રહેવા લાગ્યા હશોને...!"

"હા સાહેબ"

"મકાન સહાયના પૂરા પૈસા મળી ગયા છે?"

"પૂરા પૈસા પણ મળી ગયા છે અને સરકારની સહાયથી અમે પાકું ઘર પણ બનાવી દીધું છે."

"પરિવારજનો સાથે ત્યાં રહીને ખુશ છો ને!"

"એના માટે આપનો અને સરકારનો આભાર માનીએ એટલો ઓછો છે સાહેબ..."

આ વાર્તાલાપ છે રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને ડૉ.આંબેડકર આવાસ યોજનાના લાભાર્થી ગંગા સ્વરૂપા ડાહીબહેન સેનમા વચ્ચેનો.

પાટણ ખાતે યોજાયેલા પાણી પુરવઠા વિભાગના વિવિધ પ્રોજેક્ટ્સના ખાતમુહૂર્ત કાર્યક્રમની પૂર્ણાહૂતિ બાદ રાજ્યના નાગરિકો પ્રત્યે સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીએ ડાહીબહેનને મળી તેમના ખબરઅંતર પૂછ્યા ત્યારે ત્રીસ વર્ષ અગાઉ પરિવારના આધાર એવા પતિ ગુમાવનાર ડાહીબહેનની આંખોમાં હર્ષના આંસુ હતાં. ધરતીનો છેડો પામનારા ૭૦ વર્ષીય ડાહીબહેન પાટણના સબોસણ ખાતે કાચા મકાનમાં પોતાના પરિવાર સાથે રહેતા હતા. ડ્રાઈવર તરીકે નોકરી કરતા તેમના પુત્રને ડૉ.આંબેડકર આવાસ યોજના વિશેની જાણકારી મળતાં તેમણે મકાન સહાય મેળવવા અરજી કરી હતી. જે અંતર્ગત તેમને અલગ અલગ ત્રણ હપ્તામાં મકાન બાંધકામની સહાય પેટે રૂ.૧.૨૦ લાખ મળતાં તેમનું ઘરના ઘરનું સપનું સાકાર થયું છે.

આ અંગે વાત કરતાં ડાહીબહેન સેનમા કહે છે કે, પરિવારના મોભી ગુમાવ્યા બાદ વર્ષો સુધી કાચા મકાનમાં રહ્યા પણ ઓછી આવકના કારણે પાકું મકાન બનાવી શક્યા નહોતા. સરકારે જેમ પરિવારની જવાબદારી લીધી હોય તેમ મકાન બનાવવા સહાય ચૂકવી તેનાથી હવે પાકું ઘર બનાવ્યું છે. મુખ્યમંત્રીશ્રી સાથેની મુલાકાતને યાદ કરતાં ડાહીબહેન કહે છે કે, મારા પરિવારને રહેવા પાકા મકાનની ચિંતા જ્યારે ખુદ રાજ્યના મુખ્યમંત્રી કરતા હોય ત્યારે મને વિશ્વાસ છે કે હવે કોઈ પરિવાર પોતાના ઘર વિનાનો નહીં રહે.

ડૉ.આંબેડકર આવાસ યોજના અંતર્ગત રૂ.૧,૨૦,૦૦૦ની મકાન સહાય ઉપરાંત ડાહીબહેનને મહાત્મા ગાંધી નરેગા (MGNREGA) યોજના હેઠળ આવાસ બાંધકામ માટે ૯૦ દિવસની બિનકુશળ રોજગારી માટે રૂ.૧૭,૯૧૦ની ગ્રાન્ટ પણ મળી છે. ●

## ઉદ્યોગ સાહસિકોનું સન્માન




સમાજ અને સરકારને જાગૃત રાખવાનું તેમજ દિશાસૂચન કરવાનું કાર્ય ઇલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા કરી રહ્યાં છે. તાજેતરમાં ગાંધીનગરમાં આત્મનિર્ભર ભારત સમારંભમાં ઉદ્યોગ સાહિસકોને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના હસ્તે સન્માનિત કરાયા હતા. યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરતાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારતના મોટા બજાર સાથે દેશના નવયુવાનોમાં બુદ્ધિશક્તિ અને ઉત્સાહ અમર્યાદિત છે.

મંત્રીશ્રીએ કહ્યું કે, મીડિયાનું કામ સમાચાર આપવાનું હોય છે. પરંતુ બદલાતા સમય અને જરૂરિયાતને ધ્યાનમાં રાખી પોતાના પ્રોફેશન સાથે સમાજ ઉપયોગી અને પ્રોત્સાહિત કરવાની ઉમદા પ્રવૃત્તિ મીડિયા દ્વારા કરવામાં આવી રહી છે. વિશ્વનો કોઈપણ દેશ ભારતને અવગણી શકે તેમ નથી. કારણ કે, ભારત દેશ વિશ્વનું સૌથી મોટું કન્ઝ્યુમર માર્કેટ છે. આથી દરેક દેશ- કંપનીઓને પોતાની પ્રોડેક્ટ વેચવા માટે ભારતના માર્કેટની જરૂરિયાત રહે છે. આ પ્રસંગે TV9 પરિવારના વડા શ્રી કલ્પક કેકડેએ કાર્યક્રમની યોજવા પાછળની ભૂમિકા આપી હતી. ●

## ગાંધીનગર-અમદાવાદના નાગરિકોને વધુ એક ફ્લાયઓવરની ભેટ



પાટનગર ગાંધીનગરના પ્રવેશદ્વાર એવા ઉવારસદ જંકશન ખાતે રૂ.૧૭ કરોડના ખર્ચે નવનિર્મિત ફ્લાયઓવર અને રૂ.૨૧.૬૭ કરોડનાં ખર્ચે નિર્મિત ત્રિમંદિર અડાલજથી હનુમાન મંદિર સુધીના ૧૦ માર્ગીય રસ્તાનું તાજેતરમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે લોકાર્પણ કર્યુ હતું. ગાંધીનગર અને અમદાવાદના નાગરિકોને ઉત્તરાયણના તહેવારે વધુ એક ફ્લાયઓવરની વિશેષ ભેટ મળી છે જેના થકી ટ્રાફિકથી ભરચક રહેતા એસ જી હાઇવે પર નાગરિકો હવે સુરક્ષા સાથે ઝડપી પરિવહન કરી શકશે. નોંધનીય બાબત છે કે આ સમગ્ર પ્રોજેક્ટમાં VMS આધારિત સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ તથા ફ્લાયઓવર ઉપર નોઈસ બેરીયરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તથા ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ.૮૬૭ કરોડના ખર્ચે નિર્માણ થઇ રહેલા સરખેજ- ગાંધીનગર- ચિલોડા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર-૧૪૭ (એસ.જી હાઇવે)ના ફ્લાયઓવર સહિત છ માર્ગીકરણ તથા એલિવેટેડ કોરિડોરના કામો પૈકી આ બે મહત્વના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટમાં કુલ ૧૦ ફ્લાયઓવરના કામોનો સમાવેશ થાય છે. જે પૈકી તૈયાર થઈ ગયેલા સિંધુભવન ચાર રસ્તા અને સાણંદ ચાર રસ્તા પરના ફ્લાયઓવરના લોકાર્પણ નવેમ્બર-૨૦૨૦માં કરી દેવામાં આવ્યા છે. જ્યારે અન્ય કામો જુલાઈ-૨૦૨૧ સુધીમાં તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન છે. એટલું જ નહિ આ નિર્ણાયક રાજ્ય સરકાર દ્વારા અંદાજે ૩૪૦૦ કરોડના ખર્ચે રાજ્યના રેલવે ફાટકો ઉપર ૬૮ ઓવર બ્રિજ બનાવવાનો સંકલ્પ કરાયો છે ત્યારે આગામી ત્રણ-ચાર વર્ષમાં ગુજરાત રેલવે ફાટક મુક્ત રાજ્ય બની જશે જે સમગ્ર દેશમાં ફાટક મુક્ત પ્રથમ રાજ્ય હશે. ●

## ગ્રામીણ માર્ગોની સુધારણા માટે કેન્દ્રએ રૂ. ૯૬૮ કરોડ ફાળવ્યા

ગુજરાત સરકારે 'જ્યાં નાગરિક, ત્યાં સુવિધા'ના મંત્ર સાથે વિકાસકાર્યોનો પ્રારંભ કર્યો છે. શહેરો-ગામડાઓમાં રસ્તાઓ, પીવાનું શુદ્ધ પાણી, વીજળી સહિતની સુવિધાઓ આપી છે. ગુજરાતમાં માર્ગ સુવિધાઓ વધુ સુદૃઢ બનાવવા માટે રાજ્ય સરકારે અનેકવિધ પ્રયાસો કર્યાં છે. ત્યારે તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા પણ રાજ્યમાં માર્ગ સુવિધા માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના(PMGSY) હેઠળ રૂ. ૯૬૮.૫૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે કેન્દ્રીય ગ્રામીણ વિકાસ પંચાયતીરાજ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરનો રાજ્યના નાગરિકો વતી આભાર માનતા જણાવ્યું હતું કે, રાજ્યમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કામાં ૧૭૧ માર્ગોના ૧૭૧૫.૪૯ કિ.મિ.ના ગ્રામીણ રસ્તાઓ કે જે હાલ ૩.૭૫ મીટરના છે તેને ૫.૫૦ મીટર પહોળા કરવા માટે રૂ.૯૬૮.૫૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ માર્ગો પહોળા થવાથી ગ્રામીણ વિસ્તારના ખેડૂતોને પોતાનો પાક APMC સુધી લઇ જવામાં સરળતા મળશે એ જ રીતે વિદ્યાર્થીઓને પણ શાળાઓ સુધી જવામાં સરળતા થશે તેમજ નાગરિકોને પરિવહન માટે પણ સરળતાથી સુવિધાઓ ઉપલબ્ધ થશે જેના પરિણામે નાગરિકોનું જીવનધોરણ ઊંચું આવશે. ●

# અમદાવાદ સિવિલમાં નવા અદ્યતન ૨૧ ઓપરેશન થિયેટર કાર્યરત

જ્યારે જ્યારે માનવતાનો સાદ પડ્યો છે ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલે ફક્ત ગુજરાતના જ નહીં પરંતુ સમગ્ર ભારતભરમાંથી આવતા દર્દીનારાયણની નિ:સ્વાર્થ ભાવે, રાત-દિવસ જોયા વિના સેવા-શુશ્રૂષા કરી છે. રાજ્યની સંવેદનશીલ સરકારની તમામ લોકોની ખેવના રાખવાની નીતિને ધ્યાને લઈ "મે આઇ હેલ્પ યુ" ની સાથે "મે આઇ કેર યુ" ની સમાજ ભાવના રાખીને સર્વે દર્દીઓની સેવા કરી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલની સુવિધામાં વધારો કરવાના હેતુથી તાજેતરમાં ટ્રોમા સેન્ટરમાં ૨૧ ઓપરેશન થિયેટરનું નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે લોકાર્પણ કર્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય પર આવી પડેલી આપત્તિઓ, કુદરતી હોનારતોમાં સિવિલ હોસ્પિટલ અને કુશળ તબીબોએ રાજ્યભરમાં સેવા બજાવીને પોતાની કર્તવ્યનિષ્ઠાનું શ્રેષ્ઠ ઉદાહરણ વખતોવખત પૂરું પાડ્યું છે. સિવિલ હોસ્પિટલમાં નવનિર્મિત અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ઓપરેશન થિયેટર્સ દેશભરમાંથી આવતા દર્દીઓની જનસુખાકારીમાં વધારો કરશે. ગુજરાતની વર્તમાન સંવેદનશીલ સરકારે પણ અમદાવાદ સિવિલ હોસ્પિટલ સહિત રાજ્યના આરોગ્ય ક્ષેત્રને વધુ સઘન અને આધુનિક બનાવવામાં કોઇ કચાશ રાખી નથી. જ્યારે જ્યારે આકસ્મિક આપદા સમયની જરૂરિયાત હોય કે સામાન્ય જરૂરિયાત રાજ્ય સરકારે તમામ જરૂરિયાતોથી રાજ્યની તમામ હોસ્પિટલને સંતોષી છે.



અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં રાજ્ય તેમજ રાજ્ય બહારથી આવતા દર્દીઓની સ્વાસ્થ્ય સુવિધાઓમાં વધારો થાય તે માટે 21 ઓપરેશન થિયેટર, અત્યાધુનિક CSSD, સૂચિત સ્કિન બેંક કાર્યરત કરાવવામાં આવી છે. 2021ના નવા વર્ષમાં આ વિવિધ પ્રકલ્પો જનસુખાકારીમાં વધારો કરીને અમદાવાદ સિવિલ હોસ્પિટલની સ્વાસ્થ્ય સુવિધાઓની કાર્યદક્ષતા વધુ અસરકારક બનાવશે. સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરથી લઈ સમગ્ર હોસ્પિટલમાં તબક્કા પ્રમાણે સ્વાસ્થ્ય જરૂરિયાત, મશીનરી, અત્યાધુનિક ઉપકરણોની જરૂરિયાત સંતોષીને તમામ સુવિધાઓથી સુસજ્જ કરવામાં આવી રહી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, દેશની અત્યાધુનિક મેડિસિટીના સેવેલાં સ્વપ્નને આગળ ધપાવવા રાજ્ય સરકાર તમામ પ્રયાસ કરી રહી છે તેનું આ પ્રકલ્પો શ્રેષ્ઠ ઉદાહરણ છે. અમદાવાદ સિવિલ મેડિસિટીમાં આવેલ કિડની હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ, આંખની હોસ્પિટલ, ડેન્ટલ હોસ્પિટલ, હૃદયરોગની હોસ્પિટલ, પેરા પ્લેઝિયા ઇંન્સ્ટિટ્યૂટ, મહિલાઓ અને બાળકો માટેની અલાયદી હોસ્પિટલ, બી.જે. મેડિકલ કોલેજ, નર્સિંગ હોસ્ટેલ જેવી તબીબી સુવિધાઓ ફક્ત રાજ્ય જ નહીં પરંતુ દેશભરમાંથી આવતા દર્દીઓની સ્વાસ્થ્ય સુવિધાઓ અને જનસુખાકારીમાં અનેકગણો વધારો કરી રહી છે. જે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પરિકલ્પના હતી જે સાકાર થઇ રહી છે.

અમદાવાદ સિવિલ સંકુલમાં કોરોના ડેડિકેટેડ 1200 બેડ હોસ્પિટલની કામગીરીએ સમગ્ર દેશમાં કર્તવ્યનિષ્ઠાનું અને સેવાભાવનાનું આગવું ઉદાહરણ પૂરું પાડ્યું છે. તાજેતરમાં જ રાજકોટમાં રાજ્યની પ્રથમ એઇમ્સ ઇન્સ્ટિટ્યૂટના ઉદઘાટન પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા પણ ગુજરાતની કોરોનાના કપરા કાળમાં કરવામાં આવેલી કામગીરીને બિરદાવવામાં આવી હતી. વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ બાદ સિવિલ હોસ્પિટલના અસ્મિતાભવન ખાતે યોજાયેલ સમારંભમાં નાયબ મુખ્યમંત્રી શ્રીએ સિવિલ હોસ્પિટલના માધ્યમથી રાજ્યના મેડિકલ, પેરામેડિકલ તેમજ તમામ ક્ષેત્રના કોરોના વૉરિયર્સ પ્રત્યે સન્માનની લાગણી વ્યક્ત કરીને તેમની કાર્યક્ષમતા અને કર્તવ્યનિષ્ઠાને બિરદાવી હતી.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રોટરી ક્લબ અને સિવિલ હોસ્પિટલ વચ્ચે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે રાજ્યની પ્રથમ સ્કિન બેંક બનાવવાના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આરોગ્ય વિભાગના અગ્રસચિવ ડૉ. જયંતી રવિ, આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે, સિવિલ હોસ્પિટલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. જે.વી. મોદી, સિવિલ મેડિસિટીની તમામ હોસ્પિટલ અને ઇંન્સ્ટિટ્યૂટના ડીન, ડાયરેક્ટર,આરોગ્ય વિભાગના અધિકારી અને પદાધિકારીઓ, તબીબી તજજ્ઞો, સહિત સિવિલ હોસ્પિટલ તંત્રના સ્ટાફ મિત્રોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. ●

# એક સાથે આઠ વિકાસ પ્રકલ્પોની ભેટ મળતાં આણંદમાં આનંદ



ગુજરાત સરકાર રાજ્યને પાણીદાર બનાવી વીજ સરપ્લસ સ્ટેટ સાથે વૉટર સરપ્લસ સ્ટેટ બનવા તરફ આગળ વધી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું વર્ષ-૨૦૨૪ સુધીમાં દેશનાં તમામ ઘરોમાં નળથી જળ પહોંચાડવાનું સ્વપ્ન છે આ સંકલ્પને વર્ષ-૨૦૨૨ સુધીમાં સાકાર કરવા રાજ્યમાં દર માસે એક લાખ ઘરોને નળ આપવાના લક્ષ્યાંક સાથે કામ ચાલી રહ્યું છે. કડાણા, સીપુ, દાંતીવાડા, ધરોઇ, ઉકાઇ અને પાનમ જેવી મોટી નદીઓ આધારિત યોજનાઓથી ગુજરાતમાં પીવાના પાણીની અછત દૂર કરવા નેવાનાં પાણી મોભે ચડાવ્યાં છે.

રાજ્યમાં પીવાના પાણીના અસરકારક વ્યવસ્થાપન માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી આગામી વર્ષ-૨૦૨૨ સુધીમાં રાજ્યનાં તમામ ઘરોમાં નળથી જળ પહોંચાડવા માટે સરકાર પ્રતિબદ્ધ છે. આ પ્રતિબદ્ધતા સાથે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આણંદ જિલ્લાના ઉમરેઠ, આંકલાવ, પેટલાદ, સોજિત્રા અને ખંભાત તાલુકામાં પીવાના શુદ્ધ પાણી અને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના રૂા. ૧૬૭.૯૩ કરોડ સહિત જનસુવિધા અને જનસુખાકારીના કુલ રૂ.૧૭૨.૧૨ કરોડનાં આઠ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યાં હતાં.

રાજ્યમાં પીવાના પાણીના રૂપિયા ૪૦૦૦ કરોડનાં કામો હાથ ધરી છેવાડાના વિસ્તારો અને ઘર-ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય ઉપાડયું છે. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની જેમ ઇઝ ઓફ લિવિંગ દ્વારા લોકોના જીવનધોરણમાં બદલાવ આવે તેની પણ સરકારે ચિંતા કરી છે. કોરોના મહામારી વચ્ચે પણ રાજયની વણથંભી વિકાસયાત્રા અવિરત ચાલુ રહી છે. રાજ્યમાં ૨૧ હજાર કરોડનાં વિકાસકામોનાં લોકાપર્ણ/ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં છે. ગુજરાત આજે સમગ્ર ભારતનું રોલમોડલ બનવા સાથે વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજયના ૨૫ ટકા વિસ્તારમાં ૭૫ ટકા વરસાદ, જ્યારે ૭૫ ટકા વિસ્તારમાં ૨૫ ટકા વરસાદ પડે છે, રાજ્ય સરકાર હાથ જોડીને બેસી રહેવાને બદલે પડકારોનો સામનો કરી પીવાના અને સિંચાઇના પાણી માટે સુવ્યવસ્થિત આયોજન કરી આગળ વધી રહી છે.

સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ છેલ્લાં ત્રણ વર્ષમાં તળાવો ઊંડા કરવાં અને નદીઓને પુન:જીવિત કરી રાજયમાં જળસંચય ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે.

મુખ્ય મંત્રીશ્રીએ રાજયનાં શહેરો આધુનિક બને તે માટે સરકારે પર્યાવરણ-પાણી અને પ્રકાશની ચિંતા કરી ટકાઉ વિકાસ હાથ ધરી શહેરો સુરક્ષિત અને સલામત બને તેની ભૂમિકા આપી હતી. રાજયનાં શહેરોમાં મલિન જળને શુદ્ધ કરવા માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવી રહ્યા છે. જેને કારણે ગટરનાં ગંદા પાણીને શુદ્ધ કરી ખેડૂતોને સિંચાઇ માટે તેમજ ઔદ્યોગિક ગૃહોને આપવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, છેલ્લા દોઢ મહિનામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે કચ્છમાં ૩૦ હજાર મેગાવોટની રિન્યુઅલ એનર્જી પાર્ક, માંડવીમાં ડિસેલિનેશન પ્લાન્ટ, ગિરનારમાં રોપ-વે, સુરતથી ઘોઘા રોપેક્સ સર્વિસ, સી-પ્લેન તેમજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી-કેવડિયા ખાતે પ્રવાસનને લગતા વિવિધ પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યા છે.

કૃષિ રાજ્ય મંત્રી શ્રી જયદ્રથસિંહજી પરમારે જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દૃષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. આણંદ જિલ્લાનાં ૩૪૭ ગામો પૈકી ૧૦૮ ગામોમાં ૧૧ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. આણંદ જિલ્લામાં વડાપ્રધાનશ્રીના જલ જીવન મિશન હેઠળ ૧૦૦ ટકા ઘરોમાં નળથી જળ પહોંચાડવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, ધારાસભ્યો સર્વ શ્રી ગોવિંદભાઈ પરમાર, મયુરભાઈ રાવલ, પદાધિકારીઓ - કલેકટર, અધિકારીઓ સહિત નાગરિકો હાજર રહ્યા હતા. ●

# દાહોદમાં રૂ. ૧૫૦૦ કરોડનાં વિકાસકામોની વર્ષા





અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે.વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં રૂ. ૯૦ હજાર કરોડનાં વિકાસનાં કામો કરવામાં આવ્યાં છે. શિક્ષણ, આરોગ્ય, રોજગારી, કૃષિ આરોગ્યને લગતી સુવિધાઓને બહેતરીન બનાવવામાં આવી છે. દાહોદ જિલ્લાના નાગરિકોને રૂ.૧૫૦૦ કરોડથી પણ વધુનાં વિકાસ કામોની ભેટ આપી હતી.

પહેલાં રાજ્ય સરકારનું બજેટ માત્ર સાત-આઠ હજાર જેટલું હતું. તેમાં કોઇ એક વિભાગને કામો કરવા માટે ૭૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ ફાળવવામાં આવતી હતી. પણ, હવે એક માત્ર દાહોદમાં જ અને એક જ દિવસમાં રૂ. ૧૫૦૦ કરોડથી વધુનાં કામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતને વિશ્વનું પ્રતિષ્ઠિત રાજ્ય બનાવવાની નેમ વ્યક્ત કરતા કહ્યું કે, ખેડૂતોને માત્ર પાણી જ નહીં, પણ દિવસે વીજળી મળે એ માટેની પણ વ્યવસ્થા આ સરકારે વિચારી સમગ્ર રાજ્યમાં સર્વ પ્રથમ દાહોદના ખેડૂતોને દિવસે વીજળી આપવાની કિસાન સૂર્યોદય યોજનાની શરૂઆત કરી છે. જેનાથી ખેડૂતોને દિવસે કામ અને રાતે આરામ મળી શકશે. આટલું જ નહીં. ખેડૂતોએ ખેતરમાં પાડેલો પરસેવો એળે જ જાય એ માટે રાજ્ય સરકાર સતત ચિંતા કરી રહી છે. એટલે જ ખેતઉપજોના વાજબી ભાવ મળી રહે તે હેતુ રાજ્ય સરકાર દ્વારા છેલ્લાં ચાર જ વર્ષમાં ૧૭ હજાર કરોડથી ખેતજણસોની ટેકાના ભાવે ખરીદી કરી છે.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ થયેલાં વિકાસકામોની યાદી જોઇએ તો રૂ. ૧૦૫૪ કરોડની કડાણા ઉદવહન સિંચાઇ યોજના ભાગ-૧, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા રૂ. ૩.૨૮ કરોડથી નિર્મિત ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, આદિજાતિ વિભાગ દ્વારા ઝાલોદ ખાતે રૂ. ૭.૬૧ કરોડના સરકારી કુમાર છાત્રાલય, આરોગ્ય વિભાગના કુલ ૨.૪૦ કરોડથી નિર્મિત બે આરોગ્ય કેન્દ્રો અને જેટકો રૂ. ૨.૨૦ કરોડના ૬૬ કે. વી. સબ સ્ટેશનનું લોકાર્પણ કરાયું હતું એ જ પ્રમાણે ખાતમુહૂર્તની યાદી જોઇએ તો રૂ. ૨૨૬ કરોડની કડાણા ઉદવહન સિંચાઇ યોજના ભાગ-૨, કડાણા આધારિત રૂ. ૨૧૩.૬૯ કરોડની ત્રણ પાણી પુરવઠા યોજના, પાણી પુરવઠા વિભાગની રૂ. ૧૪.૯૪ કરોડની બે ફળિયા કનેક્ટિવિટી યોજના અને રૂ. ૪ કરોડના ખર્ચથી નિર્માણ પામનારા ૬૬ કે. વી. સબસ્ટેશનનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, દાહોદ જિલ્લામાં પાણીની શ્રેષ્ઠતમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્વપ્નને પૂર્ણ કરતા મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળની સરકારે દાહોદના દરેક ગામ-દરેક ઘર સુધી પાણી પહોંચાડ્યું છે. પૂર્વપટ્ટીના આ આદિવાસી જિલ્લામાં કૃષિને વધુ સમૃદ્ધ કરવાના આશયથી સિંચાઈ યોજનાઓ મારફતે જળક્રાંતિ તો લાવી જ છે, પરંતુ તેની સાથે સમગ્ર જિલ્લામાં ખેતી માટે દિવસે વિજળી ઉપલબ્ધ કરાવવાનો ક્રાંતિકારી નિર્ણય લઈ ખેડૂતોને ખૂબ મોટી રાહત કરી આપી છે.

આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડ અને સ્થાનિક સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોરે પણ પ્રાસંગિક પ્રવચન કર્યાં હતાં.

કાર્યક્રમમાં ધારાસભ્ય સર્વશ્રી રમેશભાઈ કટારા, શ્રી શૈલેશભાઈ ભાભોર, અગ્રણીઓ શ્રી શંકરભાઈ આંબલિયા, નરેન્દ્રભાઈ સોની, સ્નેહલભાઈ ભુરિયા, બી. ડી. વાઘેલા સહિત અગ્રણીઓ તેમજ વરિષ્ઠ અધિકારી શ્રી એમ.કે. જાદવ, શ્રી મયૂર મહેતા, શ્રી વિજય ખરાડી સહિતના અધિકારીગણ તેમજ પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાજકોટને મળી રૂ.૧૩૧ કરોડનાં વિકાસકામોની સોગાદ

નવા વર્ષના નૂતન પ્રભાતે રાજકોટ વાસીઓની સુખાકારી માટે રૂા. ૯૬.૧૬ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ અને રૂા. ૭૩.૧૪ કરોડના ખર્ચે નિર્માણ પામનાર વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ૨૦૨૦નું વર્ષ કોરોના સામે યુદ્ધ સમાન હતું, આ સમય દરમિયાન કોરોનાના સંક્રમણને ખાળવા અને કોરોનાની ઉત્કૃષ્ટ સારવાર પૂરી પાડવા સમગ્ર તંત્રએ એકજુટ બની કામગીરી કરી છે. કોરોના જેવી આફતને અવસરમાં બદલવા, હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હેલ્થ એન્વાયરનમેન્ટ સહિત આરોગ્યના અનેક નવા આયામો સર કરાયા છે.








કોરોના કાળમાં પણ રાજ્યનો વિકાસ અવિરતપણે ચાલ્યો છે. છેલ્લા ૧૦ માસમાં આશરે ૨૦ હજાર કરોડનાં વિકાસકામોનાં ખાતમુહૂર્ત - લોકાર્પણ કરાયાં છે, નવું વર્ષ પણ વિકાસની હરણફાળ ભરનારૂં બની રહેશે, તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકારે કૃષિ, સિંચાઈ, શિક્ષણ, શહેરી વિકાસ સહિતનાં તમામ ક્ષેત્રોમાં અનેકવિધ યોજનાઓ બનાવી ''સર્વે ભવન્તુ સુખીનઃ'' ના મંત્રને ચરિતાર્થ કર્યો છે.

શહેરોના વિકાસ અટકે નહીં તે માટે ગુજરાતમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૩૦૦ ટી.પી. સ્કીમ અને ૪૦ ડી.પી. સ્કીમ બનાવી ઈતિહાસ સર્જ્યો છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતનાં શહેરો વિશ્વનાં શહેરોની બરોબરી કરી શકે તે માટે સરકાર અવિરત કાર્ય કરી રહી છે. પાણી, પર્યાવરણ અને પ્રકાશની સુવિધા સાથે શહેરોનો આયોજનબદ્ધ વિકાસ થાય તે માટેનું સંનિષ્ઠ કાર્ય ગુજરાતમાં થઈ રહ્યું છે.

ડિજિટલ ગુજરાત નેમ તળે, ૩૧ માર્ચ સુધીમાં ગુજરાતનાં ગામડાઓ ડિજિટલી કનેક્ટિવિટીથી જોડાય તેવું સુદ્રઢ આયોજન કરાયું છે. જેના થકી ગ્રામીણ વિસ્તારના લોકોને પણ ઓનલાઈન સરકારી સેવા-સુવિધાઓ ઘર આંગણે પ્રાપ્ત થશે.

રાજ્ય સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રે હાથ ધરાયેલ વિકાસલક્ષી કાર્યોની સાથે રાજકોટના અવિરત વિકાસ માટેનાં કામોની વિગતો આપતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં ઈન્ટરનેશનલ એરપોર્ટ, બસપોર્ટ, સિક્સ લેન, ફોર લેન રસ્તા, એઈમ્સ, મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ, નવી જનાના હોસ્પિટલ સહિતના અનેક પ્રોજેક્ટ હાથ ધરાયા છે, જે આવનારા દિવસોમાં રાજકોટને સર્વાંગી વિકાસની નવી ઊંચાઈએ લઈ જશે.

નર્મદા અને શહેરી ગૃહનિર્માણ વિભાગના રાજ્ય મંત્રી શ્રી યોગેશભાઈ પટેલે રાજકોટ શહેરમાં હાથ ધરાયેલાં વિકાસકામોના વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ, ખાતમુહૂર્તની વિગત આપતાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની આગેવાની નીચે રાજ્ય સરકાર વિકાસના નવા આયામો સર કરી રહી છે. એઈમ્સ હોસ્પિટલ, ઈન્ટરનેશનલ એરપોર્ટ, લાઈટ હાઉસ પ્રોજેક્ટ સહિત અનેક પ્રકલ્પોની ભેટ મુખ્યમંત્રીશ્રીએ રાજકોટને આપી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈના નેતૃત્વમાં રાજકોટ સહિત સમગ્ર ગુજરાત વિકાસની ઊંચાઈ સર કરશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે સ્માર્ટસિટી રાજકોટનાં વિકાસકામો અંગેની ડોક્યુમેન્ટરી ફિલ્મનું નિદર્શન કરાયું હતું. તેમજ બાંધકામ શ્રમિકો માટે કામના સ્થળે આવવા જવા માટે ૮૦ ટકા પરિવહન ખર્ચમાં રાહત આપવાની ખાસ યોજનાના લાભાર્થીને મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રતીકાત્મક કન્સેશન પાસ આપી આ યોજનાનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો.

આ ખાતમુહૂર્ત - લોકાર્પણ કાર્યક્રમમાં સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્યો સર્વશ્રી ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠિયા, અરવિંદભાઈ રૈયાણી, પૂર્વ મેયર શ્રીમતી બીનાબહેન આચાર્ય, મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખભાઈ ભંડેરી, કલેકટર શ્રી રેમ્યા મોહન, મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદીત અગ્રવાલ તેમજ અગ્રણી નગરજનો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# ખેડા જિલ્લામાં જનસુવિધા અને સુખાકારીના વિકાસકામો



જ્યાં માનવી ત્યાં સુવિધાના વિકાસ મંત્ર સાથે રાજ્ય સરકારે જનસુખાકારીનો યજ્ઞ શરૂ કર્યો છે. ગામડાઓ તથા શહેરોમાં ભવિષ્યમાં ઊભી થનારી જરૂરિયાતોને ધ્યાને રાખી વિકાસકાર્યોનો રોડમેપ તૈયાર કરાયો છે. શહેરોને પાકા રસ્તા, પીવાનું શુદ્ધ પાણી, ઓવરબ્રિજ, અંડરબ્રિજ, બાગબગીચાની સુવિધા ઉપલબ્ધ કરાવી લોકોનું ઇઝ ઓફ લિવિંગનું સ્વપ્ન સાકાર કર્યું છે. આ દિશામાં આગળ વધતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ તાજેતરમાં ખેડા જિલ્લાને રૂ. 285.42 કરોડનાં વિકાસકામોની ભેટ અર્પણ કરી હતી.

શ્રી વિજયભાઇ રૂપાણીએ નડિયાદ ખાતે ખેડા જિલ્લાના નાગરિકો માટે પીવાના પાણી માટે ૮૧.૭૦ કરોડની પાણી પુરવઠા યોજના સહિત રૂ.૧૮૫.૧૧ કરોડના ખર્ચે નિર્માણ થનાર બાવન વિકાસકામોનું ખાતમુહૂર્ત તેમજ રૂ.૧૦૦.૩૧ કરોડના ખર્ચે નિર્માણ થયેલ વિકાસકામોનું લોકાર્પણ કર્યું હતું.

ખેડા જિલ્લામાં મુખ્ય મંત્રીશ્રીએ કુલ રૂ. ૨૮૫.૪૨ કરોડના ૧૨૯ વિકાસકામોનાં લોકાર્પણ - ખાતમુહૂર્ત કર્યાં હતાં. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું વર્ષ-૨૦૨૪ સુધીમાં દેશનાં તમામ ઘરોમાં નળથી જળ પહોંચાડવાનું સ્વપ્ન છે રાજ્ય સરકાર આ સંકલ્પને વર્ષ-૨૦૨૨ સુધીમાં સાકાર કરવા રાજયમાં દર માસે એક લાખ ઘરોને નળ આપવાના લક્ષ્યાંક સાથે કામ કરી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજયમાં ઇજનેરી કૌશલ્ય દ્વારા ખેડૂતોને સિંચાઇ તેમજ નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાનું ભગીરથ કામ સરકારે કર્યું છે. આજે રાજયમાં ૮૨ ટકા લોકોને નળથી જળ મળી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કોરોના મહામારી વચ્ચે પણ રાજયની વણથંભી વિકાસયાત્રા અવિરત ચાલુ રહી છે. રાજયમાં ૨૫ હજાર કરોડનાં વિકાસકામો લોકાર્પણ/ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં છે. ગુજરાત આજે સમગ્ર ભારતનું રોલમોડલ બન્યું છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વર્ષ-૨૦૨૦માં રાજ્ય સરકારનું બજેટ રૂપિયા બે લાખ દસ હજાર કરોડ છે. અગાઉ પાણી પુરવઠા વિભાગમાં માત્ર ૪૦૦ કરોડની ફાળવણી કરવામાં આવતી હતી તેની સામે રાજ્ય સરકારે દરેક વિભાગમાં ઓછામાં ઓછા ૧૫ હજાર કરોડની ફાળવણી કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજયમાં વિકાસકામો માટે નાણાંનો કોઇ પ્રશ્ન જ નથી. રાજ્ય અમારી સરકારે પ્રજાના પરસેવાના એક-એક રૂપિયાનો સદઉપયોગ કરી ઇમાનદારી અને પારદર્શી વહીવટ દ્વારા સમગ્ર રાજયમાં વિકાસના કામો હાથ ધર્યાં છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સક્ષમ નેતૃત્વમાં આજે દેશના પ્રત્યેક ઘરમાં શૌચાલય, વીજળી, આવાસ, ગેસ જેવી પાયાની પ્રાથમિક જરૂરિયાતો પહોંચાડવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજય સરકારે ખેડૂતો માટે વ્યાપક નિર્ણયો કરી 'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં'ની ભૂમિકા આપી રાજય સરકારે છેલ્લાં ચાર વર્ષમાં ટેકાના ભાવે રૂા.૧૭ હજાર કરોડની ખેડૂતો પાસેથી ખેત પેદાશોની ખરીદી કરી હતી તેમ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે મહિલાઓ સ્વાવલંબી બને તે માટે રાજયની દશ લાખ સખીમંડળની મહિલાઓને રૂપિયા એક લાખનું ધિરાણ શૂન્ય ટકા વ્યાજે આપવાની મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અમલમાં મૂકી છે. રાજયનાં શહેરોમાં મલિન જળને શુધ્ધ કરવા માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવી રહ્યા છે. જેને કારણે ગટરના ગંદા પાણીને શુદ્ધ કરી ખેડૂતોને સિંચાઇ માટે તેમજ ઔદ્યોગિક ગૃહોને આપવામાં આવે છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં મહેસૂલી સેવાઓને વધુ પારદર્શી બનાવવા માટે મહેસૂલી સેવાઓને ઓનલાઇન કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. રાજ્ય સરકારે કામ કરવાની પદ્ધતિ બદલી જેને પરિણામે રાજયમાં સુવ્યવસ્થિત રીતે વિકાસ કામો થઇ રહ્યાં છે. આજે રાજયની સરકારી કચેરીઓને કોર્પોરેટ ઓફિસ જેવો લુક આપવામાં આવી રહ્યો છે.

આ પ્રસંગે વિધાનસભાના મુખ્યદંડક શ્રી પંકજભાઇ દેસાઇ, સાંસદો સર્વ શ્રી દેવુસિંહ ચૌહાણ, સાંસદ શ્રી રતનસિંહ રાઠોડ, ધારાસભ્યો સર્વ શ્રી અર્જુનસિંહ ચૌહાણ, કેસરીસિંહ સોલંકી, પદાધિકારીશ્રીઓ-અધિકારીશ્રીઓ સહિત નગરજનો હાજર રહ્યાં હતાં. ●

# એસ.ટી.માં નવી ૧ હજાર બસની ખરીદીને લીલી ઝંડી

બે દાયકા અગાઉ બસો જર્જરિત હાલતમાં હોય, એસ.ટી. બસ મથકોની સ્થિતિ ખરાબ હોય, એસ.ટી બસના આવવા-જવાના કોઈ સમય નિર્ધારિત ન હોય તેવી પરિસ્થિતિ હતી. પાછલા બે દાયકામાં ગુજરાત ‘વધુ બસ-સારી સેવા’ના સૂત્ર સાથે આગળ વધ્યું છે. હવે રાજ્યનાં બસમથકોને બસપોર્ટ બન્યાં છે. પેસેન્જર સુવિધાઓ અદ્યતન ઊભી કરીને આરામદાયક એરકન્ડિશન્ડ વેઇટિંગ રૂમ્સ, વૃદ્ધો-જરૂરતમંદો માટે વ્હીલચેર, સામાન વહન કરવા ટ્રોલી અને પ્રતિષ્ઠિત ઉત્પાદનો-વેચાણોના સ્ટોલ્સ સાથે બસમથકો એરપોર્ટ જેવા બન્યાં છે. તેના મૂળમાં છે રાજ્ય સરકારની ત્વરિત નિર્ણયશક્તિ.

ગુજરાતે નવા વર્ષના આગવા અંદાજમાં વધામણાં કર્યાં. ૨૦૨૧ના નૂતન વર્ષના પ્રથમ દિવસે જ સમગ્રતયા રૂ. ૩૩.૬૬ કરોડના જનસેવા પ્રકલ્પો મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સામાન્ય માનવી, મુસાફર જનતાની સેવા માટે ભેટ ધર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા તલોદ, સિદ્ધપુર, અંકલેશ્વર, ચુડા અને દિયોદરમાં કુલ રૂ. ૧૨.૮૯ કરોડના ખર્ચે નવનિર્મિત પાંચ બસમથકો, ઉનામાં રૂ. ૨.૩૬ કરોડના ખર્ચે નવનિર્મિત ડેપો વર્કશોપના ગાંધીનગરથી ઇ-લોકાર્પણ કર્યાં હતાં. તેમણે આ લોકાર્પણ સાથોસાથ રાજ્યમાં ૧૦ સ્થળો વસઇ, કોટડાસાંગાણી, ભાણવડ, મહુવા, તુલસીશ્યામ, ધાનપુર, કેવડિયા કોલોની, સરા, કલ્યાણપુર અને ટંકારા ખાતે કુલ રૂ. ૧૮.૪૧ કરોડના ખર્ચે નિર્માણ થનારા નવીન બસમથકોની ઇ-ખાતમુહૂર્ત વિધિ પણ સંપન્ન કરી હતી.

આ અવસરે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ મહેસાણા જિલ્લાના વસઇથી તેમજ રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ વિવિધ લોકાર્પણ-ખાતમુહૂર્ત સ્થળોએથી સહભાગી થયા હતા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ નૂતનવર્ષ ૨૦૨૧ના પ્રથમ દિવસે રાજ્યના સામાન્ય માનવી, નાગરિકોને મહત્ત્વપૂર્ણ ભેટ આપતાં જાહેર કર્યું કે જાહેર પરિવહન સેવા માટે રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ, એસ.ટી. કોર્પોરેશન નવી ૧ હજાર બસોની ખરીદી કરશે.

આ ૧૦૦૦ બસ આગામી જૂન મહિનાથી રાજ્યના મુસાફરોની સેવામાં કાર્યરત થઇ જશે. આ નવી ૧૦૦૦ બસ અદ્યતન ટેકનોલોજી BS-6 થી સજ્જ હશે જેનાથી પર્યાવરણની પણ રક્ષા થશે. નાગરિકો-મુસાફરો માટે સ્વચ્છ પર્યાવરણપ્રિય પરિવહન સેવામાં એસ.ટી. નિગમ નવી ૫૦ ઇલેક્ટ્રિક બસ પણ આ વર્ષે મૂકશે.

કલેકટર કચેરીઓ કે પંચાયત કચેરીઓને સેવાસદન તરીકે પ્રસ્થાપિત કરી કોર્પોરેટ લુક જેવું વર્ક એન્વાયરનમેન્ટ ઊભું કર્યું છે. આ બદલાવનો સીધો લાભ સામાન્ય નાગરિકોને મળે છે. શ્રી વિજયભાઇ રૂપાણીએ આ જ સંદર્ભમાં માર્ગ વાહનવ્યવહાર નિગમ એસ.ટી.ની સેવાઓમાં પણ ધરમૂળથી પરિવર્તન લાવવામાં આવ્યું છે તેની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા રોજની ૪૫ હજારથી વધુ ટ્રિપના સંચાલનથી દરેક ગામને ઓછામાં ઓછી રોજની બે ટ્રિપ મળે તેવું આયોજન કર્યું છે. એસ.ટી પ્રજાની સેવા માટેનું સાધન છે અને વિદ્યાર્થીઓ, વૃદ્ધો, દિવ્યાંગોને કન્સેશન-રાહત સેવા આપવા સાથે ગરીબ-જરૂરતમંદ લોકોને લગ્ન જેવા પ્રસંગોમાં રાહત દરે બસ આપવાની સગવડો લોકસેવાનો શ્રેષ્ઠ વિકલ્પ બની છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ એસ.ટી સેવાઓ કુદરતી આપત્તિઓ પૂર, વાવાઝોડા, કોરોના સંક્રમણ વગેરેમાં પણ લોકોને સલામત સ્થળે પહોંચાડવા તેમજ જરૂરી સેવા-સુવિધા માટે ખડેપગે રહે છે તેની પ્રસંશા કરી હતી. રાજ્ય સરકારે એસ.ટી ની સેવાઓમાં પણ સમયાનુકૂલ પરિવર્તન લાવીને પેસેન્જર સેન્ટ્રિક બનાવી છે. એસ.ટી બસોમાં વોલ્વો, સ્લીપર કોચ, મિની બસ તેમજ ચોક્કસ સમયપત્રક મુજબ સંચાલન માટે GPS સિસ્ટિમ પણ એસ.ટી બસોમાં કાર્યરત કરી છે.



લોકોને-નાગરિકોને વધુ સારો સુવિધાસભર, સલામત અને સરળ સસ્તો યાતાયાત વિકલ્પ રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમની બસો બનીને હરતી ફરતી સરકારની જનહિત છબિ રૂપ છે. વાહનવ્યવહાર-બંદરોના અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાની, એસ.ટી. નિગમના વહીવટી સંચાલક શ્રી એસ. જે. હૈદર, જનરલ મેનેજર શ્રી વાળા વગેરે આ અવસરે ગાંધીનગરથી જોડાયા હતા.

## GSRTCને સતત ત્રીજા વર્ષે ટ્રાન્સપોર્ટ મિનીસ્ટર્સ રોડ સેફ્ટી એવોર્ડ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વમાં ગુડ ગર્વનન્સ ક્ષેત્રે ગુજરાતની ગૌરવ ગાથામાં વધુ એક સિદ્ધિ ઉમેરાઈ છે. ગુજરાત એસ.ટી.ને ટ્રાન્સપોર્ટ મિનીસ્ટર્સ રોડ સેફટી એવોર્ડ વર્ષ ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૧ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે. ભારત સરકારના મિનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝના એસોસિયેશન ઓફ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ અન્ડર ટેકીંગ દ્વારા ગુજરાત એસ.ટી. કોર્પોરેશનને સતત ત્રીજીવાર આ ગૌરવ સિદ્ધિથી સન્માનિત કરવામાં આવ્યું છે.

આ અગાઉ ૨૦૧૮-૧૯ના વર્ષનો ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર્સ રોડ સેફ્ટી એવોર્ડ પણ ગુજરાત એસ.ટી. નિગમે મેળવેલો છે. હવે, ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના એવોર્ડ સાથે એસ.ટી. નિગમે આ પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવવાની હેટ્રીક નોંધાવી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, વાહન વ્યવહાર મંત્રી શ્રી આર. સી. ફળદુ, રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે ગુજરાત એસ.ટી. નિગમના કર્મયોગીઓને આ ગૌરવ સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં નાગરિકલક્ષી સેવાઓ અને સરકારના વિવિધ વિભાગોની કામગીરીના સીધા મોનીટરીંગ માટે વિકસાવેલા સી.એમ. ડેશબોર્ડ દ્વારા એસ.ટી. સેવાઓનું સતત મોનીટરીંગ થાય છે. તદઅનુસાર, ઓવર સ્પીડીંગ વાળી બસ સેવાઓની પ્રત્યક્ષ જાણકારી સી.એમ. ડેશબોર્ડને મળતાં જ તેના પર નિયંત્રણ લાવી શકાય છે. આ મહત્વપૂર્ણ મોનીટરીંગને પરિણામે એસ.ટી. બસોના અકસ્માતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે જે સરવાળે મુસાફર સુરક્ષા-સલામતિનું દ્યોતક બન્યું છે. ●





## મહેસાણાના વસઇ ગામને મળશે અદ્યતન બસ મથક

રાજ્ય સરકાર લોકોની સુખાકારી માટે ઉત્તમ પરિવહન સેવાની સાથે સામાજિક દાયિત્વ એસ.ટી નિગમે પૂરું પાડ્યું છે. એસ.ટી નિગમની સેવા થકી દૈનિક ૨૫ લાખ મુસાફરોને પરિવહનની સેવા પૂરી પાડવામાં આવે છે. રાજ્યના ૧૮ હજાર ગામડાઓમાં અને શહેરોમાં પરિવહનની સેવા આજે લોકોની સુખાકારીનો પર્યાય બની છે.રાજ્ય સરકારે ભૂતકાળમાં એસ.ટીની કથળી ગયેલ સેવાઓને સુધારી છેલ્લા દાયકાઓમાં વિશ્વકક્ષાની પરિવહન સેવા બનાવી છે. પરિવહન સેવા સાથે દિવ્યાંગ, કેન્સર પીડિત સહિત વિદ્યાર્થીઓને વિનામૂલ્ય તેમજ રાહતદરે સુવિધા પૂરી પાડવામાં આવે છે.

મહેસાણા જિલ્લાના વસઇ મુકામે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રૂ ૯૪.૭૧ લાખના ખર્ચે નિર્માણ થનાર એસ.ટી મથકનું ખાતમુહૂર્ત કર્યું હતું આર.સી.સી ફ્રેમ સ્ટ્રકચરવાળા સુવિધાયુક્ત નવીન બસ સ્ટેશન થવાથી આગામી સમયમાં મુસાફરોની સુવિધામાં વધારો થનાર છે.૩૪, ૪૦૦ ચોરસમીટર જમીન વિસ્તારમાં ૨૮૫.૫૧ ચોરસમીટરનું બાંધકામ થનાર છે.આ સાથે મુસાફરો માટે બેઠક વ્યવસ્થા, કંટ્રોલરૂમ, કેન્ટીન, વૉટર રૂમ, પાર્સલરૂમ, સ્ટોલ કમ શોપ, ડ્રાઈવર કંડકટર રેસ્ટ રૂમ, દિવ્યાંગ માટે રેમ્પની સુવિધાનો સમાવેશ થનાર છે. વસઇ એસ.ટી મથક ખાતે દૈનિક ૧૭૫ પેસેન્જર સહિત ૬૦ આવન-જાવન એસ.ટી. ટ્રીપ રહે છે.

વસઇ એસ.ટી મથકના ખાતમુહૂર્ત પ્રસંગે સંસદ સભ્ય શ્રીમતી શારદાબહેન પટેલ, ધારાસભ્ય શ્રી રમણભાઇ પટેલ, જિલ્લા કલેકટર શ્રી એચ.કે.પટેલ, એસ.ટી. વિભાગના અધિકારીઓ, પદાધિકારીઓ અને પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

### 'આત્મા ગામડાનો-સુવિધા શહેરની' વિભાવના સાર્થક

# ડિજિટલ સેવાસેતુના માધ્યમથી ૨૮ લાખ નાગરિકોની અરજીઓનો ઘરઆંગણે નિકાલ

રાજ્યના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોના સામાન્યમાં સામાન્ય માનવીને પણ પોતાના ગામમાંથી જ વિવિધ સરકારી સેવાઓ ઘરેબેઠાં મળે તેવી ઐતિહાસિક ડિજિટલ ક્રાંતિ ડિજિટલ સેવાસેતુના સફળ અમલથી શક્ય બની છે. 'આત્મા ગામડાનો, સુવિધા શહેરની' કન્સેપ્ટ સાથે ડિજિટલ સેવાસેતુ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે, જેનાં સુફળ રાજ્યના નાગરિકોને મળતાં થયાં છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સરકારની સેવાઓમાં ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગથી પ્રજાજનો માટે ઇઝ ઓફ લિવિંગ વધારવાની નેમ સાથે ઓક્ટોબર-૨૦૨૦માં આ ડિજિટલ સેવાસેતુનો પ્રારંભ ૨૦૦૦ ગામોમાં ૨૨ જેટલી વિવિધ સરકારી સેવાઓ-યોજનાઓ પહોંચાડવા સાથે કરાવ્યો હતો. શ્રી વિજયભાઇ રૂપાણીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલોજી વિભાગે છેક ગ્રામીણસ્તર સુધી ઓપ્ટિકલ ફાયબર નેટવર્ક અને ભારત નેટ ઇન્ટરનેટ અન્વયે ૧૦૦ MBPSની સ્પીડ સાથે નેટ કનેક્ટિવિટી સફળતાપૂર્વક પ્રસ્થાપિત કરી છે.

ભારત નેટ ફેઇઝ-૨ ની રાજ્યમાં સંપૂર્ણ જવાબદારી સાયન્સ ટેક્નોલોજી વિભાગે સંભાળીને મોટાભાગનું કામ પૂર્ણ કરી દીધું છે. આ ડિજિટલ સેવાસેતુનો પ્રારંભ ઓક્ટોબર-૨૦૨૦માં બે હજાર ગામોમાં ૨૨ જેટલી સરકારી સેવાઓ સાથે શરૂ થવાની સફળતાને પગલે મુખ્યમંત્રીશ્રીએ ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં વધુ ૮૦૦૦ ગામોમાં આ સેવાઓ પ્રસ્થાપિત કરવા અને સરકારની વધુ સેવાઓ તેમાં આવરી લેવાનો એટલે કે ૨૨ થી વધારીને ૪૫ સેવાઓ આવરી લેવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો હતો.

રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલોજી વિભાગે મુખ્યમંત્રીશ્રીના આ લક્ષ્યાંકને સફળતાપૂર્વક પાર પાડીને રાજ્યની ૮૦૦૦ ગ્રામ પંચાયતોમાં ડિજિટલ સેવાસેતુનો વ્યાપ વિસ્તારી દીધો છે. મુખ્યમંત્રીશ્રીએ ૨૦૨૧ના વર્ષમાં રાજ્યની તમામ ૧૪ હજાર ગ્રામ પંચાયતોમાં ભારત નેટ ઇન્ટરનેટ માધ્યમથી ડિજિટલ સેવાસેતુ માટેની પ્રતિબદ્ધતા સાથે વિભાગને આ માટે પ્રેરિત કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના આ પ્રજાલક્ષી પારદર્શી, નિર્ણાયક અભિગમને ગ્રામીણ જનતા જનાર્દને પણ જબરજસ્ત પ્રતિસાદ આપ્યો છે. ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં ડિજિટલ સેવાસેતુના વિવિધ લાભો માટે ૨૮ લાખ અરજીઓનો ઘરઆંગણે ઝડપથી નિકાલ થયો છે. લાખો ગ્રામીણ નાગરિકોએ પોતાના ગામમાં જ સરકારના વિવિધ વિભાગોની સેવાઓ સરળતાએ અને ઝડપથી મેળવી છે. મુખ્યમંત્રીશ્રીએ ગુડ ગવર્નન્સના મૂળ મંત્રને સાકાર કરતાં ગ્રામીણસ્તરે જ લોકોને બધી સેવાઓ સમયસર અને બેરોકટોક વિનાવિલંબે મળે, એટલું જ નહિ કચેરીના ધક્કા પણ ન ખાવા પડે તે સુનિશ્ચિત કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ડિજિટલ સેવાસેતુથી ગ્રામીણ વિસ્તારોના સશક્તીકરણ - રૂરલ એમ્પાવરમેન્ટના સંકલ્પ સાથે ''આત્મા ગામડાનો, સુવિધા શહેરની''નો નવતર કન્સેપ્ટ અપનાવ્યો છે.

લોકોને પોતાના ગામમાંથી જ સરકારની વિવિધ સેવાઓ, પ્રમાણપત્રો-દાખલાઓ મળી રહે ને ''ઇઝ ઓફ લિવિંગ''માં વૃદ્ધિ થવા સાથે ગ્રામ સમૃદ્ધિથી શહેર, શહેરથી રાજ્ય અને રાજ્યથી રાષ્ટ્ર સમૃદ્ધિની દિશામાં આગળ વધવાનો મુખ્યમંત્રીશ્રીનો આ સંકલ્પ ઉત્તમથી સર્વોત્તમ ગુજરાતના નિર્માણની આગવી કેડી કંડારનારો બન્યો છે. ડિજિટલ ઇન્ડિયા દ્વારા નયા ભારત-આત્મનિર્ભર ભારતની પ્રતિબદ્ધતા આ ડિજિટલ સેવાસેતુથી સાકાર કરીને ગુજરાત સમગ્ર દેશનું દિશાદર્શન મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દ્દષ્ટિવંત નેતૃત્વમાં કરી રહ્યું છે. ●

## ડિજિટલ સેવાસેતુમાં 45 સેવાઓનો સમાવેશ

અલગ - ડુપ્લિકેટ - નવીન રેશનકાર્ડ, નામ બદલવા સોગંદનામું, રેશનકાર્ડનું સોગંદનામું, રેશનકાર્ડ માટે પાલકની નિમણૂક, રેશનકાર્ડમાં નામ દાખલ - ફેરફાર - કમી કરવા, આવકનો દાખલો, આવક અંગેનું સોગંદનામું, સિનિયર સિટીઝન પ્રમાણપત્ર, અધિનિવાસ પ્રમાણપત્ર, FIRની નકલ, ઓનલાઇન ટિકિટ, નવો ઇ-કમ્પ્યૂટર પાસ, ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિધવા સહાય યોજના, વિધવા સહાય અંગે આવકનું પ્રમાણપત્ર, વિધવા હોવાનું પ્રમાણપત્ર, ઇ-ચલણ (સ્ટેમ્પ ડ્યૂટી), સંત સૂરદાસ યોજના, સમરસ છાત્રાલય પ્રવેશ, PHID અને ટ્રાવેલ પાસ, ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના, ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, ધાર્મિક લઘુમતીનું પ્રમાણપત્ર, જાતિ અંગેનું સોગંદનામું, ઇ-અરજી, ઘરઘાટીની નોંધણી, ડ્રાઇવરની નોંધણી, ના વાંધા પ્રમાણપત્ર, પોલીસ ચકાસણી પ્રમાણપત્ર, ભાડવાતની નોંધણી, સિનિયર સિટીજનની નોંધણી, ઇ-કમ્પ્યૂટર પાસનું નવીકરણ, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, નિરાધારની વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના, બિન અનામત વર્ગો માટે પ્રમાણપત્ર, ભાષાકીય લઘુમતી માટેનું પ્રમાણપત્ર, રાષ્ટ્રીય કુટુંબ સહાય (સંકટ મોચન), વિચરતી-વિમુક્ત જાતિ માટેનું પ્રમાણપત્ર, સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તરર સહાય યોજનાનો લાભ નાગરિકોને ગ્રામ પંચાયતમાંથી જ મળી રહેશે. ●

# વાત નિર્ણાયક મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતની ડિજિટલ ક્રાંતિની...

ગુજરાત એટલે વિકાસનો પર્યાય. રાજ્ય સરકારની પારદર્શી નીતિના પરિણામે આજે ગુજરાત બેસ્ટ ડેસ્ટિનેશન ઓફ ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે. રાજ્યના છેવાડાના માનવી સુધી જનસુખાકારીનાં કાર્યો પહોંચાડી ગુજરાતની વિકાસયાત્રામાં સહભાગી બનાવ્યા છે. લાંબી લાંબી લાઈનમાં ઊભા રહી સમય ખર્ચતા નાગરિકાની વેદના સમજી રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ડિજિટલ સેવા સેતુનો નવતર અભિગમ શરૂ કર્યો છે. ડિજિટલ સેવા સેતુના માધ્યમથી ૪૦ થી વધુ સરકારી સેવાઓ નાગરિકોને ઘર આંગણે પૂરી પાડી છે. ગુજરાતે ડિજિટલ ક્રાંતિનુ સુકાન સંભાળી વાહનવ્યવહાર, મહેસૂલ, બાંધકામ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, DBT, ઓનલાઈન હરાજી વગેરે જેવા ક્ષેત્રોમાં પારદર્શી પગલાં લઈ સમગ્ર દેશને દિશાસૂચન કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી CM ડેશબોર્ડ દ્વારા 3000થી વધુ ઈન્ડિકેટર્સથી વિવિધ વિભાગોની કામગીરી તેમજ યોજનાઓ પર સીધી નજર રાખી રહ્યા છે. લોકડાઉનના સમયમાં CM ડેશબોર્ડ દ્વારા મુખ્યમંત્રીશ્રી કોવિડને લગતી વ્યવસ્થાઓ પર સતત નજર રાખી શક્યા છે. રાજ્ય સરકારની વિવિધ યોજના અંગે જનતાના અભિપ્રાયો, પ્રતિભાવો પણ CM ડેશબોર્ડના માધ્યમથી સીધા મુખ્યમંત્રીશ્રી સુધી પહોંચ્યા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પાછલા 11 માસમાં 2 લાખથી વધુ નાગરિકો સાથે સંવાદ કરી નવો વિક્રમ સ્થાપ્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ડિજિટલ ક્ષેત્રે ક્રાંતિકારી પગલાંઓ લઈ સામાન્ય જનતાનો સમય અને નાણાંનો બચાવ કર્યો છે. સાથે પ્રત્યેક ગુજરાતીને પારદર્શિતાની પ્રતીતિ કરાવી છે. મુખ્યમંત્રીશ્રીએ એફિડેવિટ કરવાની સત્તા ગ્રામ પંચાયત કક્ષાએ તલાટી - કમ - મંત્રીને આપવાનો ક્રાંતિકારી નિર્ણય કર્યો છે. જેનો સીધો ફાયદો છેવાડાનાં ગામડામાં વસતા નાગરિકોને થયો છે. આવકનો દાખલો, રેશનકાર્ડની સેવાઓ, 7/12 અને 8/Aના ઉતારા જેવી સરકારી સેવાઓનો લાભ ગ્રામ પંચાયત કક્ષાએ જ સરળતાથી મળી રહ્યો છે.

જમીન NA કરાવવી, NOC, વારસાઈ, ખેડૂત ખાતેદારોની ખરાઈ જેવી મહેસૂલ વિભાગની સેવાઓ i-ORA પર ઓનલાઈન ઉપલબ્ધ કરાવી છે. રાજ્યના મહેસૂલી વહીવટને કમ્પ્યૂટરાઈઝ્ડ, સલામત, સુરક્ષિત, સુદૃઢ અને ઝડપી બનાવવાના પગલાંરૂપે હસ્તલિખિત મહેસૂલી રેકર્ડ જાન્યુઆરી-2004થી ડિજિટાઈઝ કરી ઓનલાઈન કરવામાં આવેલ છે. મહેસૂલી સેવાઓ વધુ ઝડપી, સરળ અને પારદર્શક બને તે માટે ઈ-ગવર્નન્સના માધ્યમ અને અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગથી i-ORA પર બોનાફાઈડ ઈન્ડસ્ટ્રિયલ પરવાનગી, વારસાઇ નોંધ, સુધારા હુકમ, જમીન માપણી જેવી 27 જેટલી વિવિધ સેવાઓ ઓનલાઇન કરી સીંગલ વિન્ડો સિસ્ટિમને યથાર્થ બનાવી છે.

ખાણ-ખનિજોની લીઝની ઓનલાઈન હરાજી, ડ્રોનના ઉપયોગથી ગેરકાયદેસર ભૂ-ખનન રોકવા બાજ નજર, ભૂ-ખનન માફિયાઓ પર આધુનિક ટેક્નોલોજી દ્વારા અંકુશ લગાવ્યો છે. ખાણ-ખનિજોની લીઝની ઓનલાઈન હરાજી કરી પારદર્શિતા લાવી છે. રાજ્યની શાળાઓના શિક્ષકોની ઓનલાઈન હાજરીની વ્યવસ્થા કરી છે જેના કારણે શિક્ષણકાર્ય નિયમિત થયું છે ઓનલાઈન હાજરી સિસ્ટિમ દાખલ કરવામાં આવતા સમગ્ર શૈક્ષણિક કાર્ય-સત્રમાં પણ હકારાત્મક પરિણામ જોવા મળ્યું છે.

રાજ્યમાં ઓનલાઈન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટિમ (ODPS) અને OPDS 2.0થી ઝડપી બાંધકામની ઓનલાઈન પરમિશન ઉપલબ્ધ કરાવી છે. ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગના પગલે પ્લાન પાસ થયા પછી બાંધકામની પરવાનગી માટે કચેરીમાં ધક્કા ખાવા પડતા નથી. સરળ અને પારદર્શી પ્રક્રિયા ODPSથી પોતાના કોમ્પ્યૂટરમાંથી પ્લાન સબમિટ કરી શકાય છે. 24 કલાકમાં તો પાકી મંજૂરી મળી જાય છે જેથી ડેવલપમેન્ટ ચાર્જ ભરીને વ્યક્તિ મકાન બાંધકામ શરૂ કરી શકે છે. બાંધકામની પરવાનગીઓ ઓનલાઈન થતા ડેવલપમેન્ટની કામગીરી માટેની મંજૂરીની આંટાઘૂંટી સરળ બનાવી ભ્રષ્ટાચારને સમાપ્ત કર્યો છે.

સરકારની જનહિતલક્ષી યોજનાઓના લાભાર્થીઓને DBT દ્વારા સીધા ખાતામાં પૈસા જમા કરાવવામાં આવે છે જેનાથી સરકારે મોકલેલા પૈસા કોઈપણ વચેટિયા વગર સીધા લાભાર્થીને મળી રહ્યા છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) સુવિધાના કારણે જનધન-આધાર અને મોબાઈલની મદદથી બોગસ લાભાર્થીઓને ઓળખવાનું શક્ય બન્યું છે,

વાહનોની નોંધણી, ડ્રાઈવિંગ લાઈસન્સનું રિન્યુઅલ, ડુપ્લિકેટ આર.સી. બુક જેવી મોટાભાગની સુવિધાઓ ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવી છે. જેનાથી રાજ્યના લાખો લોકોને RTO કચેરીના ધક્કા ખાવામાંથી મળી મુક્તિ મળી છે. રાજ્ય સરકારે RTOની તમામ પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા પ્રક્રિયા ઓનલાઈન કરી છે. ઓનલાઈન થવાના કારણે અરજદારોને એજન્ટોની જરૂરિયાત રહેતી નથી અને જાતે જ લાઈસન્સથી માંડીને વાહનને લગતી બધી જ કામગીરી માટે ઘરબેઠાં જ ઓનલાઈન અરજી કરી શકે છે. ●

# 'મેક ઈન ઈન્ડિયા'ના વિઝન હેઠળ સાકારિત થયેલી ૯૧મી K-9 વજ્ર ટેન્ક



મેક ઈન ઈન્ડિયાના વિઝન હેઠળ એલ. એન્ડ ટી. હજીરા દ્વારા નિર્મિત થયેલી ૯૧મી K-9 વજ્ર ટેન્કને લીલી ઝંડી આપી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રસ્થાન કરાવ્યું હતું. આ વેળાએ વજ્ર ટેન્કની આરતી ઉતારી પરંપરાગત પૂજન-અર્ચન કરીને ટેન્ક પર સવાર થઈને અભિવાદન ઝીલ્યું હતું.

ગુજરાતની સાહસિક ભૂમિ પર એલ.એન્ડ ટી. કંપની 'આત્મનિર્ભર ભારત' અભિયાનને સાકારિત કરીને અભેદ્ય કિલ્લા સમાન વજ્ર ટેન્કનું ઉત્પાદન કરી રહી છે જે બદલ અભિનંદન પાઠવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ આત્મનિર્ભર ભારત, મેક-ઈન ઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા જેવા અભિયાનો સૂત્રો સાથેનો આગવો દષ્ટિકોણ આપીને દેશની જનતામાં નવી આશા-જોમનું સર્જન કર્યું છે. સમગ્ર વિશ્વમાં એલ એન્ડ ટી કંપનીએ એન્જિનિયરિંગ ક્ષેત્રે અશક્યને શક્ય બનાવીને દેશનું ગૌરવ વધાર્યું છે. ડિફેન્સનાં સાધનો પહેલાં બહારથી આયાત કરવા પડતાં હતાં. હવે ડી.આર.ડી.ઓ. મારફતે સંશોધનો કરીને આપણે ત્યાં સાધનોનું નિર્માણ થાય તે દિશામાં સરકારે કાર્ય હાથ ધર્યું છે. સંરક્ષણ શસ્ત્રસરંજામનું ભારતમાં નિર્માણ શરૂ કરીને કંપનીએ શ્રેષ્ઠતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે.

આ કંપનીએ ગુજરાતમાં વિશ્વનું સૌથી મોટુ 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' બનાવવાનું બીડું ઝડપી પોતાની ઉચ્ચ ઈજનેરી ક્ષમતા સાબિત કરી છે. તેવી રીતે મોટેરા સ્ટેડિયમ જેવા આગવા પ્રોજેક્ટો સહિત અનેક પુલ, રેલ, પાઈપલાઈનના પ્રોજેક્ટ નિર્માણનાં વિકાસકાર્યોમાં યોગદાન આપ્યું છે.

સંસ્કૃતની કહેવત 'वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि'ને લાર્સન ટુબ્રો કંપનીએ ખરા અર્થમાં ચરિતાર્થ કરી હોવાનું જણાવતા મુખ્યમંત્રીશ્રીએ વજ્ર ટેન્ક દુશ્મનોના દાંત ખાટા કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, લેટેસ્ટ ટેકનોલોજીયુક્ત વેપન્સ આપણા દેશમાં બને તે દિશામાં આપણી સરકાર કામ કરી રહી છે. આવનારા સમયમાં ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ગુજરાતમાં થાય તે દિશામાં રાજ્ય સરકારના પ્રયાસો રહેશે તેમ ઉમેર્યું હતું.

સમગ્ર ભારતમાં 52 ટકા ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ મેળવીને ગુજરાતે મોખરાનું સ્થાન મેળવ્યું હોવાનું જણાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દરેક કંપની લાંબાગાળાનું ઈન્વેસ્ટમેન્ટ કરી શકે તે માટે ગુજરાતે ડિફેન્સ પૉલિસી, સોલાર પૉલિસી જેવી દરેક ક્ષેત્ર માટે પૉલિસીઓ બનાવીને તેના લાભો દરેકને મળે તે દિશામાં કાર્ય કર્યું છે.

આ વેળાએ L&T કંપનીના ડિરેક્ટર જયંત પાટિલે જણાવ્યું કે, એલ એન્ડ ટી કંપનીએ K-9 વજ્ર ટેન્ક પ્રોજેક્ટની સૌથી પહેલી ટેન્ક બનાવી તેવી મજબૂતી દુનિયાના અન્ય કોઈ દેશો પાસે નથી.

આ વેળાએ મુખ્યમંત્રીશ્રીએ આર્મર્ડ સિસ્ટિમ કોમ્પલેક્સનું નિરીક્ષણ પણ કર્યુ હતું. આ વેળાએ પોલીસ કમિશનરશ્રી અજય તોમર તથા મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાની, કંપનીના ઉચ્ચ અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુજરાત ચૂંટણી આયોગને શ્રેષ્ઠ રાજ્ય ચૂંટણી આયોગનો એવોર્ડ

શહેરી સંસ્થાઓમાં નાગરિકલક્ષી આંતરમાળખાખીય વ્યવસ્થા અને લોકશાહી મૂલ્યોના સંવર્ધનની બાબતો માટે રાષ્ટ્રીય કક્ષાએ જનાગ્રહ સંસ્થા કાર્યરત છે. બેંગલોરની જનાગ્રહ સંસ્થા દ્વારા તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતના રાજ્ય મંત્રી શ્રી હરદીપસિંહ પુરીના અધ્યક્ષસ્થાને વર્ચ્યુઅલ પુરસ્કાર સમારોહ યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગને શ્રેષ્ઠ રાજ્ય ચૂંટણી આયોગ તરીકેનો પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મતદારો માટે સુવિધામાં વધારો કરી ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી ઈ-વોટિંગની શરૂઆત કરી છે. ચૂંટણી આયોગની ઈ- ડેશબોર્ડ સાથેની વેબસાઈટ અદ્યતન આંકડાકીય વિગત પૂરી પાડે છે. મતદારોને મતદારયાદી, મતદાનની વિગતો મોબાઈલ ફોન પર ઉપલબ્ધ કરાવી છે. ટેકનોલોજીનો ઉપયોગ કરી અમલી બનાવેલી વ્યવસ્થાની નોંધ લઈ શ્રેષ્ઠ ચૂંટણી આયોગ માટે પસંદગી કરાઈ છે. ●

# પૂર્વ મુખ્યમંત્રી સ્વ.માધવસિંહ સોલંકીને રાજ્ય મંત્રીમંડળની શ્રદ્ધાંજલિ



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં પૂર્વ મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ સોલંકીના દુઃખદ અવસાન અંગે શોક વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. મંત્રીમંડળના સભ્યોએ આ બેઠકમાં સદગત માધવસિંહ સોલંકીના સન્માનમાં બે મિનિટનું મૌન પાળી દિવંગત આત્માની પરમ શાંતિની પ્રાર્થના કરી હતી.

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ સોલંકીના પરિવારજનોની મુલાકાત લઈ સદગતને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. રાજ્યપાલશ્રીએ સ્વ. માધવસિંહ સોલંકીના ગાંધીનગર નિવાસસ્થાને પહોંચીને સ્વ. સોલંકીના સુપુત્રો શ્રી ભરતસિંહ સોલંકી અને શ્રી અતુલસિંહ સોલંકીને રૂબરૂ મળીને સાંત્વના પાઠવતાં જણાવ્યું હતું કે, સ્વ. માધવસિંહ સોલંકીએ મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ગુજરાતના વિકાસને નવી ઊંચાઇ પ્રદાન કરી હતી. તેમના નિધનથી ગુજરાતના જાહેર જીવનમાં ન પૂરી થાય તેવી ખોટ પડી છે.

રાજ્ય મંત્રીમંડળે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ સોલંકીના મુખ્યમંત્રી પદ દરમ્યાનની સેવાઓ તેમજ જાહેર જીવન અને સમાજ જીવનમાં તેમના સેવાકીય પ્રદાનની સરાહના કરતા શોક દર્શક પ્રસ્તાવ પણ પસાર કર્યો હતો. જે મુજબ...

ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી, ભારત સરકારના ભૂતપૂર્વ વિદેશમંત્રી અને રાજ્યના અગ્રણી રાજનેતા શ્રી માધવસિંહ સોલંકીનું ૯૪ વર્ષની વયે ગાંધીનગર ખાતે દુઃખદ અવસાન થયું.

શ્રી માધવસિંહ સોલંકીનો જન્મ ૩૦મી જુલાઈ, ૧૯૨૭ના રોજ મહેસાણા જિલ્લાના પિલુન્દ્રા ખાતે થયો હતો. તેઓએ તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત ૧૯૪૭થી કરી હતી. તેઓ ૧૯૭૬માં પ્રથમ વખત ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા, ત્યારબાદ સને ૧૯૮૧થી ૧૯૮૫ અને ૧૯૮૯થી ૧૯૯૦ના સમયગાળામાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સેવાઓ આપી. તેઓએ ચાર વખત ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે સેવાઓ આપી. તેઓએ સને ૧૯૯૧-૯૨ના સમયગાળા માટે ભારત સરકારમાં વિદેશમંત્રી તરીકે પણ સેવાઓ બજાવી હતી.

સ્વ. માધવસિંહ સોલંકીએ આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગો માટે અનામત પ્રથા રજૂ કરી હતી. ગુજરાત રાજ્યની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે મધ્યાહ્ન ભોજન યોજનાનો વિચાર સૌપ્રથમ તેઓએ રજૂ કર્યો હતો. સ્વ. માધવસિંહ સોલંકી સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રમાં પણ કાર્યરત હતા. તેઓએ રાજકારણ અને સામાજિક ક્ષેત્રના દરેક તબક્કે લોકસેવાને પ્રાધાન્ય આપ્યું હતું.

તેઓશ્રીની ચિરવિદાયથી ગુજરાતના રાજકીય અને સામાજિક જીવનમાં મોટી ખોટ પડી છે. સ્વ. માધવસિંહ સોલંકીના અવસાન અંગે રાજ્ય મંત્રીમંડળે, ગુજરાતની જનતાએ અને સરકારે ઊંડા દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરી હતી. ●



## કિસાન સંઘના અગ્રણી સ્વ.જીવણદાદાને શ્રદ્ધાસુમન અર્પણ કરતાં મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભારતીય કિસાન સંઘના અગ્રણી અને રાજ્યમાં ખેડૂત તથા ખેડૂતોના હિતનો પાયો નાખનાર સ્વ. જીવણભાઈ પટેલના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી સદગતને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ખેડૂતોમાં જીવણદાદાના નામથી ઓળખાતા સ્વ. જીવણભાઈના પાર્થિવ દેહને ગાંધીનગર સ્થિત બલરામ ભવન ખાતે રાખવામાં આવ્યો હતો. જ્યાં મુખ્યમંત્રીશ્રીએ સદગતના પાર્થિવ દેહને પુષ્પાંજલિ અર્પણ કરી સદગતના આત્માની પરમ શાંતિની પ્રાર્થના કરી હતી. ●

# વડોદરામાં ઈન્ટરનેશનલ મેરેથોન યોજાઇ



સમગ્ર વિશ્વના લોકો આજે શારીરિક અને માનસિક રીતે કોરોના મહામારી સામે લડી રહ્યા છે. એટલું જ નહીં, કોરોનાના કારણે આપણી જીવનશૈલી પણ બદલાઈ છે. માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને વારંવાર હાથ ધોવા જેવી બાબતો હવે રોજિંદા જીવનનો ભાગ બની ગયો છે. નાગરિકો શારીરિક રીતે સશક્ત બને તે હેતુથી વડોદરામાં યોજાતી મેરેથોન દોડનો તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો.

કોરોના મહામારી સામે લડવા શારીરિક તંદુરસ્તી મહત્ત્વની છે, ત્યારે નાગરિકો યોગાસન, મોર્નિંગ વોક, ઈનડોર-આઉટડોર જેવી રમતો રમે એ પણ જરૂરી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોના મહામારીમાં થંભી ગયેલ જનજીવનને પુનઃ ધબકતુ કરવા આ વર્ષે વર્ચ્યુઅલ મેરેથોનનું આયોજન કરવા બદલ આયોજકો અને દોડવીરોને અભિનંદન આપ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મેરેથોન વડોદરાની આગવી ઓળખ બનવા સાથે વડોદરાના સામાજિક જીવનની સ્વચ્છતા અને સ્ફૂર્તિની મિસાલ પણ બની છે. ભૂતકાળમાં યોજાયેલા તમામ મેરેથોન દોડ શહેરને લગતા સામાજિક મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને યોજવામાં આવી હતી જે પ્રશંસનીય છે. આ વર્ષની મેરથોન પ્રથમ હરોળના કોરોના વૉરિયર્સ, મેડિકલ, પેરામેડિકલ, ઈમરજન્સી, આવશ્યક સેવાઓના કર્મીઓ અને કોરોનાગ્રસ્ત તેમજ કોરોના સામે જંગ જીતેલા ઉપરાંત કોરોના મહામારીમાં પોતાની મહામૂલી જિંદગી ગુમાવનાર દરેક વ્યક્તિઓને સમર્પિત છે. તેમણે ઉમેર્યુ કે, વડોદરામાં યોજાતી આ દેશની એકમાત્ર મેરેથોન છે જે, ફોર પીપલ, બાય ધી પીપલ, અને ઓફ ધી પીપલને લક્ષમાં રાખી યોજવામાં આવે છે. જેને કારણે વડોદરા મેરેથોન દેશના અન્ય શહેરોમાં યોજાતી મેરેથોન કરતા અલગ બની રહી છે. ●

# મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનું વેબ પોર્ટલ લોંચ

નાગરિકોને સરળતાથી યોજનાઓનો લાભ મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. લોકોને સરકારી કચેરીના બદલે ઘર આંગણે સરકારી સેવા મળી રહે તે માટે ગુજરાતે ડિજિટલ સેવા સેતુની નવતર પહેલ કરી છે. ગુજરાત સરકારે રાજ્યની અનેક યોજનાઓના લાભ લેવાની પ્રક્રિયા ડિજિટલ કરી છે. આ દિશામાં આગળ વધતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ તાજેતરમાં રાજ્યની માતૃશક્તિને આત્મનિર્ભરના માર્ગે વાળવા શરૂ કરેલી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાની સંપૂર્ણ માહિતી-વિગતો પારદર્શી રીતે મળી રહે તેવા ઉદાત્ત ઉદ્દેશ્યથી આ યોજનાનું વેબ પોર્ટલ લોંચ કર્યુ હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરણા અને માર્ગદર્શનથી રાજ્યમાં આ બહુહેતુક મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં ૫૦ હજાર અને શહેરી ક્ષેત્રોમાં ૫૦ હજાર એમ ૧ લાખ મહિલા જૂથોની ૧૦ લાખ માતા-બહેનોને જૂથ દીઠ રૂ.૧ લાખની સહાય પોતાના ગૃહ ઉદ્યોગ-નાના વ્યવસાય શરૂ કરવા માટે આપવામાં આવે છે.

મુખ્યમંત્રીશ્રીએ લોંચ કરેલા વેબ પોર્ટલ www.mmuy.gujarat.gov.in પરથી યોજનાની સંપૂર્ણ વિગતો, લાભાર્થીની પાત્રતા તેમજ જૂથની રચના થતાં જ ગ્રામીણસ્તરેથી તેની વિગતો પોર્ટલ પર ઉપલબ્ધ બનશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્ય વહીવટમાં ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી પેપરલેસ અને લેસ હ્યુમન ઈન્ટરફેઈસ કાર્ય વ્યવસ્થા વિકસાવવાની જે નેમ રાખી છે તેમાં આ પોર્ટલ નવું સિમાચિહ્ન બનશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, મુખ્યમંત્રીશ્રીએ તા.૧૭મી સપ્ટેમ્બર-૨૦૨૦ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

આ યોજનાના સફળ અમલીકરણ માટે રાજ્ય સરકારે ૬૫ અર્બન કો-ઓપરેટિવ બેન્ક તથા કુલ ૧૨૪ જેટલી સહકારી તેમજ અન્ય બેંક મળી ૧૮૯ સંસ્થાઓ સાથે MoU અત્યાર સુધી કરેલા છે. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અન્વયે રાજ્યભરમાં ૪૪૮૫૪ જેટલા જોઇન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ જૂથોની રચના થઇ ગઇ છે. આના પરિણામે રાજ્યની આવી ૪ લાખ ૪૮ હજાર માતા-બહેનોને મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો લાભ મળશે. રાજ્ય મંત્રીમંડળની મળેલી બેઠકમાં આ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાની પ્રગતિ, લાભાર્થીઓની તેમજ સહભાગી બેંકો-નાણાકીય સંસ્થાઓની વિસ્તૃત માહિતી સાથેનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. ●

# દેશના પ્રથમ 'રોજગાર સેતુ'નો ઇ-પ્રારંભ

સત્ય અને અહિંસાની વાત કરીએ એટલે મહાત્મા ગાંધીજી યાદ આવે. તેવી જ રીતે સ્વામી વિવેકાનંદની વાત કરીએ તો તરત જ યુવાનો યાદ આવ્યા વગર ન રહે. બદલાતા સમયની સાથે આ વર્ષે રાજ્ય સરકારે સ્વામી વિવેકાનંદ જયંતીની અનોખા અને આગવા અંદાજમાં ઉજવણી કરી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સ્વામી વિવેકાનંદ જયંતી 'રાષ્ટ્રીય યુવા દિવસે' રાજ્યના રોજગાર વાંછું યુવાઓ માટે રોજગારલક્ષી ઓનલાઇન કોલ સેન્ટર 'રોજગાર સેતુ'નો પ્રારંભ કરાવ્યો હતો.

દેશભરમાં ગુજરાતની આ નવતર પહેલમાં રાજ્યનો કોઇ પણ યુવાન આ કોલ સેન્ટરનો એક કોલ નંબર ૬૩-૫૭-૩૯૦-૩૯૦ ડાયલ કરીને રાજ્યના કોઇ પણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારલક્ષી અને સરકારની યુવાલક્ષી સહિતની યોજનાઓની માહિતી મેળવી શકશે.

રાજ્યના શ્રમ રોજગાર વિભાગના રોજગાર તાલીમ નિયામક કચેરી દ્વારા આ નવતર પહેલ સાથે મુખ્યમંત્રીશ્રીએ ઓનલાઇન ભરતી મેળા પખવાડિયું (૧૨ જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી)નો પણ પ્રારંભ કરાવ્યો હતો. 'હર હાથ કો કામ, હર ખેતકો પાની'નું સૂત્ર સાકાર કરીને દરેક વ્યક્તિને યોગ્ય કામ મળે અને તેના થકી જી.ડી.પી. વધે તે દિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહી છે. આ ઓનલાઇન ભરતી મેળામાં 25,000 જેટલા યુવાનોને રોજગારીનો અવસર પ્રાપ્ત થશે. રાજ્યભરમાં 72 કાઉન્સેલર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં યુવાનોની જરૂરી માહિતી અને માર્ગદર્શન પૂરાં પાડશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ''અમારે મન યુવા એ ન્યૂ એઇજડ વોટર નહીં, પરંતુ ન્યૂ એઇજડ પાવર છે''. યુવાઓની શક્તિ પર નવા ભારતનું નિર્માણ કરવું છે. એટલા માટે રાષ્ટ્રીય યુવા દિવસથી આ અભિયાનની શરૂઆત કરીને યુવા પેઢીને રોજગાર અવસરથી સજ્જ કરી તેને એમ્પાવર્ડ-સશક્ત બનાવવાની દિશા લીધી છે. શ્રમ અને રોજગાર મંત્રી શ્રી દિલીપભાઇ ઠાકોરે જણાવ્યું કે, રોજગાર સેતુ પ્રોજેક્ટની વિશેષતા એ છે કે, દેશમાં પ્રથમવાર રોજગાર સેતુ - કોલ સેન્ટરના માધ્યમથી જિલ્લા રોજગાર કચેરી સાથે ઉમેદવાર સીધો સંવાદ કરશે.

રોજગાર તાલીમ નિયામક શ્રી આલોક પાંડેએ મુખ્યમંત્રી સમક્ષ પ્રેઝન્ટેશન દ્વારા નવી યોજનાઓની વિગતવાર માહિતી આપી હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ એપ્રેન્ટિસશીપ યોજનાની પુસ્તિકાનું વિમોચન પણ કર્યું હતું. આ પ્રસંગે શ્રમ-રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રા તેમજ રાજ્યનાં વિવિધ સ્થળોએથી કલેક્ટરશ્રીઓ તેમજ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં વિવિધ ભવનોનાં ઇ-લોકાર્પણ - ખાતમુહૂર્ત



ગુજરાતે સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, એપ્રેન્ટિસશીપ યોજના, યુવા સ્વાવલંબન યોજના અને શોધ યોજના થકી રાજ્યના યુવાનોને એમ્પાવર્ડ કર્યા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી અવસરે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ ભવનોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યું.

રાજ્ય સરકારે બે દાયકામાં શિક્ષણ ક્ષેત્રે ગુજરાતનો કાયાકલ્પ કર્યો છે. સમગ્ર ભારતમાં ગુજરાત એજ્યુકેશનલ હબ તરીકે પ્રસ્થાપિત થઈ ગયું છે. ગુજરાતની સ્થાપના બાદ ૪૦ વર્ષો સુધી રાજ્યમાં માત્ર ૧૧ યુનિવર્સિટી હતી જ્યારે આજે વધીને ૭૭ થઇ છે. મુખ્યમંત્રીશ્રીએ ૨૫,૦૦૦થી વધુ યુવા-વિદ્યાર્થીઓએ કાર્યક્રમ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હોવાનો ઉલ્લેખ કરી તેમને બિરદાવ્યા હતા. ભલે દોઢસો વર્ષ વીતી ગયાં હોય પરંતુ આજે પણ સ્વામી વિવેકાનંદ યુવાનોના રોલ મોડલ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ભવિષ્યના વિકસિત ભારતમાં યુવાનો પોતાને ક્યાં જોવા માંગે છે તે માટે તેઓએ આજથી જ એ દિશામાં સંકલ્પબદ્ધ બની કામ કરવું જોઇએ તેવી પ્રેરણા પણ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં અભ્યાસ કરતાં વિદેશના વિદ્યાર્થીઓના ઉપયોગ માટે રૂ. ૪ કરોડના ખર્ચે 'ઈન્ટરનેશનલ ટ્રાન્ઝિસ્ટ હાઉસ' તથા સરસ્વતી વિમેન્સ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થિનીઓને વાંચનની સુવિધા માટે સ્વાધ્યાય પ્રવૃત્તિના પ્રણેતા પાંડુરંગ શાસ્ત્રી દાદાની ચેર દ્વારા નિર્મિત લાઇબ્રેરીનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત ૬ કરોડના ખર્ચે તૈયાર થનાર અદ્યતન લાઈબ્રેરી અને ૩ કરોડના ખર્ચે તૈયાર થનાર અદ્યતન સ્પોર્ટ્સ હોસ્ટેલ તથા સવા કરોડના ખર્ચે તૈયાર થનાર ઓપન એર થિએટરનું પણ ઈ-ખાતમુહૂર્ત સંપન્ન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના મહામારીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એન.એસ.એસ. ટીમ દ્વારા થયેલ સેવાકાર્યોની ગાથા વર્ણવતા પુસ્તકનું વિમોચન પણ કર્યું હતું. આ સમારોહમાં બહોળી સંખ્યામાં યુવા-વિદ્યાર્થિઓ ઈન્ટરનેટના માધ્યમથી જોડાયા હતા. ●

# હોટલ મેનેજમેન્ટમાં કારકિર્દી બનાવવા માટે શ્રેષ્ઠ સંસ્થા : SIHM

જેનુ દેવન

છેલ્લા બે દાયકામાં ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યામાં અનેકગણો વધારો નોંધાયો છે, જેના પરિણામે ગુજરાત સહિત સમગ્ર દેશમાં હોસ્પિટાલિટી ક્ષેત્રે નવીન તકોનું સર્જન થયું છે. હોટેલ મેનેજમેન્ટનો અભ્યાસ કરવાથી સામાન્ય કરતાં વધુ સારી નોકરી પ્રાપ્ત થાય છે. વર્તમાન સમયમાં હોસ્પિટાલિટી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાથી અનેક તકો પ્રાપ્ત થઈ રહી છે. આ ઈન્ડસ્ટ્રી વ્યવસાયિકોને મહત્ત્વાકાંક્ષી બિઝનેસ લીડર બનાવે છે.

ધ સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ, સિદ્ધપુર હોસ્પિટાલિટી, ટ્રાવેલ અને ટુરિઝમ ક્ષેત્રે અભ્યાસ કરવા માટેની અગ્રણી સંસ્થા છે. SIHMને ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ (TCGL) દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ સંસ્થા 4.86 એકરમાં પથરાયેલી છે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં પૂરતું ધ્યાન આપી શકે તે માટે કેમ્પસમાં જ હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવ્યું છે. SIHM દ્વારા ચાર વર્ષનો ગ્રેજ્યુએશન ડિગ્રી કાર્યક્રમ હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેક્નોલોજી (BHMCI) ઓફર કરે છે, જે AICTE માન્ય અને ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન છે. આ કોર્સ વિદ્યાર્થીઓને હોટલ એડમિનિસ્ટ્રેશન, હોસ્પિટલ, એરલાઈન ક્રૂઝલાઈન અને એમએનસી અને ખાસ કરીને ફૂડ સર્વિસ, ફૂડ પ્રિપેરેશન, માર્કેટિંગ વગેરેમાં તાલીમબદ્ધ કરે છે. આ કોર્સ વિદ્યાર્થીઓને હોસ્પિટાલિટી વર્લ્ડ લીડર અને મેનેજમેન્ટ તરીકે બિઝનેસના વ્યૂહાત્મક અભિગમ સાથે તૈયાર કરે છે. આ ઉપરાંત સંપૂર્ણ વ્યાવસાયિક તાલીમથી વિદ્યાર્થી ઈન્ડસ્ટ્રીમાં એન્ટરપ્રિન્યોર પણ બનાવે છે. SIHMના વિદ્યાર્થીઓને દેશની ટોચની હોટલમાં ઈન્ટર્નશીપ કરવા માટે મોકલવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થાના વિદ્યાર્થીઓ હોટલ ઈન્ડસ્ટ્રીમાં ટોપની જગ્યાઓ કામ કરી રહ્યા છે.

હોટલ મેનેજમેન્ટના મુખ્ય ભાગમાં ફૂડ અને બેવરેજ, ફૂડ પ્રોડક્શન હાઉસકીપિંગ અને યુટીલિટી સર્વિસિસ તેમજ ફ્રન્ટ ઓફિસ ઓપરેશન આવે છે. SIHMમાં સજ્જ લેબોરેટરી, ક્લાસરૂમ, ડિસ્કશન રૂમ, લાઈબ્રેરી અને વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે હોસ્ટેલની વ્યવસ્થા પણ છે.





SIHM વિવિધ ટૂંકાગાળાના સ્કિલ ડેવલપમેન્ટ ટ્રેનિંગ પોગ્રામ અને એક વર્ષના સમયગાળાનો ટ્રાવેલ ટુરિઝમ અને ફૂડ પ્રોસેસિંગમાં સ્કિલ ડિપ્લોમા કોર્સ ઓફર કરે છે. ઓગસ્ટ 2018માં SIHMએ સેશલ્સ ટુરિઝમ એકેડમી (STA) સાથે આંતરરાષ્ટ્રીય સહયોગના એમઓયુ પણ કર્યા છે.

હોટલ મેનેજમેન્ટનો અભ્યાસ કરવા માટે ધોરણ 12માં કોઈપણ પ્રવાહમાં 45 ટકા જરૂરી છે. SIHM ટોચના 50 શૈક્ષણિક સંસ્થામાં નોંધાયેલ છે. દિવ્ય ભાસ્કર સમૂહ દ્વારા SIHMને ગુજરાતમાં હોટલ મેનેજમેન્ટ માટેની સર્વશ્રેષ્ઠ સંસ્થા તરીકેનો પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રાપ્ત થયો છે. ગુજરાતની ટોચની 50 શૈક્ષણિક સંસ્થાઓમાં SIHMનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારની શૈક્ષણિક સંસ્થા તરીકે SIHMને ગુજરાત બ્રાન્ડ લીડરશીપ ઓવોર્ડ 2018 પ્રાપ્ત થયો છે.

SIHMમાં બેચરલ ઓફ હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેક્નોલોજી, સ્કિલ ડિપ્લોમા ઈન ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ, સ્કિલ ડિપ્લોમા ઈન ફૂડ પ્રોસેસિંગના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત SIHMમાં વિવિધ સ્કિલ ડેવલપમેન્ટ પોગ્રામ જેવા કે, સોફ્ટ સ્કિલ & ગ્રૂમિંગ ટ્રેનિંગ પ્રોગ્રામ, ફૂડ પ્રોડક્શન ટ્રેનિંગ પ્રોગ્રામ, ફોરેન લેંગ્વેજ ટ્રેનિંગ પ્રોગ્રામ પણ કાર્યરત છે.

SIHMનું ધ્યેય હોસ્પિટાલિટી ક્ષેત્રને અનુરૂપ કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓને તૈયાર કરવાની સાથે- સાથે ઈન્ડસ્ટ્રીમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપવાનું છે. ઉત્કૃષ્ટ ફેકલ્ટી, અભ્યાસક્રમ, નવીન સંશોધન અને વ્યાવસાયિક અનુભવોને સાથે રાખીને સમુદાયને સેવા પૂરી પાડવાનો છે. હોટલ અને ટૂરિઝમ ઉદ્યોગની ટોચની 10 વર્લ્ડ ક્લાસ સંસ્થાઓમાં સ્થાન પ્રાપ્ત કરવાનું છે. SIHM વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય ધોરણના ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. સમગ્ર દેશમાં કોરોનાની મહામારીને કારણે લોકડાઉન હતું ત્યારે SIHM દ્વારા વિદ્યાર્થીઓને હોટલ મેનેજમેન્ટ અને હોસ્પિટાલિટી ક્ષેત્રનું માર્ગદર્શન આપવા માટે પ્રસિદ્ધ માસ્ટરસેફ સંજીવ કપૂરનું ઓનલાઈન સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ અગાઉ SIHM દ્વારા ટૂરિઝમ અને હોસ્પિટાલિટી ક્ષેત્રે એશિયામાં સૌ પ્રથમવાર મોડલ યુનાઈટેડ નેશન્સ (MUN)નું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ (TCGL) દ્વારા સંચાલિત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ ડાન હંમેશાં વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે સતત સક્રિય રહે છે. ●

**(લેખક વરિષ્ઠ સનદી અધિકારી અને પ્રવાસન નિગમના મેનેજિંગ ડિરેક્ટર છે)**

# ધો.10 અને 12 તથા કોલેજમાં પ્રત્યક્ષ શિક્ષણનો પ્રારંભ




કોરોના સંક્રમણમાં રાહત સાથે જ રાજય સરકાર દ્વારા ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ તેમના શિક્ષણ માટેના મહત્ત્વના વર્ષમાં પાછળ ન રહે તથા તેઓના ઉજ્જવળ ભવિષ્યને હાનિ ન પહોંચે તે હેતુસર તાજેતરમાં જ સમગ્ર રાજયમાં પ્રત્યક્ષ શિક્ષણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સાથે રાજયમાં કોલેજ કક્ષાએ પોસ્ટ ગ્રેજયુએટ અને ગ્રેજયુએશનના છેલ્લા વર્ષના અભ્યાસ વર્ગો શરૂ થયા હતા. જેમાં વિવિધ નગરો, શહેરોમાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આવકાર્યાં હતા.

રાજકોટમાં કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુએ શ્રી શામજી વેલજી વિરાણી વિવિધલક્ષી હાઇસ્કૂલના ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓને સલામતી કિટ અર્પણ કરતાં જણાવ્યું હતું કે, કોરોના કાળમાં માર્ચ-૨૦૨૦થી પ્રત્યક્ષ શિક્ષણકાર્ય બંધ હતુ. પરંતુ હવે કોરોના સંક્રમણ કાબૂમાં હોવાથી વાર્ષિક કસોટીની જોમ અને જુસ્સા સાથે તૈયારી કરવી જોઈએ. આ સાથે શિક્ષકોને પણ જરૂર પડયે જાહેર રજાના દિવસોમાં શિક્ષણ કાર્ય ચાલુ રાખવા અનુરોધ કર્યો હતો.

ગાંધીનગરમાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, દસ માસના લાંબા સમયગાળા બાદ ધો.10 અને ધો.12નું પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ થયું છે. આ શિક્ષણ કાર્યમાં પ્રથમ દિવસે જ 35 ટકાથી 40 ટકા જેટલા વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ રીતે વર્ગખંડોમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. અમદાવાદમાં વિદ્યાર્થીઓને આવકારતા મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે કહ્યું હતું કે, બોર્ડની પરીક્ષાઓ નજીક હોવાથી કોરોનાની માર્ગદર્શિકાને ધ્યાને લઇ શૈક્ષણિક કાર્યની પુનઃશરૂ કરાયું છે. શ્રમ મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરે હારિજમાં શિક્ષણ કાર્યનો પ્રારંભ કરાવતા વિદ્યાર્થીઓને માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ સાથે સત્રના બાકી રહેલા સમયનો સદઉપયોગ કરી ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રયત્નબદ્ધ થવા પ્રેરિત કર્યાં હતા.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે બારડોલીમાં ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને આવકારી તેઓને સૈનિક ગણાવી માસ્ક, સેનેટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સિંગને તેમના હથિયાર હોવાનું જણાવ્યું હતું. વીંછિયામાં પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયાએ કહ્યું હતું કે, આજના આધુનિક યુગમાં શિક્ષણ-ટેકનોલોજીનું ખૂબ જ મહત્ત્વ છે. બાળપણથી જ જો પાયો મજબૂત થશે તો આગળ જતાં ઈમારત પણ મજબૂત થશે.

ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ અમદાવાદ વસ્ત્રાલમાં જણાવ્યું હતું કે, શાળાઓની આસપાસ આવેલી મેડિકલ સુવિધાઓ, પ્રાઈમરી- કોમ્યુનિટી હેલ્થ સેન્ટર વગેરેની તમામ વિગતો તેના કોન્ટેક્ટ પર્સન જેવી અન્ય જરૂરી માહિતી પણ શાળા કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાની કચેરીઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પંચમહાલના નવાકૂવા ગામે પંચાયત રાજય મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે બોર્ડના અભ્સાયક્રમને સારી રીતે પૂર્ણ કરવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો.

સાબરકાંઠાના પ્રાંતિજમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી વાસણભાઇ આહીરે જણાવ્યું હતું કે, સાબરકાંઠાની ૩૫૦ શાળાઓમાં સામાજિક અંતર સાથે શૈક્ષણિક સત્રનો પ્રારંભ કરાયો છે. જેમાં ધોરણ-૧૦ના ૧૦૭૩૧ અને ધોરણ-૧૨ના ૩૨૧૯ વિદ્યાર્થીઓને કલાસરૂમમાં શિક્ષણ પૂરું પાડવામાં આવી રહ્યું છે.

સાણંદમાં રાજ્ય શિક્ષણ મંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવેએ જણાવ્યું હતું કે "જે વિદ્યાર્થીઓનાં માતા-પિતાએ સંમતિ આપી છે તેવા જ વિદ્યાર્થીઓ શાળામાં આવીને અભ્યાસ કરશે. તેમણે વિદ્યાર્થીઓને પાણીની બોટલ કે નાસ્તો એકબીજાને શેર ન કરવા ખાસ સૂચના આપી હતી.

વડોદરામાં નર્મદા વિકાસ રાજ્યમંત્રી શ્રી યોગેશભાઈ પટેલે કોરાના મહામારીમાં શાળાના શિક્ષકોની જવાબદારી ખાસ વધી જાય છે. એટલે પૂરતી તકેદારી સાથે વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય થાય તેની કાળજી લેવા અનુરોધ કર્યો હતો. ●

કિશોર જીકાદરા

# રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષને ટાઈમ્સ આઈકોન એવોર્ડ એનાયત




ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીનકાળથી યોગનું મહત્ત્વ રહ્યુ છે. તંદુરસ્ત જીવન જીવવા અને અનેક રોગોને અટકાવવા યોગ અસરકારક છે. યોગના આ મહત્ત્વને ધ્યાને રાખી નાગરિકો તંદુરસ્ત રહે તેમજ યોગને પોતાના જીવનનો ભાગ બનાવે તેવા હેતુથી રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરી છે. યોગ બોર્ડના પ્રથમ અધ્યક્ષ તરીકે યોગસેવક શ્રી શીશપાલજીની નિમણૂક કરી છે. યોગ બોર્ડની રચના બાદ રાજ્યમાં યોગ ક્ષેત્રે પ્રસંશનીય કાર્ય કરાયું છે. યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલજીને તેમની સમાજ પ્રત્યેની અવિરત સેવાને ધ્યાનમાં રાખી તાજેતરમાં ટાઈમ્સ ગ્રૂપ દ્વારા ટાઈમ્સ આઈકોન-2020 એવોર્ડ શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

યોગસેવક શ્રી શીશપાલજીના નેતૃત્વમાં ગુજરાત યોગ બોર્ડ અન્ય રાજ્ય માટે પ્રેરણાદાયી કાર્ય કરી રહ્યુ છે. તેમના નેતૃત્વમાં 10 હજારથી વધુ લોકોને યોગ ટ્રેનર તરીકે તાલીમ આપવામાં આવી છે. તેમજ 700થી વધુ લોકોને યોગ કોચ તરીકે તાલીમ આપી તૈયાર કરવામાં આવ્યા છે. તેમજ દરરોજ ગુજરાત સ્ટેટ યોગ બોર્ડના ઓફિશ્યિલ ફેસબુક પેજ પરથી ઓનલાઈન યોગના ક્લાસ શરૂ કરવામાં આવ્યા છે. ●

# સમગ્ર દેશમાં ડેરી ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાતનું આગવું સ્થાન



રાજ્યના પશુપાલકોને દૂધના યોગ્ય ભાવ મળી રહે તેમજ પશુપાલકો અને દૂધ ઉત્પાદક સંઘોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે રાજ્ય સરકાર સતર્કતાથી કામગીરી કરી રહી છે. દૂધ ઉત્પાદક સંઘોની કામગીરીનું સતત નિયમન કરવા ઉપરાંત પશુપાલકોની દરકાર સરકારે કરી છે. તાજેતરમાં લીંબડીમાં કૃષિ મંત્રી શ્રી આર.સી ફળદુની ઉપસ્થિતિમાં સુરેન્દ્રનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ સુરસાગર ડેરીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી.

આ પ્રસંગે કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતે ડેરી ઉદ્યોગ ક્ષેત્રે સમગ્ર દેશમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. દૂધ ઉત્પાદક સંઘો દૂધનું પ્રોસેસિંગ કરીને દૂધને બાય પ્રોડક્ટ તરીકે વેલ્યૂ એડિશન ચેઈનમાં ચડાવે છે. મંત્રીશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દૂધ ઉત્પાદક સંઘની સભાસદ મરણોત્તર સહાય યોજના અન્વયે સભાસદના વારસદારને સહાયના ચેક વિતરણ કરાયા હતા. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કિરીટસિંહ રાણા, સુરેન્દ્રનગર દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ તેમજ દૂધ ઉત્પાદક સંઘના ડિરેક્ટરશ્રીઓ સહિત અગ્રણીઓ, સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ધ્રાંગધ્રામાં સુખાકારીના કાર્યો જનસમર્પિત



ગુજરાતનાં શહેરો સર્વાંગીણ વિકાસની દિશામાં ઝડપભેર આગળ વધી રહ્યાં છે. તેમાંનું એક નગર છે ધ્રાંગધ્રા, જ્યાં લોકસુખાકારી માટે હાથ ધરાયેલાં વિવિધ વિકાસકાર્યોને કારણે તે અન્ય વિકસીત શહેરોની સાથે વિકાસની દિશામાં મક્કમતા સાથે પ્રગતિ કરી રહ્યું છે. ધ્રાંગધ્રા શહેરના સર્વાંગી વિકાસ માટે અંદાજિત રૂપિયા ૨૩૩૮ લાખના ખર્ચે વિકાસ કામોનાં ખાતમુહૂર્ત - લોકાર્પણ પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે કરાયાં હતાં. મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, ધ્રાંગધ્રામાં રૂ.૧૬૦૦ લાખના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી ગંદા પાણીના રિયૂઝની સાથે આસપાસના ખેડૂતો તેમજ ઉદ્યોગો માટે સ્વચ્છ પાણી ઉપલબ્ધ બનશે.

આ ઉપરાંત, મુખ્યમંત્રીશ્રીએ આવાસોનાં લોકાર્પણ ડ્રોથી કરીને લાભાર્થીઓને ફાળવાયા હતા. આ તકે ધ્રાંગધ્રા ખાતે અંદાજિત રૂપિયા ૩૩૭ લાખના ખર્ચે નિર્માણ પામનાર વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી પરસોત્તમ સાબરીયા, શ્રી આઈ.કે. જાડેજા સહિત અધિકારીઓ, શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# દાત્રાણાની આરોગ્ય સુખાકારીમાં વધારો



છેવાડાના માનવી સુધી પ્રાથમિક સુવિધાઓ મળે એ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. તેની આ કટિબદ્ધતા આરોગ્યલક્ષી વિકાસકામોમાં પડઘાય છે. તાજેતરમાં જૂનાગઢના મેંદરડા તાલુકાના દાત્રાણામાં પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું. જનઆરોગ્ય સરકારનું પ્રાથમિક લક્ષ્ય હોવાનો ઉલ્લેખ કરતાં પ્રવાસન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેવાડાના માનવીને પણ ઘરઆંગણે આરોગ્યની સેવા મળી રહે એ સરકારની નેમ છે. રૂ.૭૬ લાખના ખર્ચે નિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ત્વરિત સારવાર મળી જવાથી લોકોને આરોગ્યલક્ષી સેવા-સારવાર માટે અન્યત્ર નહીં જવું પડે. દાત્રાણામાં ૪૭૭.૧૨ ચો.મી. વિસ્તારમાં તૈયાર થયેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેલ-ફિમેલ વોર્ડ, લેબોરેટરી, લેબર રૂમ સહિતનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે અગ્રણીઓ જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રવીણ ચૌધરી, ડેપ્યુટી કલેક્ટર શ્રી વી.એન.સાકરિયા, દાત્રાણા ગામના સરપંચ, ઉપસરપંચ અને આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# રામોદમાં રીવરફ્રન્ટ આકાર લેશે

છેવાડાના ગ્રામીણ વિસ્તારોમાં પણ શહેર જેવી જ માળખાગત અને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઇ રાદડિયાએ કોટડા સાંગાણી તાલુકાના રામોદ ગામે રૂ.૨ કરોડના ખર્ચે તૈયાર થનાર રીવરફ્રન્ટ સાથે આનુષંગિક બ્યુટીફિકેશનના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. જ્યારે અન્ય એક કાર્યક્રમમાં જામકંડોરણામાં સીસીટીવી કેમેરા પ્રોજેક્ટ તથા કમાન્ડ કંટ્રોલ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું.

રામોદ ગામે થનારા વિકાસનું આ બેનમૂન કાર્ય ગ્રામીણ કક્ષાએ પણ શહેરકક્ષાના વિકાસનો જીવંત પુરાવો બની રહેશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ સમગ્ર રીવરફ્રન્ટ પ્રોજેક્ટ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા તૈયાર થનાર છે. કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી લાખાભાઇ સાગઠિયા અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ઉપસ્થિત રહ્યા હતા. જામકંડોરણામાં સીસીટીવી કેમેરા પ્રોજેક્ટ તથા કમાન્ડ કંટ્રોલ સેન્ટરનું લોકાર્પણ કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રૂ.૧૫ લાખના ખર્ચે ૨૭ જેટલા સીસીટીવી કેમેરારૂપી ''તીસરી આંખ'' દ્વારા શહેરને સુરક્ષા પૂરી પાડશે. ●



# ડાંગનાં વિકાસકાર્યોની સમીક્ષા

વિકાસકામોની ગતિને કોરોના કાળમાં પણ રોક્યા વિના અવિરત રાખનાર રાજ્ય સરકાર તેની સમીક્ષા પણ કરતી રહે છે. તાજેતરમાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી રમણલાલ પાટકરે ડાંગનાં ૧૫૯ વિકાસ કામોની સમીક્ષા કરી હતી. આહવામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળના કામોની સમીક્ષા કરતા મંત્રીશ્રીએ પ્રોત્સાહક જોગવાઈ, ધારાસભ્ય ફંડ, વિકાસશીલ તાલુકા, રાષ્ટ્રીય પર્વ, એમ.પી. જોગવાઈ, અને એ.ટી.વી.ટી. યોજના હેઠળના પ્રગતિ હેઠળનાં કુલ ૧૩ કામોની ચર્ચા કરી હતી. તેમણે વર્ષ ૨૦૧૯-૨૦ના રૂ.૨૪૧૫ લાખનાં ૬૪૫ કામો અને ૨૦૨૦-૨૧ના વર્ષના રૂ.૨૧૨૫ લાખનાં ૫૨૭ કામોની પણ સમીક્ષા કરી હતી. નવા મંજૂર કરાતાં કામોની દરખાસ્ત અગાઉ અમલીકરણ અધિકારીઓ દ્વારા સ્થળ ચકાસણી થાય તે સુનિશ્ચિત કરવાની હિમાયત મંત્રીશ્રીએ કરી હતી. તેમણે ડાંગના ૧૫૯ વિકાસકામોની વિગતો રાજ્ય કક્ષાએ સી.એમ.ડેશબોર્ડ ખાતે મોકલી આપવાની સૂચના આપી હતી. ડાંગ જિલ્લા સેવા સદન, આહવા ખાતે આયોજિત બેઠકમાં ધારાસભ્ય શ્રી



વિજયભાઈ પટેલ સહિત જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયા સહિતના વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## જામનગરના માર્ગોનું બ્યુટીફિકેશન



ગુજરાતનું દરેક નગર સ્માર્ટ બને તે માટે વિશેષ દરકાર રાજ્ય સરકાર લઈ રહી છે. જે માટે વિવિધ તબક્કામાં શહેરીકરણની યોજનાઓની અમલવારી કરવામાં આવી રહી છે. તાજેતરમાં જામનગરને વધુ સ્માર્ટ બનાવવા રસ્તાઓનો કાર્યારંભ અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ કરાવ્યો હતો. જામનગર મહાનગર પાલિકામાં સીસી બ્લોકની સાથે સીસી રોડનાં કામો મળી કુલ રૂ.૧૬૬.૫૦ લાખનાં વિકાસકામો હાથ ધરવામાં આવ્યાં છે. વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત મંત્રીશ્રીની ૧૦% લોકભાગીદારી ગ્રાન્ટમાંથી શહેરના માર્ગોનું બ્યુટીફિકેશન કરવામાં આવી રહ્યું છે. છેલ્લા ઘણાં સમયથી શહેરમાં સીસી રોડ અને સીસી બ્લોકના નિર્માણમાં ગતિ આવી છે. જેને લીધે લોકોમાં ખુશાલી જોવા મળી રહી છે. નગરના બ્યુટીફિકેશન માટે અન્ય વિકાસકાર્યો પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ તકે વિસ્તારના અગ્રણીઓ અને નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

## સરકારી માધ્યમિક શાળામાં ૨૯૯ શિક્ષકોની નિમણૂક



વ્યકિતનિર્માણથી ચરિત્રનિર્માણ અને એના થકી ભારત નિર્માણનું સ્વપ્ન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જોયું છે. જેને સાકાર કરવામાં શિક્ષકની ભૂમિકા અતિ મહત્ત્વની છે. તાજેતરમાં કચ્છ જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક તરીકે નિમણૂક પામનાર ૨૯૯ જેટલા શિક્ષકોને સામાજિક શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી વાસણભાઈ આહીરના હસ્તે નિમણૂકપત્રો એનાયત કરાયા હતા.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં જેટલી શાળાઓ મંજૂર થઈ છે તેમાંથી ૩૩ ટકા શાળા કચ્છની છે તથા ૨૯૯ શિક્ષકોની નિમણૂક થઈ છે. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઈ-માધ્યમથી સ્કિલ મુજબ મૂલ્યાંકન અને વિદ્યાર્થીઓ જોબ સીકર નહીં જોબ ગીવર બને તે રીતે તૈયાર કરવા નવનિયુક્ત શિક્ષકોને સૂચન કર્યું હતું. આ પ્રસંગે સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય સર્વશ્રી ડૉ.નીમાબહેન આચાર્ય, માલતીબહેન મહેશ્વરી, પ્રદ્યુમનસિંહ જાડેજા ઉપરાંત કચ્છ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## ભાવનગરમાં ફોરલેન રોડ અને કોમ્યુનિટી હોલ

માળખાગત સુવિધાઓની સજ્જતા સાથે રાજ્યનાં મહાનગર વૈશ્વિક શહેરો સમકક્ષ બન્યાં છે. જેમાં સતત સુવિધામાં વધારો કરવામાં આવી રહ્યો છે. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા તરસમીયાથી રીંગરોડ સુધીના રૂ.૨ કરોડના ખર્ચે નિર્મિત થનારા ફોરલેન માર્ગનું ખાતમુહૂર્ત તથા વાલ્કેટગેટ, કરચલિયા પરા ખાતે નિર્મિત આધુનિક કોમ્યુનિટી હોલનું મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી વિભાવરીબહેન દવેએ લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તરસમીયાથી રીંગરોડ સુધી નિર્મિત થનારા આ ફોરલેન રોડ થકી તરસમીયા તથા માલણકાના ગ્રામજનોની સુવિધામાં વધારો થશે. તેમણે તરસમીયા તળાવને થીમ બેઈઝ તળાવ તરીકે વિકસિત કરવાની જાહેરાત કરી હતી. કરચલિયા પરા વિસ્તારમાં ડ્રેનેજ, કોમ્યુનિટી હોલ વગેરે જેવી સુવિધાઓ ઊભી કરી લોકોની સુખાકારીમાં વધારો કર્યો છે. સાંસદ શ્રીમતી ભારતીબહેન શિયાળે જણાવ્યું હતું કે સરકાર હેલ્થ સેન્ટર, બગીચાઓ, કોમ્યુનિટી હોલ, ડ્રેનેજ, રસ્તા સહિતની સુવિધાઓ ઊભી કરી પછાત વિસ્તાર તરીકે ઓળખાતા વિસ્તારોનો સર્વાંગી વિકાસ કરી રહી છે. ●



# કચ્છને પાણીદાર બનાવવાનો જળ "યજ્ઞ"

✎ **આર ડી. કમ્બોજ**

કચ્છ જિલ્લો એ ગુજરાતની આબોહવા અને હવામાનની દૃષ્ટિએ ખૂબ જ સંવેદનશીલ છે, જેણે ચક્રવાત, દુષ્કાળ અને વિનાશક ભૂકંપ જેવી અનેક આત્યંતિક કુદરતી આફતો સહન કરી છે. જળવાયુ પરિવર્તન સામે ટકી રહેવા માટે ભારત સરકારના સહકારથી પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય (એમ.ઓ.ઇ.એફ.સી.સી.) દ્વારા 'નેશનલ અડેપ્ટેશન ફંડ ફોર ક્લાયમેટ ચેન્જ' (એન.એ.એફ. સી.સી) એટલે કે રાષ્ટ્રીય આબોહવા પરિવર્તન અનુકૂલન ભંડોળ હેઠળ બધાં જ રાજ્યોમાં અનુકૂલન માટેની કામગીરીઓ હાથ ધરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં એન.એ.એફ.સી.સી પરિયોજનાની પરિપૂર્તિની જવાબદારી "ગીર" ફાઉન્ડેશનને સોંપવામાં આવી છે. જેનું શીર્ષક "ગુજરાતના કચ્છ જિલ્લાના પ્રાકૃતિક સંસાધનો પર નિર્ભર સમુદાય માટે જળવાયુ પરિવર્તન સામે અનુકૂલન સાધવા પાણી અને આજીવિકા સુરક્ષા તથા નિર્વસનતંત્રના પુનઃસ્થાપન દ્વારા પ્રતિકાર શક્તિમાં વધારો કરવો" છે.

કચ્છ જિલ્લામાં હંમેશાં પાણી અને ઘાસચારાની જરૂરિયાત રહે છે. તેથી "ગીર" ફાઉન્ડેશન દ્વારા તટવર્તી અબડાસા તાલુકો અને બન્ની ઘાસિયા વિસ્તારનાં વિવિધ ગામોમાં જળસંગ્રહ કરી ખેતી તથા પશુપાલન માટે થતી પાણીની તંગીને પહોંચી વળવા નવાં જળાશયોની રચના અને જૂનાં જળાશયોના કાયાકલ્પ માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉપરોક્ત કામગીરીનો મુખ્ય હેતુ સમાજના સંવેદનશીલ સમુદાયોને બદલાતા જળવાયુથી પડતી આડઅસરોથી થતા નુકસાનથી બચાવવા અને તેમનું જીવનચક્ર અને આજીવિકાઓને ટકાવી રાખવા માટે જુદાં જુદાં કાર્યો કરવાનું છે. જેમાં કૃષિ, બાગાયતી ખેતી, જળઆપૂર્તિ, દરિયાઈ નિવાસસ્થાનનું રક્ષણ, આપત્તિ વ્યવસ્થાપન, માનવ સ્વાસ્થ્ય, વનવિકાસ, પર્યાવરણ, પરિસ્થિતિક સંરક્ષણ અને એનાથી સંકળાયેલા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

જળસંગ્રહની ક્ષમતા વધારવા માટે કચ્છ જિલ્લાના બે વિસ્તારોમાં પસંદ કરેલાં ૧૯ ગામ વરસાદી પાણી સંગ્રહ માટે નવાં જળાશયોનું નિર્માણ અને જૂના જળાશયોનું નવીનીકરણ કરાયું છે. અબડાસા તાલુકાના પસંદ કરાયેલાં ગામો દરિયાકાંઠા પર હોવાથી ખારા પાણીની સમસ્યા પીવાલાયક અને સિંચાઈનાં પાણીને પોહોંચી વળવા આ ક્ષેત્રમાં કુલ ૪૪ જળાશયો, સાગરપાળા નિર્માણ અને પુનઃસ્થાપન કરવામાં આવ્યું છે. બન્ની ઘાસિયા વિસ્તારમાં ૨૮ જળાશયોનું નિર્માણ-પુનઃસ્થાપન કરવામાં આવ્યું છે. જે પીવાલાયક પાણીની ઉપલબ્ધતા અને આજીવિકા સુરક્ષામાં સુધારણા તરફ દોરી જશે. અબડાસા અને બન્ની વિસ્તારના પસંદ કરેલાં તમામ ગામોમાં 'આધાર રેખા સર્વેક્ષણ' અને જળવાયુ પરિવર્તન સામે સંવેદનશીલતાના મૂલ્યાંકન અને લોકો સાથે રૂબરૂ મુલાકાત અને વાતચીતની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

અબડાસા તાલુકાનાં ૧૦ ગામોમાં ૪૪ જળાશયો/સાગરપાળા પૈકી ૨૦ જળાશયોનું નવનિર્માણ કરવામાં આવ્યું છે. ચોવીસ જળાશયો-સાગરપાળાનું પુનઃસ્થાપન-નવીનીકરણ કરાતાં જળસંગ્રહ ક્ષમતા ૭,૨૪,૫૦૦ ઘનમીટરથી વધી ૧૨,૫૭,૦૦૦ ઘનમીટર થઇ છે. ૨૦ નવા જળાશયો-સાગરપાળા બાંધીને ૫,૫૩,૦૦૦ ઘનમીટર વધારાની જળસંગ્રહ કરવાની ક્ષમતાનું નિર્માણ કરવામાં આવ્યું. આમ, ૪૪ જળાશયો-સાગરપાળાની કુલ પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ૧૮,૧૦,૦૦૦ ઘનમીટર અથવા ૧૮૧ કરોડ લિટર કરવામાં આવેલ છે. બન્ની ઘાસિયા વિસ્તારનાં નવ ગામમાં ૨૨ જળાશયોનું નવનિર્માણ તેમજ ૬ જળાશયોનું નવીનીકરણ કરવામાં આવ્યું. આમ, ૨૮ જળાશયોની કુલ પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ૨,૩૮,૨૬૪ ઘનમીટર અથવા ૨૩.૮૩ કરોડ લિટર કરવામાં આવી છે.

કચ્છ જિલ્લામાં જળપ્રાપ્યતા તેમજ જળસંગ્રહ માટે કુલ ૧૯ ગામો/વાંઢોનાં ૭૨ જળાશયો/સાગરપાળાના નવનિર્માણ/ પુનઃસ્થાપન બાદ જળસંગ્રહ ક્ષમતા ૨૦,૪૮,૨૬૪ ઘનમીટર અથવા ૨૦૪.૮૨ કરોડ લિટર થઇ છે.

કચ્છ જિલ્લાના જનસમુદાય તેમજ ઢોર/પશુ માટે આ યજ્ઞ આશીર્વાદ સમાન છે. આમ, કચ્છને પાણીદાર બનાવવાનો જળ "યજ્ઞ" સફળ થઇ રહ્યો છે તેમાં બેમત નથી. ●

(લેખક વરિષ્ઠ આઇએફએસ ઓફિસર અને ગીર ફાઉન્ડેશનના ડાયરેક્ટર છે)








# દ્વારકામાં પ્રવાસન-શિક્ષણ-આરોગ્યનાં વિકાસકામોની ત્રિવેણી

રાજ્યનાં તમામ વિસ્તારોને વિકાસનાં મુખ્ય પ્રવાહમાં લાવવા માટે રાજ્ય સરકાર આયોજન અને વિકાસકાર્યો કરી રહી છે. કચ્છથી કપરાડા હોય કે જામનગરથી જાંબુઘોડા હોય, તમામ વિસ્તારનાં નાગરિકો સુધી વિકાસના લાભ પહોચતા થાય તે માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં રાજ્ય સરકાર કામ કરી રહી છે. તાજેતરમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જનસુવિધાના રૂ.૭૨ કરોડના વિવિધ પ્રકલ્પોની ભેટ આપતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજયનું કોઇ ક્ષેત્ર વિકાસથી વંચિત નહીં રહે, દ્વારકા નગરીનો ફરી સુવર્ણ યુગ આવશે. શ્રેણીબદ્ધ વિકાસકામો થકી ભવ્યતા ફરી પ્રસ્થાપિત થશે. રાજ્ય સરકારનો એક માત્ર મંત્ર છે વિકાસ. આ વિકાસના આધાર પર આવતી પેઢી પડકારો ઝીલતી થશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આરોગ્ય, શિક્ષણ, પાણી અને પ્રવાસનના રૂ.૭૨ કરોડના વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું હતું કે, કોરોના સંક્રમણ વચ્ચે પણ વિકાસને અટકવા દીધો નથી. રાજયમાં છેલ્લા ચાર મહિનામાં ૨૦ હજાર કરોડનાં ખાતમુહૂર્ત/-લોકાર્પણના કાર્યક્રમો યોજાયા છે. ગુજરાતના દરેક ખૂણે વિકાસ થઇ રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, દુનિયાના વિકાસશીલ દેશોમાં ડિસેલિનેશન પ્લાન્ટ કાર્યરત છે. ગુજરાત દેશમાં પ્રથમ બનશે જ્યાં આગામી સમયમાં ડિસેલિનેશન પ્લાન્ટ શરૂ કરાશે. આ પ્લાન્ટ થકી દરરોજના ૩૭ કરોડ લિટર ખારા પાણીને મીઠા પાણીમાં રૂપાંતર કરાશે. આ તકે મુખ્યમંત્રીશ્રીએ રાજય સરકાર દ્વારા લેવામાં આવેલા જનહિતના નિર્ણયો, કલ્યાણકારી યોજનાની માહિતી આપી હતી. તેમણે વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં ગુજરાતના ઘરે ઘરે નળ દ્વારા પાણી પહોંચશે, ૨૦૨૧ના અંતમાં સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ નર્મદા જળથી ભરાઇ જશે અને દુષ્કાળ ભૂતકાળ બની જશે તેમ ઉમેર્યું હતું.

પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયાએ જણાવ્યું હતું કે, રાજયનો છેવાડાનો માનવી સ્વચ્છ શુદ્ધ પાણી મેળવી શકે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. જૂની જૂથ યોજના સુધારીને નવી જૂથ યોજના દ્વારા અને સીવેજ વોટરને શુદ્ધ કરી તેનો પણ ઉપયોગ કરી શકાય તે માટે આ નિર્ણાયક સરકાર કામ કરી રહી છે. વળી આગામી સમયમાં ડિસેલિનેશન પ્લાન્ટ દ્વારા પણ દેવભૂમિ દ્વારકા જિલ્લાને મીઠું પાણી પૂરતી માત્રામાં મળશે.

જિલ્લા પ્રભારી અને પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડાએ જણાવ્યું હતું કે, શિવરાજપુર બીચને બ્લૂ ફ્લેગ સર્ટિફિકેટ મળ્યું છે એ આ આપણા સૌ માટે આનંદની બાબત છે. સાંસદ શ્રી



## ઓખા - બેટ દ્વારકા વચ્ચે બની રહેલા કેબલ સ્ટેઇડ સિગ્નેચર બ્રિજનું નિરીક્ષણ કરતાં CM

*મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઓખા અને બેટ- દ્વારકા વચ્ચે ભારતના સૌથી લાંબા કેબલ સ્ટેઈડ સિગ્નેચર બ્રિજના કાર્યનું હોવરક્રાફ્ટમાં બેસીને નિરીક્ષણ કર્યું હતું. બ્રિજની કુલ લંબાઈ ૨૩૨૦ મીટર રહેશે જેમાં કેબલ સ્ટેઈડ બ્રિજ ૯૦૦ મીટર રહેશે. જેમાં ચાર માર્ગીય પુલ તથા ૨.૫૦ મીટર પહોળી ફૂટપાથ બન્ને તરફ બનાવવામાં આવશે. ફૂટપાથ બનવાથી યાત્રિકો/ શ્રદ્ધાળુઓ સુરક્ષિત રીતે ચાલીને પણ ઓખાથી બેટ દ્વારકા જઈ શકશે. ફૂટપાથ ઉપર લગાવેલ સોલાર પેનલથી એક મેગાવોટ વીજળીનું ઉત્પાદન થશે. જેનાથી બ્રિજ ઉપરની સ્ટ્રીટલાઈટ પણ ઝળહળશે. માર્ચ ૨૦૧૮ થી શરૂ થયેલા બ્રિજનું કામ આગામી વર્ષ -૨૦૨૨માં પૂર્ણ થશે આ બ્રિજ બનવાથી ઓખા અને બેટ-દ્વારકા વચ્ચે આવાગમનનો સેતુ રચાશે. દ્વારકા ઐતિહાસિક સ્થળ હોવાથી શ્રદ્ધાળુ દ્વારકા તથા બેટ દ્વારકા દર્શન માટે આવતા હોય છે ત્યારે આ પુલનું નિર્માણ થવાથી દર્શનાર્થીઓ તથા સ્થાનિક રહીશોને આવાગમન માટે ખૂબ જ સરળતા રહેશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સાથે આ તકે જિલ્લા પ્રભારી અને પ્રવાસન મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડા, પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા તથા જામનગરના સાંસદ શ્રી પૂનમબેન માડમ પણ ઉપસ્થિત રહીને બ્રિજના ચાલુ કામનું નિરીક્ષણ કર્યું હતું.*

પુનમબહેન માડમે વડાપ્રધાન અને મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે, દ્વારકા જેવો છેવાડાનો જિલ્લો રાષ્ટ્રીય કક્ષાએ સ્થાન પામ્યો છે. શિવરાજપુર બીચને બ્લૂ ફ્લેગ સર્ટિફિકેટ મળતા આ ક્ષેત્રની વિશ્વસ્તરે ચર્ચા થઇ રહી છે. દેશ-વિદેશથી આવતા શ્રદ્ધાળુઓ, પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. પ્રવાસનને વેગ મળતા છેવાડાના વિસ્તારમાં રોજગારીની તકોમાં વધારો થશે

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય શ્રી પબુભા માણેક, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના ચેરમેન શ્રી મુળુભાઇ બેરા, ગ્રીમકોના ચેરમેન શ્રી મેઘજીભાઇ કણઝારિયા, પાણી પુરવઠા બોર્ડના ચેરમેન શ્રી ધનંજય દ્વિવેદી, જિલ્લા કલેક્ટર ડૉ. નરેન્દ્રકુમાર મીના ઉપસ્થિત રહ્યાં હતાં.

### ભીમગજા જૂથ પાણી યોજનાથી ૧.૩૪ લાખ લોકોને પાણીનો લાભ મળશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ દ્વારકા ખાતેથી જન સુવિધાના રૂા. ૭૨ કરોડનાં કામોનું લોકાર્પણ- ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં ભીમગજા જૂથ સુધારણા યોજનાનો પણ સમાવેશ થાય છે. આ યોજનાથી ૧.૩૪ લાખ લોકોને પીવાના પાણીની સુવિધાનો લાભ મળશે. સાની ડેમ આધારિત ભીમગજા જૂથ યોજના રૂા.૪૩.૨૬ કરોડના ખર્ચે નિર્માણ થશે. જલ સે નલ યોજના અંતર્ગત શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં લોકોને ઘરે-ઘરે નળ દ્વારા પાણી અપાશે.

આ જૂથ યોજનાથી ઓખામંડળ તાલુકાનાં ૧૯ ગામ અને એક શહેરને લાભ મળશે. ઉપરાંત પાણી પુરવઠા વિભાગ દ્વારા વર્તુ-૨ ઓગમેટેશનના રૂા.૭.૮૧ કરોડ અને દ્વારકા ભૂગર્ભ ગટર યોજના ભાગ-૨ રૂા.૬.૭૪ કરોડના ખર્ચે તૈયાર થનાર યોજનાનું મુખ્યમંત્રીશ્રીએ ડિજિટલ માધ્યમથી ખાતમુહૂર્ત કર્યું હતું.

### ૩૧ સબસેન્ટર અને ૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

દ્વારકા ખાતેથી ગ્રામીણ વિસ્તારની આરોગ્ય સુવિધાઓ સુદ્રઢ કરવા ૩૧ સબસેન્ટર અને ૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મુખ્યમંત્રીશ્રીએ લોકાર્પણ કર્યું હતું. ગ્રામીણ વિસ્તારના ૩૧ સબસેન્ટરનું રૂા. ૭૧૫ લાખના ખર્ચે નિર્માણ કરાયું છે. જયારે ટુપણી, ગઢકા, ભોગાત અને મોટા આસોટા એમ ૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું રૂા. ૪ કરોડના ખર્ચે બાંધકામ કરવામાં આવ્યું છે.

### જામ કલ્યાણપુરના વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યૂટર લેંગ્વેજ લેબ

જામ કલ્યાણપુર તાલુકા સ્થિત સરકારી વિનયન કોલેજના વિદ્યાર્થીઓના લાભાર્થે રૂા.૧૭ લાખના ખર્ચે આધુનિક કોમ્પ્યૂટર લેંગ્વેજ લેબ કાર્યરત કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા દ્વારકા ખાતે આ કોમ્પ્યૂટર લેંગ્વેજ લેબનું લોકાર્પણ કરાયું હતું. વિદ્યાર્થીઓ માટે લેંગ્વેજ લેબ ખૂબ ઉપયોગી પુરવાર થાય છે. ●

# પક્ષીઓ પ્રત્યેની સંવેદના : કરૂણા અભિયાન



ગુજરાતમાં મકરસંક્રાતિ દરમિયાન ઘાયલ પક્ષીઓના જીવ બચાવવા- જીવદયાને પ્રાધ્યાન્ય આપવા ૨૦૧૭થી વ્યાપક સ્વરૂપે કરૂણા અભિયાનનું આયોજન કરવામાં આવે છે. રાજ્યભરની જીવદયા સંસ્થાઓ આ કાર્યમાં મોટી સંખ્યામાં સહભાગી થાય છે. ઉત્તરાયણના તહેવારો દરમ્યાન પતંગ દોરા-પતંગથી ઘાયલ થતા પક્ષીઓના જીવ બચાવવાના કરૂણાસભર ભાવ સાથે રાજ્યવ્યાપી કરૂણા અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાં ૧૦ દિવસ સુધી સઘન રીતે હાથ ધરાઇ રહેલા આ અભિયાનમાં સહયોગી સંગઠનો અને રાજ્ય સરકારના વન, પશુપાલન સહિતના વિભાગોના કર્મયોગીઓ સાથે સંવેદનાસભર સંવાદ સાધી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વન વિભાગ દ્વારા સંચાલિત ઘાયલ પશુ-પક્ષી સારવાર કેન્દ્ર રેસ્કયુ સેન્ટરમાં ચાલી રહેલી પક્ષી સારવાર સુવિધાઓનું વિડીયો કોન્ફરન્સથી નિરીક્ષણ પણ આ કરૂણા અભિયાન અન્વયે કર્યુ હતું. તેમણે કરૂણા અભિયાનમાં સહભાગી થઇ રહેલી વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદારો તથા સંબંધિત વિભાગો સાથે ચર્ચા-વાર્તાલાપ કરીને જરૂરી સૂચનો પણ કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે કરૂણા અભિયાન દ્વારા સમગ્ર રાજયમાં અત્યાર સુધીમાં ૫૦ હજારથી વધુ અબોલ પક્ષી, પ્રાણીઓના જીવ આપણે બચાવી શકયા છીએ. વન વિભાગ, પશુપાલન વિભાગ, મહાનગરપાલિકા તંત્ર પણ આ અભિયાનમાં સક્રિયતાથી પશુપંખીઓના જીવ બચાવવાનું, ઘાયલ પક્ષી સારવારનું જીવદયા કાર્ય કરે છે તેની તેમણે પ્રસંશા કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતમાં કોવિડ-૧૯ અને છેલ્લા થોડાક દિવસથી પક્ષીઓમાં બર્ડ ફ્લુના પણ છૂટા છવાયા કેસ જોવા મળ્યા છે. આની સામે સાવચેતીના ભાગરૂપે ઘાયલ પક્ષીઓની સારવારમાં જોડાયેલા સૌ કોઇ રાજ્યની સરકારની SOPનો અમલ કરે તે જરૂરી છે. બર્ડ ફ્લુનો ચેપ બીજા પક્ષીમાં ન ફેલાય તેની કાળજી રાખવી પડશે તેવો મુખ્યમંત્રીશ્રીએ વિવિધ સંસ્થાઓને અનુરોધ પણ કર્યો હતો.

ગાંધીનગર ખાતે વન મંત્રી શ્રી ગણપતભાઇ વસાવા, પશુપાલન મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયા, પશુપાલન રાજ્યમંત્રી શ્રી બચુભાઇ ખાબડ, વન રાજ્ય મંત્રી શ્રી રમણલાલ પાટકર સહિત વન વિભાગનાં અધિકારીઓ તથા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાનાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા. ●





# રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ૬૬૦૦ જગ્યા પર ભરતી

ગુજરાત સરકારે છેલ્લા બે દાયકામાં હજારો યુવાનોને સરકારી સેવામાં જોડાવાનો અવસર આપ્યો છે. ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા લાવી રાજ્યના લાખો યુવાનોમાં સરકારી સેવામાં જોડાવાનો ઉત્સાહ જગાડ્યો છે. આ દિશામાં વધુ એક કદમ ઉઠાવતાં રાજ્ય સરકાર દ્વારા યુવાનોને ઉચ્ચ શિક્ષણ તેમજ ઉચ્ચત્તર-માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી ઘડતર માટે ૬૬૧૬ જેટલી નવી ભરતી કરવાનો નિર્ણય કરાયો છે.

રાજ્ય સરકારના આ મહત્ત્વપૂર્ણ નિર્ણય અંગે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી-નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વની વર્તમાન સરકારે યુવાનોને શૈક્ષણિક ક્ષેત્રે વ્યાપક રોજગાર આપવા સાથે શિક્ષણ સુવિધાઓનો વ્યાપ વિસ્તારવાના ઉદાત્ત ભાવથી આ નવી ભરતીનો નિર્ણય કર્યો છે. શિક્ષણ મંત્રીશ્રીએ આ નિર્ણયની વિસ્તૃત ભૂમિકા આપતાં જણાવ્યું હતું કે, રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં કેન્દ્રીયકૃત રીતે ૯૨૭ અધ્યાપક સહાયકોની ભરતી કરવામાં આવશે. આ ભરતી પૂર્ણ થતાં, રાજ્યની કોલેજોમાં વિવિધ ૪૪ જેટલા વિષયો માટે ૯૨૭ અધ્યાપક સહાયકો સેવાઓ મળતી થશે. શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું કે, અધ્યાપક સહાયકોની આ ભરતી માટે તા.૨૦ જાન્યુઆરી-૨૦૨૧ સુધી ઓનલાઇન અરજી કરવાની રહેશે તેમજ ભરતીની વધુ વિગતો www.rascheguj.in વેબસાઇટ પરથી ઉપલબ્ધ બની રહેશે.

આ સાથે રાજ્યની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કુલ ૫૭૦૦ શિક્ષણ સહાયકોની ભરતી રાજ્ય સરકાર કરશે. તદઅનુસાર, નવી બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૩૩૮૨ અને નવી બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ૨૩૦૭ શિક્ષણ સહાયકોની નિમણૂક કરવામાં આવશે.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહે મુખ્યમંત્રીશ્રીના દીર્ઘદૃષ્ટિપૂર્ણ આયોજનમાં સમગ્રતયા આ નવી ૬૬૧૬ જેટલી નવી જગ્યાઓ પર યુવા શિક્ષણ સહાયકો ઉપલબ્ધ થતાં શિક્ષણ ક્ષેત્રે કુશળ માનવબળ નવો વર્કફોર્સ રાજ્યના વિદ્યાર્થીઓના કારકીર્દી ઘડતરમાં યોગદાન આપશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. ●

## રાજકોટમાં માધાપર ચોકડી ખાતે અત્યાધુનિક બસ સ્ટેશન બનશે

સૌરાષ્ટ્રના આર્થિક-સામાજિક-વ્યાપારિક અને ઔદ્યોગિક ગતિવિધિઓના મુખ્ય કેન્દ્ર સમાન રાજકોટને ઉત્તરાયણ પર્વે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ અનોખી ભેટ રૂપે માધાપર ચોકડી પાસે નવા બસ સ્ટેશનના નિર્માણની મંજૂરી આપી છે. ગાંધીનગરમાં રાજ્ય મંત્રીમંડળની મળેલી કેબિનેટ બેઠકમાં બસ મથકના નિર્માણ માટે ટોકન ભાવે ૬૮૦૦ ચો.મીટર જમીન ફાળવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ નવું બસ સ્ટેશન સૌરાષ્ટ્રના જામનગર, દ્વારકા, જુનાગઢ અને પોરબંદર વગેરે જિલ્લાઓના લોકો-મુસાફરો માટે આશીર્વાદ રૂપ બનશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દૃષ્ટિવંત નેતૃત્વમાં રાજ્યના બસ મથકોનો આધુનિક કાયાકલ્પ કરીને બસ મથકોને એરપોર્ટ જેવી અદ્યતન સુવિધા સાથે પી.પી.પી. ધોરણે જનભાગીદારીથી બસ પોર્ટ તરીકે વિકસાવવાની પહેલ કરવામાં આવી છે. માધાપર ચોકડી ખાતે નિર્માણ થનારા નવા બસ સ્ટેશનમાં ૮ પ્લેટફોર્મ, પેસેન્જર વેઇટીંગ એરિયા, શોપિંગ કોમ્પ્લેક્ષ, સ્ટોલ્સ-કેન્ટીન, પીવાના પાણી, શૌચાલય તેમજ ડ્રાયવર-કંડકટર માટેના રેસ્ટ રૂમની સુવિધાઓ પણ હશે. રોજની અંદાજે ૩૦૦ જેટલી બસ ટ્રીપના આ બસમથક પર આવા-ગમનનો લાભ આશરે ૪૫૦૦થી વધુ પેસેન્જર્સને મળી રહેશે. ●

## તુવેર-ચણા-રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના ૬૯.૪૨ લાખ જેટલા NFSA અંત્યોદય પરિવારોના ૩.૩૭ કરોડ નાગરિકોને મકરસંક્રાંતિ-ઉત્તરાયણ અવસરે એક મહત્વપૂર્ણ ભેટ આપી છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય મંત્રીમંડળની મળેલી બેઠકમાં એવો સંવેદનાસ્પર્શી નિર્ણય કર્યો છે કે, રાજ્યના ૮.૧૧ લાખ અંત્યોદય કાર્ડધારક પરિવારો તેમજ ૬૧.૩૧ લાખ જેટલા અગ્રતા ધરાવતા રેશન કાર્ડધારક પરિવારોના મળી સમગ્રતયા ૩.૩૭ કરોડ લોકોને પરિવાર દીઠ એક કિલો ચણા વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. આ વિનામૂલ્યે ચણાનું આવા લાભાર્થી પરિવારોને ફેબ્રુઆરી માસના તેમના નિયમિત મળતા અનાજ સાથે વિતરણ કરાશે.

ખેડૂતોના તુવેર, ચણા, રાયડો જેવા ઉત્પાદનો પણ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા ટેકાના ભાવે ખરીદવાનો નિર્ણય મંત્રીમંડળની બેઠકમાં કર્યો છે.

અન્ન-નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઇ રાદડિયાએ જણાવ્યુ હતુ કે, રાજ્યમાં ૧૦૫ ખરીદ કેન્દ્રો પરથી રૂ. ૬ હજાર પ્રતિ ક્વિન્ટલના ભાવે તુવેરની ખરીદી સરકાર કરશે. આ ખરીદી માટેની નોંધણી ખેડૂતો VCE, APMC મારફત તા.૧૫ જાન્યુઆરીથી તા.૩૧ જાન્યુઆરી દરમ્યાન કરાવી શકશે. તુવેરની ખરીદી નક્કી કરેલા APMC કેન્દ્રો પરથી આગામી તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૧થી ૯૦ દિવસ એટલે કે ૧ મે-૨૦૨૧ સુધી કરવામાં આવશે. ●

# શરતફેરની મંજૂરી ઓનલાઇન કરવામાં આવી






મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ટેકનોલોજીના ઉપયોગ થકી નાગરિકો કર્મચારી સાથે સીધા સંપર્ક વિના સેવાઓ મેળવી શકે તે માટે મહેસૂલી સેવાઓને ઓનલાઈન કરી સરળ, ઝડપી અને પારદર્શી કરવામાં આવી છે. ખૂબ જ ટૂંકા ગાળામાં 24 જેટલી વિવિધ મહેસૂલી સેવાઓને iORA પોર્ટલ પર ઓનલાઈન કરી, 18 જેટલી સેવાઓનું ફેસલેસ પદ્ધતિથી અમલીકરણ થઈ રહ્યું છે. જેમાં વધુ એક સેવા ‘શુદ્ધબુદ્ધિ-પૂર્વકના વેચાણના કિસ્સામાં શરતફેરની મંજૂરી’ પણ ઓનલાઇન કરવાનો રાજ્ય સરકારે મહત્ત્વનો ખેડૂતલક્ષી નિર્ણય કર્યો છે એમ મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું.

મહેસૂલ મંત્રીશ્રી એ આ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે, જમીનોના વિવિધ પ્રકારના વહેવારો તથા વિવિધ પરવાનગી માટેની અરજીઓ જેવી કે ખેતીની જમીનની ખરીદી, શરતફેર અંગેની અરજી, બિનખેતીની અરજી વગેરે સમયે જરૂર જણાયે ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેતું હોય છે. ખેડૂત ખરાઈના કારણે વિવિધ અરજીઓમાં થતો વિલંબ ઘટાડવા તથા ખાતેદારોને થતી હાલાકી નિવારવાના આશયથી ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર મેળવવાની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવી છે. આ સેવા વધારે લોકાભિમુખ બનાવવાના આશયથી અરજદાર દ્વારા કરાયેલી અરજી બાબતે ક્ષતિ જણાય તો તેની પૂર્તતાનો વિકલ્પ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી, અરજદાર પૂર્તતા માટે પરત કરેલ અરજી સંદર્ભેની પૂર્તતા દિન-૭ માં કરે તો તેવા કિસ્સાઓમાં પૂર્તતા ધ્યાને લઈને અરજીનો નિર્ણય કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં ડિજિટલ ઇન્ડિયા લેન્ડ રેકર્ડઝ મોડર્નાઇઝેશન પ્રોગ્રામ (DILRMP) હેઠળ ખેતીની જમીનનું રિ-સર્વે કરી પ્રમોલગેશન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. રિ-સરવે રેકર્ડ પ્રમોલગેશન બાદ ક્ષતિ સુધારણા માટે ખેડૂતોને સરળતા રહે તે માટે સાદી અરજી દ્વારા વાંધા અરજી કરી સુધારો કરી આપવા સુપ્રિ.લે.રે.શ્રીને નિકાલ કરવાની સત્તા આપવામાં આવી છે. જે અરજી કરવાની મુદ્દત તા.31.12.2020 પૂર્ણ થયેલ હોઇ કોવિડ-19 મહામારીના કારણે રિ-સર્વે પ્રમોલગેશનમાં થયેલ ક્ષતિ સુધારવામાં હેરાનગતિ ન થાય તે હેતુથી અરજદારને રિ-સરવે પ્રમોલગેશન બાદની વાંધા અરજીઓ રજૂ કરવાની સમયમર્યાદાની મુદતમાં તા.31.03.2021 સુધી વધારો કરવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના “ડિજિટલ ઈન્ડિયા” અભિયાનને આગળ ધપાવતાં, મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળ, રાજ્ય સરકારે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને મહેસૂલ વિભાગની કામગીરી સરળ, ઝડપી, સિટીઝન સેન્ટ્રિક બને તે હેતુસર અનેકવિધ નવા આયામો હાથ ધર્યા છે. ●

# અમરેલીમાં નવા બગસરા પ્રાંતની રચના

અમરેલીના નાગરિકોને રાજ્ય સરકારની મહેસૂલી સેવાઓ સહિતની સેવા ત્વરિત અને નજીકના સ્થળેથી મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમરેલી જિલ્લામાં નવા બગસરા પ્રાંતની રચનાનો નિર્ણય કર્યો છે.

અત્યાર સુધી અત્યાર સુધી અમરેલી પ્રાંતમાં સમાવિષ્ટ બગસરા હવે નવો પ્રાંત બનશે. નવા બગસરા પ્રાંતના કાર્યક્ષેત્રમાં બગસરા અને વડિયા તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આગામી પ્રજાસત્તાક દિવસ તા.૨૬ જાન્યુઆરી-૨૦૨૧થી નવો બગસરા પ્રાંત કાર્યરત થશે

રાજ્યના મોટા ક્ષેત્રફળ ધરાવતા જિલ્લાઓમાં ભૌગોલિક અંતરના કારણે નાગરિકોને વહીવટી કામોમાં જિલ્લા મુખ્ય મથક પર આવવા જવા માટે સમય, શક્તિ તથા નાણાનો વ્યય ન થાય અને પ્રજાને ત્વરિત સેવા મળી રહે અને સાથો-સાથ વિકાસની પ્રક્રિયા ઝડપી બને તે માટે રાજ્ય સરકારે પ્રજાની સુખાકારી તથા વહીવટી અનુકૂળતા માટે વિકાસ પ્રક્રિયાના ભાગરૂપે રાજ્યમાં જિલ્લા-તાલુકા વિભાજન બાદ રાજ્યમાં પ્રાંત કચેરીઓની પુન:રચના કરેલી.

તદ્અનુસાર અમરેલી જિલ્લામાં વહીવટી સરળતા, કામગીરીનું ભારણ અને પ્રજાજનોને વિશેષ સગવડ મળી રહે તે હેતુથી બગસરા તાલુકાને અમરેલી પ્રાંતને બદલે નવો પ્રાંત બનાવવા બાબતે તથા વડિયા તાલુકાને નવા બગસરા પ્રાંત હેઠળ સમાવવા જિલ્લા તંત્રએ કરેલી દરખાસ્તનો મુખ્યમંત્રીશ્રીએ સ્વીકાર કરી આ નિર્ણય કર્યો છે. ●

# જામનગરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટ્સ મ્યૂઝિયમ બનશે

ગુજરાત તેમજ દેશ દુનિયાના યુવાનોને ખેલકુદ ક્ષેત્રે પ્રેરણા- પ્રોત્સાહન મળે તેવા હેતુથી રાજ્ય સરકારે સ્પોર્ટ્સ મ્યૂઝિયમ સ્થાપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જામનગરમાં ૩૬૦૦ ચો.મીટર વિસ્તારમાં રૂ. ૧૫ કરોડના ખર્ચે અત્યાધુનિક સ્પોર્ટ્સ મ્યૂઝિયમનું નિર્માણ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. જામનગરને ક્રિકેટ જગતમાં વિશ્વખ્યાતિ અપાવનારા શ્રી રણજિતસિંહજીનું નામ આ સ્પોર્ટ્સ મ્યૂઝિયમ સાથે જોડીને તેને શ્રી રણજિંતસિંહજી સ્પોર્ટ્સ મ્યૂઝિયમ તરીકેની આગવી ઓળખ અપાશે.




મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતુ કે, આ સ્પોર્ટ્સ મ્યૂઝિયમમાં ભારતની રમત-ગમત ક્ષેત્રની સ્વર્ણિમ ક્ષણો અતિ આધુનિક ટેકનોલોજી દ્વારા પ્રદર્શિત કરવામાં આવશે. આ સંગ્રહાલયમાં ગુજરાત અને દેશના રમતવીરોનો ગૌરવવંતો ઇતિહાસ તથા દેશ-રાજ્યમાં જન્મેલા નામાંકિત રમતવીરોની કારકિર્દી અને તેઓએ રમતોમાં મેળવેલ સિદ્ધિઓની પ્રદર્શની દ્વારા યુવાનોને રમત-ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સિદ્ધિ મેળવવા માટેની પ્રેરણા આપવાનો પ્રયાસ કરાશે.

શ્રી રણજિતસિંહજી સ્પોર્ટ્સ મ્યૂઝિમમાં આધુનિક ટેકનોલોજી જેમાં 3D Projection, Holography, Augmented Reality, Sensor Based Sound Mapping, Elegant & Attractive Lighting System વગેરે થી દેશના રમત-ગમમત ક્ષેત્રની ગૌરવગાથાની પ્રસ્તુતીથી હાલની પેઢીના યુવાનો રમત-ગમત પ્રવૃત્તિઓમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉત્તમ સિદ્ધિ મેળવવા માટે પ્રેરિત થશે. આ સ્પોર્ટ્સ મ્યૂઝિયમ એક આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રસિદ્ધ સંગ્રહાલય તરીકે આગવી ઓળખ ઊભી કરશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વ્યકત કર્યો હતો. ●

### યુનિસેફ અને માહિતી ખાતાના સંયુક્ત ઉપક્રમે

## કોરોના રસીકરણ અંગે "રેડિયો જોકીઝ" સાથે વાર્તાલાપ



કોવિડ-19ની મહામારી વચ્ચે કોરોના રોગની રસી લોકો માટે આશાનું કિરણ લઈને આવી છે. રસીકરણ ઝુંબેશના ભાગરૂપે ભારત અને ગુજરાત રાજ્યમાં પણ હવે કોવિડ-19 સામેની રસીનું આગમન થઇ ગયું છે.

આ પરિસ્થિતિમાં રસીકરણને લગતી સાચી અને વૈજ્ઞાનિક માહિતી, રસીકરણ અંગે લોકોમાં પ્રવર્તતા પ્રશ્નો અને ચિંતા, રસીકરણ કોનું અને શા માટે કરવામાં આવશે તેમજ રસીકરણ પછી શું તે અંગે રાજ્યમાં લોકપ્રિય બનેલા એફએમ રેડિયો સ્ટેશન્સના રેડિયો જોકીઝ સાથેનો સેન્સેટિઝેશન વાર્તાલાપ તાજેતરમાં યોજાઈ ગયો. આ રેડિયો પ્રોફેશનલ્સ વર્કશોપ રાજય સરકારના માહિતી વિભાગ, યુનિસેફ-ગુજરાત તથા પીડીપીયુના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરાયો હતો. જેમાં રેડિયો મિર્ચી, રેડિયો સિટી, રેડિયો વન, રેડ એફએમ, ટોપ એફએમ, માય એફએમ, રુડીનો રેડિયો (કમ્યુનિટી રેડિયો), ગુજરાત યુનિવર્સિટી રેડિયો, રેડિયો નઝરીયા, રેડિયો પ્રિઝનના લગભગ 18થી વધુ રેડિયો જોકીઝ અને રેડિયો પ્રોફેશનલ્સ જોડાયા હતા.

યુનિસેફ અને પીડીપીયુના માહિતી વિભાગ સાથેના આ નવતર અભિગમને બિરદાવતા માહિતી ખાતાના નિયામક શ્રી અશોક કાલરિયાએ જણાવ્યું હતું કે, રસીકરણ અંગે લોકોમાં સાચી માહિતી મળી રહે તેમજ રસીકરણ બાદ પણ લોકોમાં કોવિડ-19ને નાથવા માટેનો ઉચિત વ્યવહાર એટલે કે - સામાજિક અંતર રાખવું, સાબુથી વારંવાર હાથ ધોવા અને માસ્કનો ઉપયોગ સખતાઈથી જળવાઈ રહેવો જોઈએ. આ પ્રસંગે યુનિસેફના હેલ્થ ઓફિસર ડૉ.શ્રવણકુમાર ચેનજીએ રસીકરણ, તેનો સમયગાળો, રસીકરણ માટેની પ્રાથમિકતા ધરાવતા લોકો અને આ સંબંધે મૂંઝવતા પ્રશ્નો તથા સાચી માહિતી ક્યા સ્રોત મારફત મળી રહેશે તે અંગેની વિશદ છણાવટ કરી હતી. આ સંવાદમાં જાણીતા રેડિયો જોકીઝ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઓનલાઇન સંવાદમાં યુનિસેફ-ગુજરાતના કોમ્યુનિકેશન સ્પેશ્યાલિસ્ટ સુશ્રી મોઇરા દાવા, પીડીપીયુસીસીસી-પીડીપીયુના પ્રો. પ્રદીપ મલિક, માહિતી વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી સંજય કચોટ પણ જોડાયા હતા. ●

## નવી પ્રવાસન નીતિ ૨૦૨૧-૨૫ જાહેર કરતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી

# 'પ્રવાસન વૃદ્ધિ - પર્યાવરણ સમૃદ્ધિ'નો સમન્વય

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વૈશ્વિક વિકાસના રોલ મોડેલ બનેલા ગુજરાતની વિશ્વખ્યાતિમાં હવે નવો કીર્તિમાન 'ગ્લોબલ ચોઇસ ફોર ટૂરિઝમ' પ્રસ્થાપિત કરવાની નેમ સાથે નવી ગુજરાત પ્રવાસન નીતિ ૨૦૨૧-૨૫ની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ આ નવી પ્રવાસન નીતિ -૨૦૨૧-૨૫માં રાજ્યમાં પ્રવાસન વૃદ્ધિ સાથે પર્યાવરણ સમૃદ્ધિનો નવતર અભિગમ અપનાવ્યો છે. આ નવી પ્રવાસન નીતિ તા.૧ જાન્યુઆરી-૨૦૨૧ થી તા.૩૧ માર્ચ-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડા તેમજ રાજ્ય મંત્રી શ્રી વાસણભાઇ આહીરની ઉપસ્થિતિમાં ગુજરાત પ્રવાસન નીતિ -૨૦૨૧-૨૫ની મહત્વપૂર્ણ જાહેરાત ગાંધીનગરમાં કરી હતી. આ નવી પ્રવાસન નીતિમાં રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે નવાં રોકાણો અને સ્થાનિક સમુદાયો માટે રોજગાર અવસર ઊભા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ નવી પ્રવાસન નીતિનું લોંચિંગ કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, 'આત્મનિર્ભર ભારત'ના દષ્ટિકોણ સાથે આ નવી પ્રવાસન નીતિમાં આપણે ''વોકલ ફોર લોકલ'' સહિત સ્થાનિક રોજગારી અને સંતુલિત પ્રાદેશિક વિકાસની નેમ રાખી છે.

તેમણે આ સંદર્ભમાં વધુ વિગતો આપતાં ઉમેર્યુ કે, વિશ્વભરમાંથી ગુજરાત આવતા પ્રવાસીઓને શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડી પ્રવાસનો ઉત્તમ અનુભવ આપીને પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો કરવામાં આ પૉલિસી ઉપયુકત બનશે.



મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ભારતના પશ્ચિમ કાંઠે આવેલું ગુજરાત વૈવિધ્યસભર પ્રવાસન આકર્ષણો સાથે વિશ્વભરના પ્રવાસીઓને અદભુત અનુભવોની ભરપૂર તકો પૂરી પાડે છે. ગુજરાતમાં વન્યજીવોનાં અભયારણ્યો, હિલ રિસોર્ટ્સ, કુદરતી આકર્ષણો અને વૈશ્વિક માન્યતા પ્રાપ્ત હેરિટેજ સાઈટ્સ છે. આ ઉપરાંત, સદીઓ જૂનાં શિલ્પો, હસ્તકલા, કલાકૃતિઓ, મેળાઓ અને તહેવારો રાજ્યને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ બનાવે છે. આ સાથે, 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી', 'ગીર ફોરેસ્ટ' અને યુનેસ્કો (UNESCO) પ્રમાણિત ભારતનું સૌપ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ તેમજ સોમનાથ, દ્વારકા, અંબાજી જેવાં યાત્રાધામો અને ભરપૂર પ્રવાસન આકર્ષણો ગુજરાતની આગવી શાન છે.

આવી વિવિધ પ્રવાસન સમૃદ્ધિના કારણે છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગુજરાત આવતા પ્રવાસીઓની સંખ્યામાં જબરદસ્ત વધારો થયો છે. છેલ્લાં 9 વર્ષોમાં (2009-2018) પ્રવાસીઓની સંખ્યા 15% CAGRના દરે વધી છે, જે ભારતના કુલ પ્રવાસીઓની સંખ્યાના 12%ના વૃદ્ધિદરને પણ આંબી ગઈ છે. સ્થાનિક પ્રવાસીઓ મેળવવાની દષ્ટિએ ગુજરાત ટોચના 10 પ્રવાસન સ્થળોમાં સ્થાન ધરાવે છે.

આ માટે ઇન્ટરનેશનલ એરપોર્ટ્સ પર એક ડેડિકેટેડ ગુજરાત ટૂરિઝમ ડેસ્ક બનાવવામાં આવશે અને પ્રવાસીઓને ગુજરાત ટૂરિઝમ કાર્ડ્સ અથવા ઈ-વાઉચર્સ આપવામાં આવશે, તેની વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ગુજરાત ટૂરિઝમ પૉલિસી 2021-25 દ્વારા કેન્દ્ર સરકારના 'વોકલ ફોર લોકલ'ના ધ્યેયને પણ પ્રોત્સાહન આપીને ગુજરાતની કલા અને સંસ્કૃતિને પ્રદર્શિત કરતી અનોખી અને ઓછી એક્સપ્લોર થયેલી પ્રોડક્ટ્સનું પ્રમોશન કરવામાં આવશે. આ ઉપરાંત, ડિજિટલ મીડિયા મારફતે આવી પ્રોડક્ટ્સના માર્કેટિંગ અને પ્રમોશન માટે રાજ્ય સરકાર સ્ટેકહોલ્ડર્સને સહયોગ આપશે અને માર્કેટિંગ માટે ગુજરાત સ્ટેટ ટૂરિઝમ કોર્પોરેશનની વેબસાઈટનું પ્લેટફોર્મ પણ પૂરું પાડશે.

આ પૉલિસી અન્વયે રાજ્યમાં ટૂરિસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ વિકાસ કરવામાં આવશે. રાજ્યની મુલાકાતે આવતા પ્રવાસીઓને આરામદાયક સગવડો અને સેવાઓ આપવા હોટલ, કન્વેન્શન સેન્ટર્સ, વેસાઇડ એમિનિટિઝ તેમજ અન્ય પ્રવાસન સુવિધાઓ વિકસાવાશે.

આ સાથે સ્થાનિક રોજગારીની તકોમાં વધારો કરવાના હેતુથી રાજ્ય સરકાર હોટેલો, રિસોર્ટ્સ અને ટૂર ઓપરેટરોને ટૂરિસ્ટ ગાઇડ્સને નિયુક્ત કરવામાં સહયોગ કરશે.

આ ઉપરાંત, રાજ્યમાં કેરેવાન ટૂરિઝમને પ્રોત્સાહન આપવા, ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ ગ્રામ્ય મેળાઓ યોજવા માટે, હાઇ પ્રાયોરિટી ટૂરિઝમ સેન્ટર્સનો વિકાસ કરવા માટે, MICE ઈવેન્ટ્સ માટે ગુજરાતને પસંદગીનું સ્થળ બનાવવા માટે, એડવેન્ચર ટૂરિઝમ માટે યુવા પ્રવાસીઓને આકર્ષિત કરવા માટે તેમજ રાજ્યનાં વિવિધ નદી સરોવર ક્ષેત્રોમાં રિવર ક્રૂઝ ટૂરિઝમને પ્રોત્સાહન આપવા માટે કેપિટલ સબસિડીઓ અને અન્ય નાણાકીય સહાયતાઓ જાહેર કરવામાં આવી છે.

હોટલો, રિસોર્ટ્સ, કન્વેન્શન સેન્ટર્સ, વેલનેસ રિસોર્ટ્સ, થીમ પાર્ક અને અમ્યુઝમેન્ટ પાર્ક્સ, ટૂરિઝમ હોસ્પિટાલિટી અને ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ, ભૂંગા/કોટેજ/લોગ હટ તેમજ ટૂર ઓપરેટરો માટે પણ વિવિધ નાણાકીય પ્રોત્સાહનો આ પૉલિસીમાં જાહેર કરવામાં આવ્યાં છે.

**મુખ્યમંત્રીશ્રીએ જાહેર કરેલી નવી પ્રવાસન નીતિનાં મુખ્ય પ્રોત્સાહનો અને વિશેષતાઓ આ મુજબ છેઃ-**

- સસ્ટેનેબલ ટૂરિઝમને પ્રોત્સાહન આપવાનો અને પ્રદૂષણરહિત પ્રવાસન સ્થળ નિર્માણ કરવાનો ઉદ્દેશ.
- 15% કેપિટલ સબસિડી (મહત્તમ રૂ.2 લાખ) આપીને ઈ-વાહનોના ઉપયોગને પ્રોત્સાહન અપાશે.
- ઈ-વાહનો માટે પબ્લિક ચાર્જિંગ સ્ટેશન્સ વિકસિત કરવા ૨૫ ટકા કેપિટલ સબસિડી અપાશે.
- વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત સસ્ટેનેબિલિટી સર્ટિફિકેટ દ્વારા સસ્ટેનેબિલિટીની દિશામાં વધુ એક કદમ, આ માટે સર્ટિફિકેશન ફીના 50% રકમ રિઈમ્બર્સ કરવામાં આવશે
- ‘વોકલ ફોર લોકલ’ને પ્રોત્સાહન આપીને વિદેશી પ્રવાસીઓની સંખ્યા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરીને વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરવા માટે, ઈ-વાઉચર્સ અથવા ગુજરાત ટૂરિઝમ કાર્ડ દ્વારા ‘ગરવી ગુજરાત’માંથી ખરીદી કરવા પર મહત્તમ રૂ.20,000 સુધી ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવશે અને આ ઉપરાંત CoT(કમિશનર ઓફ ટૂરિઝમ) હેઠળ રજિસ્ટર થયેલી હોટલોમાં રોકાણ કરવા પર પણ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**વિશિષ્ટ પ્રવાસન પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન**

- 15% કેપિટલ સબસિડી (મહત્તમ રૂ.10 લાખ) દ્વારા કેરેવાન ટૂરિઝમને પ્રમોટ કરીને પ્રવાસનના વિશિષ્ટ સેગમેન્ટમાં સાહસ માટે પ્રેરિત કરાશે.
- 15% કેપિટલ સબસિડી (મહત્તમ રૂ.25 લાખ) દ્વારા ગુજરાતના વિશાળ જળસ્રોતોનો લાભ મેળવવા માટે રિવર ક્રૂઝ ટૂરિઝમને પ્રોત્સાહન અપાશે.
- સ્થાનિક સમુદાયો માટે રોજગારીની તકોનું સર્જન કરવું.
- 6 મહિનાના સમયગાળા માટે દર મહિને ગાઇડદીઠ રૂ.4000 સુધીની નાણાકીય સહાયતા પ્રદાન કરીને ટૂરિસ્ટ ગાઈડ્સ માટે રોજગારીની તકોનું નિર્માણ કરાશે.
- પ્રવાસન ક્ષેત્રને વેગ આપવા માટે ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિનો લાભ લેવો.
- પ્રત્યેક કાર્યક્રમ માટે વાર્ષિક રૂ.5 લાખ સુધીની નાણાકીય સહાયતાથી ગ્રામ્ય પ્રવાસન મેળાઓ આયોજિત કરીને ગુજરાતની દેશી સંસ્કૃતિ, નૃત્ય, હેન્ડલૂમ્સ, હસ્તકળા વગેરેને પ્રવાસીઓ સમક્ષ પ્રદર્શિત કરવામાં આવશે.
- પ્રવાસન ક્ષેત્રને વેગ આપવા માટે હાઈ પ્રાયોરિટી ટૂરિઝમ સેન્ટર્સ (ઉચ્ચ પ્રાથમિકતા ધરાવતા પ્રવાસન કેન્દ્રો)
- 20% કેપિટલ સબસિડી સાથે નિર્ધારિત કરેલા હાઈ પ્રાયોરિટી ટૂરિઝમ સેન્ટર્સ પર વિવિધ હોટલોની સ્થાપનાને પ્રોત્સાહન આપીને સંતુલિત પ્રાદેશિક વિકાસ સુનિશ્ચિત કરવામાં આવશે.
- MICE ઈવેન્ટ્સ માટે પસંદગીનું સ્થળ બનવાનો ગુજરાતનો લક્ષ્યાંક છે.
- રાજ્ય સરકાર દ્વારા 15% કેપિટલ સબસિડી અને લીઝ પર જમીન આપીને કન્વેન્શન સેન્ટર્સની સ્થાપના માટેની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને MICE સેક્ટરને ઉત્તેજન આપવું.
- મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષવા માટે અને રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યા વધારવા માટે, આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય MICE ઈવેન્ટ્સનું આયોજન કરવું અને આ માટે અનુક્રમે રૂ.5 લાખ સુધીની અને રૂ.2 લાખ સુધીની નાણાકીય સહાયતાઓ પ્રદાન કરાશે.
- વિશ્વભરના યુવા પ્રવાસીઓને આકર્ષિત કરવા માટે એડવેન્ચર ટૂરિઝમને પ્રોત્સાહન.
- એડવેન્ચર ટૂરિઝમ ઈક્વિપમેન્ટ્સ માટે 15% કેપિટલ સબસિડી (મહત્તમ રૂ.15 લાખ) પ્રદાન કરીને એડવેન્ચર ટૂરિઝમને પ્રોત્સાહન આપવામાં આવશે.

નવી પ્રવાસન નીતિ 2021-25 સાથે રાજ્યમાં દેશભરના તેમજ વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે અને સ્થાનિક રોજગારીની તકોમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ થશે.

આ પહેલાં રાજ્ય સરકારે પ્રવાસન નીતિ 2015-20 જાહેર કરી હતી અને આ નીતિના પ્રોત્સાહક પરિણામો પ્રાપ્ત થયાં હતાં. માર્ચ 2020માં આ નીતિનો ઓપરેટિવ સમયગાળો પૂર્ણ થયો છે. હવે રાજ્યમાં પ્રવાસનને વધુ વેગ આપવા ગુજરાત સરકારે નવી ટૂરિઝમ પૉલિસી 2021-25 જાહેર કરી છે. ●



# સ્વજનનાં અંગદાનથી અન્યને જીવનદાન આપતા રેખાબેન

અમિતસિંહ ચૌહાણ

શું મૃત્યુ પછી પણ જીવન શક્ય છે ખરૂં ? મૃત્યુ પછી અંગદાન કરી અન્યને જીવનદાન આપી સ્વજનને જીવંત કરી શકાય ? હા, અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં એક મહિલાએ તેના પતિનું અંગદાન કરી ત્રણ કુટુંબના સ્વજનોને નવું જીવન આપ્યું છે. આ હૃદયસ્પર્શી બનાવમાં સ્ટેટ ઑર્ગન ટિશ્યૂ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઇઝેશન (SOTTO) હેઠળ એક નિરક્ષર બહેને તેના બ્રેઇનડેડ પતિના અંગોનું ૩ દર્દીઓને દાન કર્યું છે. ગુજરાતની શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના સબળ નેતૃત્વ હેઠળની સંવેદનશીલ-નિર્ણાયક સરકારે સ્ટેટ ઑર્ગન ટિશ્યૂ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઇઝેશન (SOTTO) હેઠળ બ્રેઇનડેડ થયેલ દર્દીઓના અંગોનું દાન મેળવીને જરૂરિયાતમંદ દર્દીઓમાં તેનું પ્રત્યારોપણ કરાવીને તેમને ખુશહાલ જીવન પ્રદાન કરવાનો માનવ સેવાનો યજ્ઞ છેડ્યો છે અને હવે આ પ્રયાસોના સુંદર પરિણામ પણ મળવા લાગ્યા છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૦ દિવસમાં SOTTO અંતર્ગત બે વ્યક્તિના અંગદાનમાં સફળતા મળી છે. જેના થકી ૪ લોકોમાં અંગોનું પ્રત્યારોપણ થયું. કોઇ પણ વ્યક્તિના અંગોનું દાન મેળવતા પહેલા વિવિધ ટૅસ્ટની એક વૈજ્ઞાનિક પ્રક્રિયા કાર્ય બાદ જ અંગોનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે.

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતા ૪૮ વર્ષીય શૈલેષભાઇ પટેલનો 2જી જાન્યુઆરીના રોજ નરોડા પાસે અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં માથાના ભાગમાં ગંભીર ઇજા થતા શૈલેષભાઈ બ્રેઇન ડેડ થવાના કારણે મૃત્યુ પામ્યા હતા. ત્યારબાદ તેઓના પત્ની રેખાબહેન દ્વારા કરાયેલા નિર્ણયે સાબિત કરી દીધુ કે શિક્ષણ અને સમજણને સંબંધ નથી. શૈલેષભાઇના પત્ની રેખાબેન નિરક્ષર છે. તેમનું દસ વર્ષીય બાળક સ્પેશિયલ ચાઇલ્ડ છે. તેમજ એક દીકરી સાક્ષી ઘોરણ 10માં અભ્યાસ કરે છે. આવા કપરા સમય અને કપરી પરિસ્થિતિમાં પણ રેખાબહેને મક્કમતાથી કામ લીધું અને રાજ્ય સરકાર દ્વારા સંચાલિત SOTTO હેઠળ પતિના અંગોનું અંગદાન કરવા માટે સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા વિગતવાર સમજણ આપવામાં આવ્યા બાદ રેખાબહેને પતિના અંગોનું દાન કરવાનો માનવસેવાની મિસાલ સર્જનારો નિર્ણય લીધો હતો.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે નવનિર્મિત ઓપરેશન થિયેટરના રીટ્રાઇવ સેન્ટરમાં અંગદાનની સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. શૈલેષભાઇના અંગદાન થકી પોરબંદરના ૧૦ વર્ષીય બાળકને કિડની, અમદાવાદના બાવીસ વર્ષીય જરૂરિયાતમંદ દર્દીને કિડની અને સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના બાવન વર્ષીય અત્યંત જરૂરિયાતમંદ દર્દીને લીવરનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે. શૈલેષભાઇના શરીરના અંગોના પ્રત્યારોપણ કરીને આ ત્રણેય દર્દીને નવજીવન આપવામાં આવ્યું છે. શૈલેષભાઇની બે આંખોની અમદાવાદ મંજુશ્રી કંપાઉન્ડ સ્થિત આંખની હોસ્પિટલમાં સંગ્રહ રાખવામાં આવી છે. જરૂરિયાત પ્રમાણે તેની પણ પ્રત્યારોપણ કરવામાં આવશે. રેખાબહેનના આ ઉમદા નિર્ણયથી આવનારા સમયમાં આ ત્રણેય દર્દીઓની જીવનની ગુણવત્તામાં વધારો થશે. સિવિલ સુપ્રીન્ટેન્ડેટ ડૉ.જે.વી.મોદી કહે છે કે "સંવેદનશીલ રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિના સતત અને પ્રેરણારૂપ માર્ગદર્શન હેઠળ છેલ્લા ૧૦ દિવસમાં SOTTO અંતર્ગત અંગદાનની જવલંત સફળતા મળી છે. આજના આધુનિક સમયમાં ગુજરાતની સંવેદનશીલ સરકારના પ્રયાસોના લીધે અંગદાન હવે વધુ સરળ બન્યું છે તેવા સમયે હવે સમાજમાં અંગદાન પ્રત્યેની જાગૃતિ વધે તે આજની ઘડીની આવશ્યક્તા છે. ●

## કોવિડ સામે લોકરક્ષકની જવાબદારી નિભાવતા
# અમદાવાદ સિવિલના ૧૭૨૫ કોરોના યોદ્ધાઓ...



હિમાંશુ ઉપાધ્યાય

કોવિડ-૧૯ વાઈરસની મહામારીએ વિશ્વ આખાને ભરડામાં લીધું છે. આ રોગને નાથવા રાજ્ય પ્રશાસન સતત કાર્યરત છે. અમદાવાદની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં ૧૨૦૦ બેડની હોસ્પિટલને કોવિડ હોસ્પિટલમાં ફેરવવામાં આવી છે. આખા રાજ્યમાંથી અને કેટલાક કિસ્સાઓમાં રાજ્ય બહારથી પણ દર્દીઓને અહીં દાખલ કરાયા છે. આ દર્દીઓની સેવામાં ત્રણ પાળીમાં અંદાજે ૨૫૦થી વધુ ડૉક્ટર્સ, ૪૫૦ જેટલો નર્સિંગ સ્ટાફ તથા ૬૦૦ જેટલા સફાઈ કર્મીઓ મળી ૧૨૦૦ કર્મીઓ રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવે છે. આ ઉપરાંત પેશન્ટ એટેન્ડન્ટ, નર્સિંગ સ્ટુડન્ટ્સ, સિક્યુરિટી સ્ટાફ, બાયો મેડિકલ એંજિનિયર્સ, પી.આર.ઓ., કાઉન્સિલર્સ, એક્સ-રે એન્ડ લેબ ટેકનિશિયન્સ અને ડ્રાઈવર મળી કુલ ૧૭૨૫ યોદ્ધાઓ ખડેપગે અને અવિરત સેવા બજાવે છે.

આ હોસ્પિટલના સુચારુ સંચાલન અંગે હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. જે.પી.મોદી કહે છે કે, "કોરોનાનો પ્રથમ કેસ ૧૯મી માર્ચે નોંધાયો ત્યારથી અત્યાર સુધીના ૯ માસના સમયગાળામાં ઓ.પી.ડીમાં ૪૮,૦૪૪ અને આઈ.પી.ડી.માં ૧૯,૭૯૧ દર્દીઓને તપાસવામાં આવ્યા છે. જ્યારે અગાઉથી જ કોરોના પોઝિટિવ જણાયા હોય તેવા ૮,૩૬૭ દર્દીઓને અહીં સારવાર અપાઈ છે અને ૧૨,૯૪૭ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા છે. જ્યારે નોન કોવિડ થયેલા ૩,૦૭૬ દર્દીઓને આ હોસ્પિટલમાંથી સિવિલ હોસ્પિટલના નોન- કોવિડ વોર્ડમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે..."

૧૨૦૦ બેડની હોસ્પિટલમાં ઓક્સિજનની સુવિધા સહિત ૩૫૦ જેટલા વેન્ટિલેટર સહિતના બેડ અનામત રખાયા છે. આવા દર્દીઓ માટે ૨૩,૩૩,૩૭૭ ક્યુબિક મિ.મિ ઓક્સિજનનો વપરાશ થયો છે. જેની અંદાજિત કિંમત રૂ. ૭ કરોડ જેટલી થાય છે.

૧૨૦૦ બેડની હોસ્પિટલમાં અત્યાર સુધીમાં ૩૯,૧૮૯ લોકોના કોરોના ટેસ્ટ કરાયા છે જેમાંથી ૯,૪૪૪ લોકો પોઝિટિવ જ્યારે ૨૯,૭૪૫ લોકોના ટેસ્ટ નેગેટિવ આવ્યા છે. જ્યારે સિવિલ હોસ્પિટલમાં આવેલી બી.જે. મેડિકલ કોલેજમાં કાર્યરત લેબોરેટરીમાં કુલ ૧,૫૪,૭૯૯ લોકોના કોરોનાના ટેસ્ટ કરાયા છે તે પૈકી ૧૮,૮૪૧ પોઝિટિવ તથા ૧,૩૫,૯૫૮ લોકોના નેગેટિવ જણાયા છે.



અહીં ખાસ " ક્લીન રૂમ" કાર્યન્વિત કરાયો છે. જે પરિવારમાં માતા-પિતા બન્ને કોરોના પોઝિટિવ હોય અને તેમનાં નાનાં બાળકો હોય અને કોઈ રાખનાર કે સંભાળ લેનાર ન હોય તો તેવાં બાળકોને અહીંનો નર્સિંગ સ્ટાફ "માતા" બનીને સાચવે છે. આ બાળકો માટે ખાસ "એટેન્ડન્ટ" પણ રખાયા છે. કોઈ ખાસ કિસ્સામાં એક સગાને રક્ષાત્મક સાધનો સાથે દર્દી પાસે જવાની મંજૂરી અપાય છે.

કોરોનાગ્રસ્ત દર્દીઓને ડાયાલિસીસ અર્થે બહાર ન જવું પડે તે માટે ઈન-હાઉસ ડાયાલિસીસ સેન્ટર, ઈન-હાઉસ લેબ , સમગ્ર ભારતભરમાં શરૂ કરેલી પ્રથમ પ્લાઝમા બેંક, વયસ્ક દર્દીઓ માટે જીરિયાટ્રિક વોર્ડ, વોર રૂમની જેમ ૨૪ કલાક કાર્યરત કંટ્રોલરૂમ, હેલ્પ ડેસ્ક જેવી અનેક સ્વાસ્થ્ય સુવિધાઓ હોસ્પિટલમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ રોગનું સંક્રમણ ન વધે તે માટે પ્રશાસન સતત કાર્યરત છે. આરોગ્ય વિભાગ દ્વારા "કોરોના યોદ્ધા બનો-ઘરે રહો, સુરક્ષિત રહો" ના ધ્યેયમંત્ર સાથે આ યોદ્ધાઓ ફરજ બજાવે છે. સલામ છે તેમના ધ્યેય, ધૈર્ય અને સંવેદનાના ધબકારને. ●



## આઝાદીની અણમોલ વિરાસત જ્યાં સચવાયેલી છે એવું

# અરવલ્લીનું અનોખું ગામ મહાદેવગ્રામ

હરીશ પરમાર

વિશ્વના મહામાનવોની યાદી બનાવવામાં આવે તો તેમાં મહાત્મા ગાંધીનું નામ સર્વપ્રથમ આવે તેમાં બેમત નથી. અહિંસાથી ભારતભૂમિને ગુલામીની બેડીઓમાંથી મુક્તિ અપાવવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. ભારત જ નહીં સમગ્ર વિશ્વ તેમની વિચારધારાથી પ્રેરિત-પ્રોત્સાહિત છે ત્યારે ગાંધીજી જ નહીં, તેમની સાથે સંકળાયેલી વ્યક્તિ અને સ્થળોના માધ્યમથી તેમની વિચારધારાને આવનારી પેઢી સુધી પહોંચાડવા ગાંધી સર્કિટ તૈયાર કરવામાં આવી રહી છે.

રાજકોટનો કબા ગાંધીનો ડેલો, ગાંધીજીએ જ્યાં અભ્યાસ કર્યો એ આલ્ફ્રેડ હાઈસ્કૂલને મહાત્મા ગાંધી મ્યુઝિયમ તરીકે જાળવવામાં આવી રહ્યાં છે તો સરદાર સાહેબના વતન કરમસદના ઘરને તેમજ દાંડી સત્યાગ્રહની સ્મૃતિઓને પણ યાદગાર સ્થળો તરીકે સાચવવામાં આવ્યું છે.

તેવી જ રીતે અરવલ્લી મહાદેવગ્રામમાં હાથિયા ડુંગર પર પણ ગાંધી સર્કિટના ભાગરૂપે એક સ્થળને વિકસાવવામાં આવનાર છે. આ એવું સ્થળ છે જ્યાં પ્રકૃતિ અને ગાંધીઅધ્યાત્મનો સુમેળ સધાય છે. જેની નિશ્રામાં વ્યક્તિ મહામાનવનો પોતાનામાં આવિર્ભાવ થતો અનુભવી શકે છે. તેથી જ તેને પ્રકૃતિ અને ગાંધી સ્મૃતિને વાગોળવાનું એક ઉત્તમોત્તમ સ્થળ બની રહે તેમજ પ્રવાસન સ્થળ તરીકે પણ વિશ્વના નકશામાં સ્થાન પામે તેવી ઈચ્છાશક્તિ સાથે વિકસાવવાનું આયોજન છે.

અંગ્રેજોના શાસનકાળની ગુલામીમાંથી મુક્તિ મેળવી સમગ્ર દેશ આઝાદીના રંગે રંગાયેલો હતો. તેમાં આઝાદી મેળવવા દેશભક્તો એ શહીદી વ્હોરી હતી. જેમાં તે વખતે મહીકાંઠા અને બૃહદ સાબરકાંઠામાંથી અલગ પડેલા અરવલ્લી જિલ્લાના ક્રાંતિકારીઓનો મહામૂલો ફાળો હતો. ગાંધીવાદી વિચારધારાને વરેલા સત્યાગ્રહીઓ સમગ્ર દેશમાં ન હોય તેવી કાયમી સ્મૃતિ આ અરવલ્લી જિલ્લા સાથે સંકળાયેલી છે એવી આ અણમોલ વિરાસત એટલે પૂજ્ય બાપુનું અસ્થિસ્મારક. તત્કાલીન રાજ્યસભાના સાંસદ અને દેશના ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહે અરવલ્લી જિલ્લાને દત્તક લઇ વિકાસકાર્યો હાથ ધર્યાં હતાં. જેમાં ગાંધી સ્મૃતિ ઘાટને વિકસાવાનાં કાર્ય હાથ ધરાયાં છે.




અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક એવા મોડાસાથી ૧૦ કિમિ દૂર અને ગાંધીજીના અંગત મદદનીશ એવા મહાદેવભાઇ દેસાઇના નામ સાથે સંકળાયેલા એવા ગામનું નામ છે મહાદેવગ્રામ. આ જિલ્લાના સ્વાતંત્ર્ય સંગ્રામીઓની વાત કરીએ તો જયારે બાપુએ સમગ્ર દેશમાં સ્વદેશીની હાકલ કરી ત્યારે આ જ વિસ્તારના મથુરદાસ ગાંધી, નટવરલાલ ગાંધી, ચુનીલાલ ગાંધી, મોહનલાલ ગાંધી, પુરુષોતમદાસ શાહ અને રમણલાલ સોની સહિતના લોકોએ નોકરી-ધંધાને તિલાંજલિ આપી આઝાદીના યજ્ઞમાં આહુતિ આપવા આગળ આવ્યા.

પરંતુ આઝાદી મળ્યા બાદ ગાંધીજીના અસ્થિ અરવલ્લી કઇ રીતે આવ્યા તે પણ એક રસપ્રદ કહાની છે. જયારે બાપુ આ દુનિયામાં રહ્યા નથી તેવા સમાચાર મળતાં જ મોડાસાના સર્વોદયી કાર્યકર એવા ગૌરીશંકર જોષી, મનસુખ મિસ્ત્રી, લાભશંકર વ્યાસ ગાંધીબાપુના અંતિમ સંસ્કારમાં દિલ્હી પહોંચી ગયા અંતિમ વિધિ બાદ અસ્થિઓને રાજઘાટમાં જ રાખવાનો નિર્ણય કરાયો પરંતુ બાપુનો નાતો પહેલેથી મોડાસા સાથે રહ્યો હોવાથી સર્વોદયી કાર્યકરોએ અસ્થિ લઇ જવા માંગ કરી અને ત્યાંથી અસ્થિ કળશ લઇ મોડાસા આવ્યા, ગોપાળદાસ (દરબાર)ની આગેવાનીમાં અસ્થિકળશની શોભાયાત્રા કાઢવામાં આવી, આ પવિત્ર અસ્થિઓને મેશ્વો અને ઝૂમ્મર નદીના તટે હાથિયા ડુંગરની ટોચે સ્થાપના કરવામાં આવી.

આ સમાધિસ્થળ સાગ સહિતના વૃક્ષોથી આચ્છાદિત અને હાથી આકારની પર્વતશિલા હોવાથી હાથિયા ડુંગર તરીકે આ વિસ્તાર ઓળખાય છે. જયાં આઝાદી બાદ અહીં ગાંધીજયંતીએ સર્વોદય મેળો યોજાતો હતો. ●



# કોરોના મહામારી દરમિયાન
# ગુજરાત સરકારની શ્રેષ્ઠ કામગીરી

- કોવિડ-૧૯ નો પ્રથમ કેસ નોંધાયાના ગણતરીના દિવસોમાં ૨૨૦૦ બેડ્સની ક્ષમતા સાથે રાજ્યના ચાર મહાનગરોમાં ડેડિકેટિડ કોવિડ-૧૯ હોસ્પિટલોની સ્થાપના
- સારવાર માટે PPP મોડલ : ૫૦% બેડ્સને સરકારી ફંડ આપીને ખાનગી હોસ્પિટલોનું કોવિડ-૧૯ હોસ્પિટલમાં રૂપાંતર કર્યુઃ ગુજરાત સરકારના આ PPP મોડલની ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટે પણ કરી પ્રશંસા
- ડોર-ટુ-ડોર આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે ધન્વંતરિ આરોગ્ય રથની શરૂઆત
- WHO એ ધન્વંતરિ રથ મોડલની કરી પ્રશંસાઃ અન્ય દેશોને પણ આ મોડલને અનુસરવા કરી ભલામણ
- કોરોનાના તાત્કાલિક ટેસ્ટિંગ માટે ૧૦૪ અને માનસિક સારવાર માટે હેલ્પલાઈન ૧૧૦૦ની શરૂઆત કરી
- કોરોના સંક્રમણ પર કાબૂ મેળવવા માટે રાજ્યમાં ટ્રેસિંગ, ટેસ્ટિંગ અને ટ્રીટમેન્ટની 3T સ્ટ્રેટેજીનો અમલ
- કોરોનાગ્રસ્ત દર્દીઓને ત્વરિત સારવાર ઉપલબ્ધ કરવા માટે રાજ્યમાં ૩ ટિયર સ્ટ્રેટેજીનો અમલ, જે
  - અંતર્ગત અતિગંભીર દર્દીઓની સારવાર માટે ડેડિકેટેડ કોવિડ હાસ્પિટલ (DCH),
  - મધ્યમથી ગંભીર લક્ષણોવાળા દર્દીઓ માટે ડેડિકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર્સ (DCHC) અને
  - સાધારણ લક્ષણોવાળા દર્દીઓ માટે ડેડિકેટેડ કોવિડ કેર સેન્ટર્સ (DCCC)ની સ્થાપના
- વિદેશો કે દેશનાં અન્ય રાજ્યોમાંથી ગુજરાત આવતા લોકો માટે નિઃશુલ્ક ઈન્સ્ટિટ્યૂશનલ ક્વોરન્ટાઈનની સુવિધા ઉપલબ્ધ
- ડ્યૂટી દરમિયાન કોરોના લાગુ થઈ જવાને કારણે મૃત્યુ પામનાર કોરોના વોરિયર્સના પરિવારજનોને રાજ્ય સરકાર તરફથી રૂ. ૨૫ લાખની આર્થિક સહાય
- રેમડેસિવીર અને ટોસિલિઝુમેબ જેવા મોંઘાં ઈન્જેક્શન નિઃશુલ્ક આપી હજારો લોકોના જીવ બચાવાયા
- **રાજ્યમાં વેક્સિન વિતરણની તમામ વ્યવસ્થાઓ પૂરી કરવામાં આવી**

## કોરોના સામેની લડાઈ ગુજરાત કટિબદ્ધતાથી લડી રહ્યું છે

- કોરોનાના દર્દીઓ માટે રાજ્યમાં સરકારી અને ખાનગી મળીને કુલ ૫૫,૫૫૯ બેડ્સ ઉપલબ્ધ
- અત્યાર સુધી ૧ કરોડથી વધુ ટેસ્ટ કરવામાં આવ્યાં
- કુલ ૧,૩૫૦ ધન્વંતરિ રથ કાર્યરત, જેના દ્વારા ૨.૫ કરોડથી વધુ OPD કરવામાં આવી
- રાજ્યમાં ૩૧૭ DCH, ૧૦૨ DCHC અને ૩૨૦ DCCC કાર્યરત
- રાજ્યનો રિકવરી રેટ ૯૬%

**ગુજરાતને છે વિશ્વાસ,**
**હારશે કોરોના,**
**જીતશે ગુજરાત...**

નિર્ણાયક નેતા,
મજબૂત સરકાર






R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10, LPWP No. PMG/HQ/061/2018-20 Valid upto 31/12/2020 • Licensed to Post without Prepayment At Post : MBC, Gandhinagar/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Ashok Kalariya (Director of Information) on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦